આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૯૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## દમણમાં ઉત્પાદિત 'ઘી'માં વનસ્પતિ ચરબી !

### FSSAI ની કડક કાર્યવાહી

### શ્રદ્ધા, શ્રી સરસ અને ગોકુલ સહિત વિવિધ બ્રાન્ડ હેઠળ SDP ઈન્ડસ્ટ્રીઝના ઘીના તમામ પ્રકારો પર આગામી આદેશ સુધી -તિબંધ : પરીક્ષણોમાં વનસ્પતિ ચરબી હોવાનું જણાય છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**દમણ, તા. ૨૧ :** ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ કથિત ખાદ્ય ભેળસેળ બદલ દમણમાં સ્થિત SDP ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ, રિંગણવાડા સામે મોટી કાર્યવાહી કરી છે. FSSAI એ કંપનીના અધિકૃત પરિસરમાંથી ઉત્પાદિત, સંગ્રહિત અથવા વેચાતા તમામ ઘીના પ્રકારોના વેચાણ પર તાત્કાલિક અસરથી આગામી આદેશ સુધી પ્રતિબંધ મૂક્યો છે. આમાં શ્રદ્ધા, શ્રી સરસ અને ગોકુલ સહિત વિવિધ બ્રાન્ડ હેઠળ ઘીનો સમાવેશ થાય છે.






આ કાર્યવાહી ૧૯ મે, ૨૦૨૬ ના રોજ હાથ ધરવામાં આવેલા નિરીક્ષણ અને નમૂનાને અનુસરીને કરવામાં આવી હતી. તપાસ દરમિયાન, કંપની દ્વારા ઉત્પાદિત ઘીના ઘણા નમૂનાઓ નિર્ધારિત ખાદ્ય ધોરણોનું પાલન કરતા ન હોવાનું જાણવા મળ્યું. પ્રયોગશાળા પરીક્ષણોમાં બીટા-સિટોસ્ટેરોલ, એક વનસ્પતિ સ્ટેરોલની હાજરી બહાર આવી જે શુદ્ધ ઘીમાં હાજર ન હોવી જોઈએ. વધુમાં, ઘીનું ફેટી એસિડ પ્રોફાઈલ પણ નિર્ધારિત ધોરણોને પૂર્ણ કરતું નથી. આ તારણોમાં ઘીમાં વિદેશી અથવા વનસ્પતિ ચરબીની હાજરીનો સંકેત મળ્યો હતો.

જલ્લ્ખ્ત અનુસાર, આ કાર્યવાહી એક જ બેચ અથવા ઘટના સુધી મર્યાદિત નથી. કંપનીના ઘી ઉત્પાદનોમાં માનક ઉલ્લંઘનના અગાઉના કિસ્સાઓ નોંધાયા છે. ૨૦૨૪ અને જાન્યુઆરી ૨૦૨૬ માં લેવામાં આવેલા અમલીકરણ અને દેખરેખના નમૂનાઓમાં બીટા-સિટોસ્ટેરોલ, ફેટી એસિડ પ્રોફાઈલ, BR રીડિંગ, RM મૂલ્ય, સેપોનિફિકેશન મૂલ્ય અને પોલેન્સ્કે મૂલ્ય જેવા મુખ્ય પરિમાણોમાં ખામીઓ પણ બહાર આવી હતી. ઘી હલકી ગુણવત્તાનું હોવાનું જાણવા મળતાં કંપનીએ અગાઉ ન્યાયિક કાર્યવાહીનો સામનો કરવો પડ્યો છે. ૧૮ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજના ચુકાદામાં હલકી ગુણવત્તાવાળા ઘી સંબંધિત કેસમાં દંડ લાદવામાં આવ્યો હતો. ત્યારબાદ, અગાઉના પ્રતિકૂળ તારણોના આધારે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટની કલમ ૬૪ હેઠળ બીજા કેસમાં કાર્યવાહી કરવામાં આવી હતી, અને ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ દંડ પણ લાદવામાં આવ્યો હતો.વર્તમાન કેસમાં, કંપનીએ પ્રારંભિક પ્રયોગશાળા પરીક્ષણના તારણોને અપીલ કરવાનો તેનો કાનૂની અધિકારનો ઉપયોગ કર્યો હતો. ત્યારબાદ સંબંધિત નમૂનાઓને ફરીથી પરીક્ષણ માટે રેફરલ ફૂડ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. ઓગસ્ટ ૨૦૨૬ માં મળેલા રેફરલ લેબોરેટરી રિપોર્ટમાં પણ પુષ્ટિ મળી હતી કે પરીક્ષણ કરાયેલા નમૂનાઓ નિર્ધારિત ધોરણોને પૂર્ણ કરતા નથી. જુદા જુદા સમયે અને વિવિધ પ્રકારોમાં લેવામાં આવેલા નમૂનાઓમાં જોવા મળેલી અનિયમિતતાઓને ધ્યાનમાં લેતા, ફૂડ સેફટી ઓથોરિટીએ આ કેસને એક જ બેચ અથવા ઉત્પાદન સુધી મર્યાદિત માન્યું ન હતું. પરિણામે, કંપનીના પરિસરમાંથી ઉત્પાદિત, સંગ્રહિત અથવા વેચાણ માટે ઓફર કરાયેલ ઘીના તમામ પ્રકારો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, પછી ભલે તે બ્રાન્ડ, ઉત્પાદન નામ, પ્રકાર, બેચ અથવા લોટ હોય. આ કાર્યવાહી ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ ની કલમ ૩૬(૩)(b) અને સંબંધિત ફૂડ સેફટી નિયમો હેઠળ લેવામાં આવી છે. FSSAI એ સ્પષ્ટતા કરી છે કે પ્રતિબંધિત ઘી ઉત્પાદનોને તાત્કાલિક અસરથી બજારમાં વેચાણ અથવા ઉપલબ્ધતા પર પ્રતિબંધ રહેશે, જ્યાં સુધી આ સંદર્ભે આગળનો આદેશ જારી ન થાય.

### વલસાડ જિલ્લાની આંતરરાજય સરહદ પર

## દારૂની હેરફેર પર પોલીસનો જાપ્તો

### ભાવનગરના લઠ્ઠાકાંડમાં ૯ લોકોના મોત બાદ મહારાષ્ટ્ર અને દમણને જોડતી ચેકપોસ્ટ પર પોલીસ એલર્ટ, શંકાસ્પદ વાહનોનું ચેકીંગ શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** ભાવનગરમાં ઝેરી દારૂ પીવાથી સર્જાયેલા લઠ્ઠાકાંડમાં મૃત્યુઆંક ૯ પર પહોંચ્યો છે અને ૩૯ થી વધુ લોકો હજુ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ત્યારે સફાળા જાગેલા પોલીસ તંત્ર દ્વારા સંઘ પ્રદેશ દમણ અને દાનહ તથા સેલવાને જોડતી તમામ ચેકપોસ્ટ ઉપર સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે.

ભાવનગર લઠ્ઠાકાંડના પડઘા બાદ વલસાડ જિલ્લા પોલીસ પણ એક્શનમાં આવી છે. વલસાડ જિલ્લો મહારાષ્ટ્ર અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરાનગર હવેલીની બોર્ડર સાથે જોડાયેલો હોવાથી અહીંથી મોટા પ્રમાણમાં દારૂની હેરાફેરી થતી હોય છે. આથી વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચનાથી વાપી કચીગામ, ડાભેલ,દાદરા ચેકપોસ્ટ, ભીલાડ, કપરાડા, પારડી,ઉદવાડા ઉમરગામ, ધરમપુર સહિતની તમામ બોર્ડર ચેકપોસ્ટ પર સઘન ચેકીંગ શરૂ કરાયું છે. બહારથી આવતા ટેમ્પો, ટ્રક, ખાનગી કાર અને લક્ઝરી બસોમાં ખાસ ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. કોઈપણ શંકાસ્પદ દારૂનો જથ્થો જિલ્લામાં પ્રવેશે નહીં તે માટે પોલીસે વોચ ગોઠવી છે. એટલુજ નહીં પણ વાપી સહિત જિલ્લામાં જ્યાં પણ ગેરકાયદે દારૂના અડ્ડા ચાલતા હતાં તે પણ બંધ થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. વાપી, ઉદવાડા, પારડી વલસાડ, જેવાં રેલવે સ્ટેશનો ઉપર જીઆરપી અને સ્થાનિક પોલીસ દ્વારા ગઈ કાલ રાત થી પેટ્રોલિંગ કરી દારૂની ખેપ ઉપર નજર રાખવામાં આવી રહી છે.

## વાપીમાં રેંકડી પર કટિંગ ચા બંધ

### તહેવારો પહેલા મોંઘવારીનો માર : એક સપ્તાહમાં ખાંડના ભાવમાં રૂ. ૨૪ નો ઉછાળો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** તહેવારોની સીઝનમાં સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો પર મોંઘવારીનો કોરડો વીંઝાયો છે. છેલ્લા એક સપ્તાહમાં ખાંડનો ભાવ ૪૬ રૂપિયા પ્રતિ કિલોથી વધીને સીધો ૭૦ રૂપિયા પ્રતિ કિલો થઈ જતા લોકોમાં રોષ ફેલાયો છે.

ખાંડના ભાવમાં આ અસામાન્ય વધારાની સીધી અસર વાપી પંથકની ચાની રેકડીઓ પર પડી છે. ખાંડ મોંઘી થતા ચાનો ખર્ચ ન પરવડતા અનેક લારી-ગલ્લાવાળાઓએ કટિંગ ચા વેચવાનું જ બંધ કરી દીધું છે. ૫ રૂપિયામાં કટિંગ ચા પહેલાં અપાતા હતાં હવે સીધી ૧૦ રૂપિયા થઈ ગયા છે. ખાંડ જ નહીં, તહેવારોમાં વપરાતા સિંગતેલ સહિતના ખાદ્ય તેલના ભાવમાં પણ લિટરે ૨૫ થી ૩૦ રૂપિયાનો વધારો થયો છે. ગણેશ ઉત્સવ, જન્માષ્ટમી અને ઈદે મિલાદ જેવા તહેવારો ટાણે જ જીવનજરૂરી ચીજોના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. આગામી તહેવારોમાં સામાન્ય પરિવારને મીઠાઈ અને ફરસાણ બનાવવું કે ખરીદવું પણ મોંઘું પડશે.

### 'આધ્યાત્મિકતા અને આધુનિક વિજ્ઞાનના સમન્વય સાથેની જીવનશૈલી' વિષયે

## વાપીમાં સ્પંદન દ્વારા રવિવારે પરિસંવાદ યોજાશે







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપીની જાણીતી કલા સંસ્થા સ્પંદન તરફથી તારીખ ૨૩ ઓગષ્ટ, ૨૦૨૬ ના રોજ સાંજે ૪ કલાકે, રજ્જુભાઈ શ્રોફ ઓડિટોરિયમ, નામધા ખાતે 'આધ્યાત્મિકતા અને આધુનિક વિજ્ઞાન ના સમન્વય સાથેની જીવનશૈલી' પર એક પરિ સંવાદનું આયોજન કરવામાં આવેલ છે જેમાં આર્ષ વિદ્યા મંદિર ના સંસ્થાપક, હિન્દુ ધર્મસભાના સંયોજક તેમજ મહાસચિવ તથા આચાર્ય સભા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી આચાર્યશ્રી પરમ પૂજ્ય સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી, બરૂમાળ ભાવ - ભાવેશ્વર મંદિરના સંસ્થાપક પૂજ્ય સ્વામી શ્રી વિદ્યાનંદ સરસ્વતીજી તથા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ આચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી ગોવિંદાચાર્યજી મહારાજ શ્રી પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાનો સુયોગ સાંપડશે. આ કાર્યક્રમમાં મોડરેટર તરીકે રાજકોટના જાણીતા દૈનિક ફૂલછાબના તંત્રી જવલંત છાયા સંચાલન સંભાળશે. વાપીમાં આ પ્રકારનો કાર્યક્રમ પહેલીવાર જ યોજાઈ રહ્યો છે ત્યારે સ્પંદન તરફથી રસ ધરાવનારા સર્વેને આ કાર્યક્રમમાં સહભાગી થવા અનુરોધ કરાયો છે.



નવસારીને જળબંબાકારથી બચાવવા હાઈડ્રોલોજિકલ સર્વે બાદ

# પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીઓને ઊંડી કરવા કલેક્ટરને રજુઆત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૧ :** નવસારી શહેર અને આસપાસના વિસ્તારોને દર ચોમાસે સર્જાતી વિનાશક પૂરની પરિસ્થિતિમાંથી કાયમી મુક્તિ અપાવવા માટે ગુરુવારે જાગૃત નાગરિકો અને પર્યાવરણ પ્રેમીઓ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. રજૂઆતમાં નવસારીની જીવાદોરી સમાન પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીઓની જળવહન ક્ષમતા વધારવા માટે કોઈપણ મનસ્વી પદ્ધતિને બદલે સરકારની દેખરેખ હેઠળ નિષ્ણાતો દ્વારા સંપૂર્ણ હાઈડ્રોલોજિકલ અને હાઈડ્રોલિક સર્વે કરાવીને જ વૈજ્ઞાનિક ઢબે ડ્રેજિંગ અને ડીસિલ્ટિંગ કરવાની માંગ કરવામાં આવી હતી. આ પ્રસંગે સ્થાનિક સરપંચે અગાઉ થયેલા ડ્રેજિંગના ફાયદા જણાવ્યા હતા, જ્યારે વેરાવળના ખેડૂત રાજુભાઈ પટેલે પૂરના પાણીથી જમીન ધોવાણની ગંભીર વ્યથા રજૂ કરી હતી. પર્યાવરણ પ્રેમીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે માત્ર નદી ઊંડી કરવાથી પૂર અટકશે નહીં,પુલ, કોઝવે જેવા બોટલનેક્સ અને કુદરતી કાંસ - કોતરોના અવરોધો દૂર કરવા માટે 'હાઈડ્રોલિક મોડેલિંગ' અને 'ફ્લડ કન્વેયન્સ સ્ટડી' અનિવાર્ય છે. આ કામગીરી દરમિયાન નદી કાંઠાની સ્થિરતા અને જળચર જીવસૃષ્ટિને નુકસાન ન થાય તે રીતે પૂર નિયંત્રણ અને પર્યાવરણ સંરક્ષણ વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે. આ રજૂઆત કોઈપણ વ્યક્તિ કે પક્ષ વિરુદ્ધ નહીં પરંતુ નવસારીના નાગરિકો, ખેડૂતો અને ભાવિ પેઢીના વ્યાપક હિત તથા સલામતી માટે કરવામાં આવેલી એક જનહિતની પહેલ છે.

# ગણદેવીના દિવંગત નિખિલ પટેલને 'UT સ્વાભિમાન એવોર્ડ-૨૦૨૬' એનાયત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૧ :** નવસારી જિલ્લાના ગણદેવીના ૩૭ વર્ષીય સાહસવીર અને દિવ્યાંગ અલ્ટ્રા સાયકલિસ્ટ એસ.આર. નિખિલ ભીખુભાઈ પટેલને વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ યોગદાન બદલ પ્રતિષ્ઠિત 6UT સ્વાભિમાન એવોર્ડ-૨૦૨૬'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

દાદરા અને નગર હવેલી સ્થિત ISO પ્રમાણિત UT Charitable Trust દ્વારા આયોજિત આ સન્માન માટે કુલ ૪૩૨ એન્ટ્રીઓમાંથી માત્ર ૨૨ વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી હતી, જેમાં ગણદેવીના નિખિલ પટેલનો સમાવેશ થયો હતો.



સેલવાસના કલા કેન્દ્ર ખાતે તા. ૨૧ જૂન, ૨૦૨૬ના રોજ યોજાયેલા એક ભવ્ય સન્માન સમારોહમાં શ્રી નિખિલ પટેલને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. સમારોહમાં અમદાવાદના ચીફ GST કમિશનર તથા સુરતના ડેપ્યુટી કમિશનર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના મુખ્ય કાર્યકર શ્રી પ્રદીપ મિશ્રાના હસ્તે નિખિલ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, દિવ્યાંગતા હોવા છતાં શ્રી પટેલે પોતાની અદમ્ય ઈચ્છાશક્તિ, આત્મવિશ્વાસ અને સાહસના બળે છેલ્લા ત્રણ વર્ષમાં ૩૨૮ દિવસ સાયકલ ચલાવી કુલ ૨૧,૭૧૩ કિલોમીટરનું અંતર કાપ્યું છે. તેઓ ગણદેવી રનર્સ એન્ડ રાઈડર્સ ગ્રુપના સક્રિય સભ્ય છે. પટેલે ૨૦૦ કિ.મી.ની રાઈડ ૧૦ કલાક ૦૯ મિનિટ, ૩૦૦ કિ.મી. ૧૫ કલાક ૧૬ મિનિટ, ૪૦૦ કિ.મી. ૨૧ કલાક ૩૦ મિનિટ અને ૬૦૦ કિ.મી.ની લાંબી રાઈડ ૩૯ કલાક ૧૫ મિનિટમાં પૂર્ણ કરી પોતાની અસાધારણ સહનશક્તિનો પરિચય આપ્યો છે. શ્રી નિખિલ પટેલે મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ અને બેંગ્લોર સહિતના વિવિધ શહેરોમાં યોજાયેલી સાયકલિંગ સ્પર્ધાઓમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું છે. સુરતમાં યોજાયેલી સાયકલિંગ સ્પર્ધાઓમાં તેઓ પાંચ વખત પ્રથમ સ્થાન મેળવી ચૂક્યા છે. તેમજ નોઈડા ખાતે યોજાયેલી HCL Cyclothonમાં ૬૦ કિ.મી.નું અંતર માત્ર ૧ કલાક ૫૯ મિનિટમાં પૂર્ણ કર્યું હતું. વર્ષ ૨૦૨૫માં તેમણે ગણદેવીથી અંબાજી સુધીની આશરે ૫૦૦ કિ.મી.ની સાયકલ યાત્રા ૨૫ કલાકમાં તથા ગણદેવીથી સાળંગપુર સુધીની ૪૨૫ કિ.મી.ની સાયકલ યાત્રા ૨૩ કલાક ૬ મિનિટમાં પૂર્ણ કરી હતી. આ ઉપરાંત વિવિધ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને તેમણે ગણદેવી અને ગુજરાતનું નામ રોશન કર્યું છે.

# પરિયાના બે વિદ્યાર્થીઓ એગ્રીકલ્ચરની રાજ્ય કક્ષાની એન્ટ્રસમાં પ્રથમ અને ત્રીજા ક્રમે આવી




**વાપી, તા.૨૧ :** ગુજરાત સ્ટેટ એગ્રીકલ્ચર યુનિવર્સિટી કોમન એડમીશનમાં ડિપ્લોમાંથી ડિગ્રીની સ્પર્ધાત્મક પરીક્ષા તા.૦૭/૦૮/૨૦૨૬ના રોજ યોજાયેલ હતી. જેનું પરિણામ તા.૧૦/૦૮/૨૦૨૬ના રોજ આવતા, બાગાયત પોલીટેકનીક, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી, પરીયાના વિદ્યાર્થી પ્રજાપતી ક્રિશિવકુમાર નિમિશકુમાર આખા ગુજરાતમાં મેરીટમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે, તથા આજ કોલેજની વિદ્યાર્થીની પટેલ સ્તુતિ પ્રકાશભાઈએ ત્રીજો ક્રમાંક મેળવેલ છે. આ બન્ને વિદ્યાર્થીઓ એ પોતાની સખત મહેનત અને સતત પ્રયત્નોના પરિણામે બાગાયત પોલીટેકનીક, નવસારી કૃષિ યુનિવર્સિટી, પરીયાનું નામ રોશન કર્યુ. આ કોલેજના વિદ્યાર્થીઓએ ડિપ્લોમાંથી કુલ ૧૪ વિદ્યાર્થીઓએ ડિગ્રીમાં પ્રવેશ મેળવ્યો છે. આ ૧૪ વિદ્યાર્થીઓમાંથી કુલ ૧૧ વિદ્યાર્થીનીઓ અને ૩ વિદ્યાર્થીઓ છે. કોલેજના આચાર્ય અને દરેક સ્ટાફ ગણે વિદ્યાર્થીઓની ઉજ્જવળ કરકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# વલસાડમાં રેલવે દ્વારા સિગ્નલ અપગ્રેડેશનના કામને લઈ કાલે અનેક ટ્રેનો નહી દોડે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકએ જણાવ્યું કે પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુરક્ષા અને ટ્રેન વ્યવહારને વધુ આધુનિક બનાવવાના હેતુથી વલસાડમાં સિગ્નલિંગ સિસ્ટમ અપગ્રેડ કરવાની મહત્વની કામગીરી આજથી શરૂ કરવામાં આવી છે. આગામી ત્રણ દિવસ સુધી આ ટેકનિકલ બ્લોક અને અપગ્રેડેશનની પ્રક્રિયા કાર્યરત રહેશે.

રેલવે પ્રશાસન દ્વારા જૂની રૂટ રિલે ઈન્ટરલોકિંગ (RRI) સિસ્ટમને બદલીને તેની જગ્યાએ અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (EI) સિસ્ટમ કાર્યરત કરવામાં આવી રહી છે. આ શિફ્ટિંગની પ્રક્રિયાનો આખરી તબક્કો રવિવારે પૂર્ણ થશે, જેના કારણે ટ્રેન વ્યવહાર પર મોટી અસર પડશે. વિનીત અભિષેક, મુખ્ય જનસંપર્ક અધિકારી (CPRO), પશ્ચિમ રેલવે એ જણાવ્યું કે રવિવારે સિગ્નલિંગ કામગીરીના આખરી ચરણ દરમિયાન વલસાડ રૂટ પરથી પસાર થતી અનેક લોકલ તથા પેસેન્જર ટ્રેનો રદ રહેશ. કેટલીક ટ્રેનોને તેમના નિર્ધારિત સ્ટેશન પહેલાં જ શોર્ટ ટર્મિનેટ (ટૂંકાવી) કરવામાં આવશે.લાંબા અંતરની (લોંગ રૂટ) ટ્રેનોના સંચાલન સમયમાં ફેરફાર તથા રિ-શિડ્યુલિંગ કરવામાં આવશે.રેલવે સિગ્નલિંગ સિસ્ટમને વધુ સુરક્ષિત અને ઝડપી બનાવવા માટે રૂટ રિલે ઈન્ટરલોકમાંથી ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગમાં અપગ્રેડેશન હાથ ધરાયું છે. ત્રણ દિવસ ચાલનારી આ કામગીરી રવિવારે પૂર્ણ થશે.



જી.વી.ડી સાર્વજનિક હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ વિદ્યામૃત વર્ષિણી પાઠશાળા સાર્વજનિક બાળ અને મહિલા પુસ્તકાલયની મુલાકાત લીધી. વિદ્યાર્થીઓને સંસ્કૃતના સંદર્ભ ગ્રંથો, બોલતી ભગવદ્ ગીતા તથા શ્રી હનુમાનજીના ગ્રંથો બતાવવામાં આવ્યા. લાઈબ્રેરિયન બંને બહેનોએ અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને વેદ, ઉપનિષદ અને વિવિધ ધર્મગ્રંથો વિશે માહિતગાર કર્યા જેમાં ૪૩ જેટલા વિદ્યાર્થીઓ એ ખુબજ ઉત્સાહ સાથે સંદર્ભ ગ્રંથો થી માહિતગાર થયા અને બોલતી ભગવત ગીતાના વિશે માહિતી મેળવી અને પુસ્તકાલયનો વિશેષ ઉપયોગ કરવા બાળકોને પ્રોત્સાહિત કર્યા.

# નવસારી જિલ્લામાં ૪૦૭૩ ડ્રોપ આઉટ બાળકોને ફરી શાળામાં પ્રવેશ અપાવ્યો

## નાણા અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને તથા આદિજાતિવિકાસ મંત્રી નરેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં 'સમરસ વિદ્યા સેતુ' અભિયાન કાર્યક્રમ યોજાયા



**નવસારી, તા. ૨૧ :** રાજ્ય સરકાર દ્વારા શાળા શિક્ષણથી વંચિત રહી ગયેલા બાળકોને પુનઃ શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવાના ઉમદા આશય સાથે 'સમરસ વિદ્યા સેતુ' અભિયાનના ભાગરૂપે નવસારીના આંગણે એસ.એસ. અગ્રવાલ કોલેજ ખાતે શિક્ષણ વિભાગ તથા જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે નાણા અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને તથા આદિજાતિવિકાસ મંત્રી નરેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં 'સમરસ વિદ્યા સેતુ' અભિયાન કાર્યક્રમ યોજાયો હતો.

આ અવસરે નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યુ હતું કે, શાળા છોડી ગયેલા બાળકોને પુનઃ શિક્ષણ તરફ વાળવા માટે શિક્ષકો અને વાલીઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. વહીવટી તંત્ર અને શિક્ષકોના સઘન પ્રયાસોથી મોટી સંખ્યામાં બાળકો પુનઃશાળામાં અભ્યાસ કરતા થયા છે જે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, શિક્ષણ ક્ષેત્રે ભૌતિક સુવિધાઓ અને ઝડપી વિકાસના આ યુગમાં આજે આપણે શૂન્ય ટકા ડ્રોપઆઉટ દરની અત્યંત નજીક પહોંચ્યા છીએ. આ અવસરે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એ.એમ. અગ્રવાલે સમરસ વિદ્યા સેતુ' અભિયાનના મુખ્ય ઉદ્દેશ્યોની વિગતો આપતા જણાવ્યું હતું કે, છેલ્લા ૪ થી ૫ મહિનામાં શિક્ષણ વિભાગ અને અન્ય વિવિધ વિભાગોના સંકલનથી નવસારી જિલ્લાના નોંધાયેલા ડ્રોપ આઉટ બાળકો પૈકી ૪,૦૭૩ બાળકોને સફળતાપૂર્વક પુનઃ શાળા શિક્ષણમાં લવાયા છે. આ ઉપરાંત ૧,૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓને ITI તથા કૌશલ્યવર્ધક અભ્યાસક્રમો સાથે જોડવામાં આવ્યા છે. બાકી રહેલા ડ્રોપ આઉટ બાળકોને પણ આગામી સમયમાં ખાસ ઝુંબેશ હાથ ધરી ઘરે-ઘરે જઈને પુનઃશાળામાં પ્રવેશ માટેના પ્રયાસો કરવામાં આવશે. કાર્યક્રમમાં નવસારી મહાનગરપાલિકાના મેયર અશોકભાઈ ધોરાચિયા, જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, જિલ્લા કલેક્ટર મનિષ ગુરવાની, મ્યુ.કમિશનર જયેશ ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, પોલીસ અધિક્ષક રાહુલ પટેલ, જિલ્લા સંગઠન પ્રમુખ ભુરાભાઈ શાહ, જિલ્લા શિક્ષણાધિકારી ચૌધરી, અગ્રણી મુકેશ અગ્રવાલ, ચિતલબેન સોની, પિયુષ દેસાઈ, મયુરીબેન દેસાઈ, અસ્મિતાબેન પટેલ, અધિકારીઓ-પદાધિકારીઓ વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોગરાવાડીથી ગિરરાજ સુધીના બિસ્માર માર્ગનું પેચવર્ક કરવા રજૂઆત

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ નગર પાલિકા વોર્ડ નં.૩ના સભ્યો જગ્નેશ ડી. પટેલ, યોગિનીબેન આર. શાહ અને એમ. એસ. ભંડારી દ્વારા કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે, હાલમાં મોગરાવાડી શોપિંગથી ગિરરાજ સુધીના મુખ્ય માર્ગ પર ઠેર-ઠેર ગંભીર કક્ષાના ખાડા પડી ગયા છે. જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. તેમજ અકસ્માતનો ભય સતત તોળાઈ રહ્યો છે. આગામી દિવસોમાં આવી રહેલા ગણેશ મહોત્સવ દરમિયાન મોગરાવાડી તથા અબ્રામા વિસ્તારના અનેક ગણેશ મંડળો દ્વારા ગણેશજીની મૂર્તિઓનું આગમન અને વિસર્જન સરઘસ આ જ મુખ્ય માર્ગ પરથી પસાર થનાર છે. આ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને વાહનોની અવરજવર રહેશે. રસ્તા પર પડેલા ખાડાઓના કારણે શ્રીજીની મૂર્તિને નુકસાન પહોંચવાની કે પ્રતિમા ખંડિત થવાની ગંભીર ભીતિ રહેલી છે. જો આવી કોઈ અનિચ્છિનીય ઘટના બને તો શ્રદ્ધાળુઓમાં ભારે રોષ ફેલાઈ શકે છે અને જાહેર વ્યવસ્થા ખોરવાઈ શકે છે.

# રોહિણામાં ખેડ સત્યાગ્રહની રેલી માટે બેઠક યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**પારડી, તા.૨૧ :** પારડી વિભાગ કિસાન પંચાયત દ્વારા આજરોજ રોહિણા ગામમાં આવેલ આશ્રમશાળામાં ૭૪માં પારડી ખેડ સત્યાગ્રહ પહેલી સપ્ટેમ્બરની રેલી ઉજવણી અંગે સભા યોજાઈ હતી. બિન રાજકીય રીતે યોજાનાર પારડી વિભાગ કિસાન પંચાયતની ખેડ સત્યાગ્રહની રેલીમાં સ્વર્ગસ્થ ઈશ્વરભાઈ દેસાઈ અને સ્વર્ગસ્થ ઉત્તમભાઈ પટેલના આદેર્શો તથા સંસ્કારો લોકોને મળે અને એમણે કરેલા શિક્ષણ ઉપયોગી કાર્યો અંગેની સમાજને જાણકારી થાય તે માટે ખેડ સત્યાગ્રહની રેલી ૧ સપ્ટેમ્બર બપોરે ૧:૦૦ કલાકે યોજવામાં આવશે. સભામાં સત્યાગ્રહી મંગળભાઈ પટેલ, ઉત્તમભાઈના પૌત્ર જીતેન્દ્રભાઈ કિર્તીભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. આ ખેડ સત્યાગ્રહ રેલીમાં કનુભાઈ દેસાઈ નાણામંત્રી, ધવલભાઈ પટેલ સહિત કોંગ્રેસના નેતાઓને પણ આમંત્રણ આપવામાં આવશે.

# વઘઈ પોલીસ દ્વારા ખોવાયેલા મોબાઈલ શોધી મૂળ માલિકોને પરત સોંપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૧ :** ડાંગ જિલ્લાનાં વઘઈ પોલીસ સ્ટેશન દ્વારા તેરા તુજકો અર્પણ -ૅજેક્ટ અંતર્ગત પ્રશંસનીય કામગીરી કરતા એક નાગરિકનો ગુમ થયેલો કિંમતી મોબાઈલ ફોન શોધી કાઢી મૂળ માલિકને સુરક્ષિત રીતે પરત સોંપવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, વઘઈ તાલુકાના ગીરા ધોધ પાસે આવેલ આંબાપાડા ગામના નિવાસી અરજદાર દિનાકરભાઈ યહુદાસભાઈ વળવીનો રૂ. ૭,૫૦૦/-ની કિંમતનો 'TECNO BF7' કંપનીનો કાળા રંગનો મોબાઈલ ફોન વઘઈ ટાઉનમાં રસ્તા પર ક્યાંક પડી ગયો હતો. આ અંગે પોલીસને જાણ કરાતા ડાંગ પોલીસ અધિક્ષક પૂજા યાદવ અને નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરીના માર્ગદર્શન હેઠળ વઘઈ પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.એ. ચાવડા તથા તેમની ટીમે ટેકનિકલ સોર્સ અને સર્વેલન્સની મદદથી આ મોબાઈલ ફોન શોધી કાઢ્યો હતો. ત્યારબાદ વઘઈ પોલીસ મથકે અરજદારને બોલાવીને તેમનો શોધી કાઢેલો ફોન પરત સોંપવામાં આવ્યો હતો, જેથી અરજદારે ડાંગ જિલ્લા પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મરઘમાળમાં પુલના કામ વચ્ચે પૂરથી ૫ ખેડૂતોની જમીન ધોવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૧ :** મરઘમાળ-ચીમનપાડા વચ્ચે પુલનું કામ ચાલી રહ્યું છે. ત્યારે ભારે વરસાદ બાદ પૂરનું પાણી ખેતીની જમીન તરફ વળતાં પાંચ ખેડૂતોની જમીનનું ધોવાણ થયું છે. કેટલાક સ્થળે આશરે ૧૦ ફૂટ સુધી જમીન ધોવાઈ જતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

મરઘમાળના સરપંચ રજનીભાઈ પટેલે અસરગ્રસ્ત ખેડૂતો સાથે ધરમપુરના પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી સ્થળ તપાસ, જમીનની માપણી અને ધોવાણ થયેલા ભાગમાં માટી પુરાણ કરવાની માંગ કરી છે. આવેદનપત્રની નકલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પણ મોકલવામાં આવી છે. અસરગ્રસ્ત ખેડૂતોમાં સુરેશભાઈ ઉલકિયાભાઈ ડગળા, ભરતભાઈ વજરભાઈ ગાર્યા, કચરુભાઈ નુરુભાઈ ડગળા, સતીબેન વજરભાઈ ડગળા અને સીતાબેન ઝીણાભાઈ વાઘેરાનો સમાવેશ થાય છે. ખેડૂતોનો આક્ષેપ છે કે પુલની દીવાલ પાસે પાણીનો પ્રવાહ બદલાઈ જમીન તરફ વળતાં ઉપજાઉ જમીનનું ધોવાણ થયું છે. ખેડૂતોને જમીન ફરી ખેતીલાયક બનાવવા માટી પુરાણ તથા યોગ્ય રાહત આપવાની માંગ કરી છે.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૨૨-૦૮-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** શ્રાવણ, દશમ, **સૂર્યોદય :** ૦૬ : ૨૨ **સૂર્યાસ્ત** ૦૭ :૦૨, **ચંદ્રોદય** - ૦૩:૦૪ **ચંદ્રાસ્ત** - ૦૧:૪૦ **ચંદ્ર રાશિ :** વૃશ્ચિક, **નક્ષત્ર** - જ્યેષ્ઠા

## આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** તમારા માટે આ દિવસ મિશ્ર ફળદાયી રહેશે. કાર્યક્ષેત્રમાં થોડો સંઘર્ષ રહે, પરંતુ તમારી હિંમતથી પરિસ્થિતિ કાબૂમાં આવશે. સ્વાસ્થ્ય અંગે બેદરકારી ન રાખવી.

**વૃષભ (બ, વ, ઉ) :** ચંદ્રની સ્થિતિ તમને માનસિક શાંતિ આપશે. વેપારમાં લાભ અને આર્થિક પ્રગતિ થવાની સંભાવના છે. પરિવાર સાથે સારો સમય વિતશે.

**મિથુન (ક, ઘ, ચ) :** આર્થિક બાબતોમાં સાવધાની રાખવી. વિદ્યાર્થીઓ માટે સમય સારો છે. કોઈ અટકેલા સરકારી કામો પૂર્ણ થવાની સંભાવના.

**કર્ક (ડ, હ) :** આરોગ્ય પર વિશેષ ધ્યાન આપવું. વેપારીઓ માટે દિવસ ઉત્તમ રહેશે. અચાનક નાણાકીય લાભ થવાની શક્યતા છે.

**સિંહ (મ, ટ) :** તમારા અટકેલા કાર્યો ગતિ પકડશે. સમાજમાં માન-સન્માન વધશે. કાર્યક્ષેત્રમાં નવી જવાબદારીઓ મળી શકે છે.

**કન્યા (પ, ઠ, ણ) :** આ દિવસે યાત્રાના યોગ બની રહ્યા છે. માનસિક તાણથી બચવું. કોઈ નવું રોકાણ સમજી-વિચારીને કરવું.

**તુલા (ર, ત) :** તમારા માટે દિવસ લાભદાયી છે. પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે. કાર્યસ્થળ પર સહકર્મીઓનો પૂરો સહયોગ મળશે.

**વૃશ્ચિક (ન, ય) :** ભાગદોડ રહેવાની સંભાવના છે. વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી. તમારા કામ પર ફોકસ જાળવી રાખવું.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આવકના નવા સ્રોત ઉભા થશે. જૂના મિત્રો સાથે મુલાકાત થઈ શકે છે. સ્વાસ્થ્ય સારું રહેશે.

**મકર (ખ, જ) :** તમારો દિવસ સારો રહેશે. કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં વડીલોની સલાહ મદદરૂપ સાબિત થશે. પારિવારિક જીવન સુખમય રહેશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. વિદ્યાર્થીઓ માટે મહેનત કરવાનો સમય છે.

**મીન (દ, ચ, થ, ઝ) :** આ દિવસે કોઈ વિવાદમાં પડવું નહીં. ધીરજથી કામ લેવું. વેપારમાં ભાગીદારીથી લાભ મળી શકે છે.

# દમણ રેડિયો

આકાશવાણી

**102.3 FM**

શનિવાર/રવિવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫ઃ૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | 4 | | 7 | | | 2 |
| | | 7 | | | | 9 | | |
| | | | 8 | 3 | 5 | | | |
| 5 | | 6 | 7 | | 2 | 4 | | 1 |
| | | 9 | | | | 3 | | |
| 2 | | 1 | 9 | | 3 | 6 | | 7 |
| | | | 1 | 7 | 9 | | | |
| | | 5 | | | | 2 | | |
| 8 | | | 5 | | 6 | | | 3 |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૫૭નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 6 | 3 | 2 | 8 | 9 | 7 | 5 |
| 2 | 5 | 7 | 9 | 6 | 4 | 1 | 3 | 8 |
| 9 | 3 | 8 | 5 | 1 | 7 | 2 | 4 | 6 |
| 1 | 2 | 9 | 6 | 7 | 5 | 4 | 8 | 3 |
| 5 | 7 | 4 | 8 | 3 | 2 | 6 | 9 | 1 |
| 6 | 8 | 3 | 4 | 9 | 1 | 5 | 2 | 7 |
| 7 | 9 | 5 | 1 | 4 | 3 | 8 | 6 | 2 |
| 3 | 6 | 1 | 2 | 8 | 9 | 7 | 5 | 4 |
| 8 | 4 | 2 | 7 | 5 | 8 | 3 | 1 | 9 |

ઈદે મિલાદ, ગણપતિ ઉત્સવ અને જન્માષ્ટમીને લઈ

## ડુંગરા-જીઆઈડીસી પોલીસની શાંતિ સમિતિની બેઠક મળી

**ડી.વાય.એસ.પી. બી.એન. દવેની અધ્યક્ષતામાં ૨૦૦ આયોજકો ઉપસ્થિત, શાંતિપૂર્ણ ઉજવણી માટે માર્ગદર્શન અપાયું**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** આગામી ઈદે મિલાદ, શ્રી ગણપતિ ઉત્સવ અને જન્માષ્ટમીના તહેવારોને ધ્યાનમાં રાખીને વાપી વિભાગના ડુંગરા પોલીસ સ્ટેશન તથા વાપી જીઆઈડીસી પોલીસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકની અધ્યક્ષતા વાપી વિભાગના ડીવાયએસપી બી.એન. દવેએ કરી હતી.

આ બેઠકમાં ડુંગરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર બી.એન. ગોહિલ અને વાપી જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.પી. ગોહિલ ઉપસ્થિત રહ્યા હતાં. બેઠકમાં વાપી શહેરના ઈદે મિલાદના આયોજકો, શ્રી ગણપતિ ઉત્સવના આયોજકો, ડી.જે. સંચાલકો, નગરસેવકો, સામાજિક આગેવાનો અને શાંતિ સમિતિના સભ્યો સહિત કુલ ૨૦૦ જેટલા લોકો જોડાયા હતાં. બેઠક દરમિયાન તહેવારો શાંતિપૂર્ણ અને ભાઈચારાપૂર્ણ વાતાવરણમાં ઉજવાય તે માટે મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. ઈદે મિલાદના સરઘસના રૂટ અને સમય અંગે વિસ્તૃત ચર્ચા કરી નિયમોનુસાર જરૂરી મંજૂરી મેળવીને જ કાર્યક્રમનું આયોજન કરવા સૂચના આપવામાં આવી. ડી.જે. સંચાલકોને જણાવાયું કે કોઈપણ પ્રસંગ માટે ડી.જે.નું બુકિંગ કરતી વખતે તેની અગાઉથી નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરવી ફરજિયાત રહેશે. શ્રી ગણપતિ ઉત્સવ દરમિયાન ગણપતિજીની મૂર્તિના આગમન સમયે ટ્રાફિકને અડચણ ન થાય અને જાહેર વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અગાઉથી મંજૂરી લઈ પોલીસને જાણ કરવા આયોજકોને સમજ આપવામાં આવી. સાથે જ તહેવારો દરમિયાન રસ્તા અને જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા અને સ્વચ્છ વાપી, સુંદર વાપીની ભાવના જાળવવા અપીલ કરાઈ. બેઠકના અંતે આગામી રક્ષાબંધનની શુભકામનાઓ પાઠવી તમામ તહેવારો કાયદો-વ્યવસ્થા જાળવી, પરસ્પર કોમી એકતા અને ભાઈચારાથી ઉજવવા હાજર સૌને અનુરોધ કરવામાં આવ્યો હતો.

## વાપીની શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કુલનું ગૌરવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** જીવરાજીકા ઈન્ટરનેશનલ સ્કૂલ, સેલવાસ (આલોકપબ્લિક સ્કૂલ) ખાતે આયોજિત Astra Melange – Talent Quest, આંતર શાળા સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કુલ ૧૯ શાળાઓએ ભાગ લીધો હતો.શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓએ સુંદર પ્રદર્શન દર્શાવી ઓવરઓલ પ્રથમ ક્રમ દ્વારા ચેમ્પિયનશિપ મેળવી શાળા ને ગૌરવ -દાન કર્યું છે. ગ્રુપ ૧. ધોરણ ૮ અનન્યા રાય Sudoku -પ્રથમ ક્રમ. ગ્રુપ ૨. ધોરણ ૧૦ પલક ભાનુશાલી sudoku – પ્રથમ ક્રમ. ગ્રુપ ૩. ધોરણ ૧૨ સાલવી કુશવાહા sudoku - દ્વિતીય ક્રમ. ધોરણ૬ વિહાન શ્રીવાસ્તવ સ્ટોરી ટેલર કોમ્પિટિશનમાં પ્રથમ ક્રમ. ધોરણ ૭ નિત્યા બેરા સ્લેમ પોએટ્રી કોમ્પિટિશન દ્વિતીય ક્રમ. ધોરણ ૧૧ કાજલ તિવારી ડીક્લેમેશન કોમ્પિટિશનમાં દ્વિતીય ક્રમ. ધોરણ ૫ યારા ભંડેરી ક્રિએટિવ કેનવાસ કોમ્પિટિશનમાં પ્રથમ ક્રમ. ધોરણ ૪ દિવ્યાંશુ પુરોહિત ક્રિએટિવ કેનવાસ કોમ્પિટિશનમાં દ્વિતીય ક્રમ. ધોરણ ૧૦ અનમોલ શ્રીવાસ્તવ ધોરણ ૯ પ્રયાગ કુલકર્ણી ધોરણ ૮ પ્રેમ રવિદાસ જીઓબી ક્વિઝ કોમ્પિટિશનમાં દ્વિતીય ક્રમ ધોરણ ૭ માન્યતા કનોજીયા સ્પેલાથોન કોમ્પિટિશનમાં તૃતીય ક્રમ ધોરણ ૫ વિહાન રાઠોડ કેરમ કોમ્પિટિશનમાં તૃતીય ક્રમ. ધોરણ ૫ શિવાની મહતો ટાઈક્વોન્ડો કોમ્પિટિશનમાં તૃતીય ક્રમ. ધોરણ ૫ નમન દ્વિવેદી ઈંગ્લીશ સ્પેલાથોન કોમ્પિટિશન માં તૃતીય ક્રમ. ધોરણ ૧૧ હિતેશ બેરા અને ગૌતમ ઝા જીવનશિલ્પ કોમ્પિટિશનમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. સર્વ વિદ્યાર્થીઓની સફળતાથી ગર્વ અનુભવતા, સ્પર્ધાના બધા વિજેતા વિદ્યાર્થીઓને, કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના બીન્ની પોલ તથા સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતાં.

## ખાનવેલમાં અટલ પેન્શન યોજનાનો આઉટરીચ કાર્યક્રમ યોજાયો

**અસંગઠિત ક્ષેત્રના લોકોને સામાજિક સુરક્ષા અને પેન્શન યોજનાઓ સાથે જોડવા પર ભાર મુકાયો**




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૧ :** પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) દ્વારા ખાનવેલ રિસોર્ટ ખાતે અટલ પેન્શન યોજના (APY) અંગે આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ અસંગઠિત ક્ષેત્રના લોકોને સામાજિક સુરક્ષા અને પેન્શન યોજનાઓ સાથે જોડવાનો હતો. કાર્યક્રમમાં PFRDAના મુખ્ય મહા-બંધક પ્રવેશ કુમાર, બેંક ઓફ બરોડાના મહાપ્રબંધક કે.કે. સિંહ, PFRDAના સહાયક મહાપ્રબંધક રૂબી ભાવસાગર, NABARDના જિલ્લા વિકાસ પ્રબંધક કેન્દ્રે, દાદરા અને નગર હવેલીના જિલ્લા પ્રોજેક્ટ અધિકારી પંકજ પરમાર, લીડ જિલ્લા મેનેજર સુનીલ માલી તેમજ RSETIના નિયામક વિશાલ કંદી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે દાદરા અને નગર હવેલી વિસ્તારની વિવિધ બેંકોના પ્રતિનિધિઓ, ગ્રાહકો, ઉદ્યોગ જગતના અગ્રણીઓ તથા સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

PFRDAના મુખ્ય મહાપ્રબંધક પ્રવેશકુમારે અટલ પેન્શન યોજનાના મહત્વ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, વૃદ્ધાવસ્થામાં આર્થિક સુરક્ષા પ્રદાન કરવા માટે આ યોજના મહત્વપૂર્ણ માધ્યમ છે. તેમણે બેંકોના પ્રતિનિધિઓને યોજનાનો લાભ સમાજના છેવાડાના વ્યક્તિ સુધી પહોંચાડવા સતત પ્રયાસ કરવા અપીલ કરી હતી. બેંક ઓફ બરોડાના મહાપ્રબંધક કે.કે. સિંહે વિસ્તારમાં નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવા અને અટલ પેન્શન યોજનાના નોંધણી અભિયાનને વેગ આપવા બેંકોની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત લોકોને યોજનાના નિયમો, યોગદાનના વિકલ્પો તથા વૃદ્ધાવસ્થામાં મળનારી નિશ્ચિત પેન્શન અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

## વલસાડના તરીયાવાડ પંપિંગ સ્ટેશન એક મહિનાથી બંધ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ શહેરમાં તહેવારોની મોસમ શરૂ થઈ ચૂકી છે ત્યારે જ વલસાડ નગરપાલિકા તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. શહેરના તરીયાવાડ વિસ્તારમાં આવેલું ડ્રેનેજ પંપિંગ સ્ટેશન છેલ્લા એક મહિનાથી બંધ હાલતમાં હોવાથી વિવિધ વિસ્તારોમાં ગટરના ગંદા પાણી ઠેર-ઠેર ઉભરાઈ રહ્યા છે. આ ગંભીર સમસ્યાને લઈને નગરપાલિકાના માજી પ્રમુખ રાજુ મરચાએ પાલિકા વહીવટી તંત્ર સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે.

હાલમાં હિન્દુ ધર્મના પવિત્ર તહેવારોનો પ્રારંભ થઈ ચૂક્યો છે. દશામાના વ્રત ચાલી રહ્યા છે અને આગામી દિવસોમાં દશામાની મૂર્તિ વિસર્જન તેમજ ગણેશોત્સવ તથા ગણપતિ વિસર્જન જેવા મોટા પર્વો આવી રહ્યા છે. આવા સમયે શહેરમાં નગરપાલિકા હસ્તકના ડ્રેનેજ પંપિંગ સ્ટેશન બંધ હાલતમાં હોવાને કારણે માર્ગો અને સોસાયટીઓમાં ગંદકી અને દુર્ગંધનું સામ્રાજ્ય ફેલાયું છે, જેનાથી સ્થાનિક રહીશોમાં રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે.

માજી પ્રમુખ રાજુ મરચાએ આક્ષેપ કર્યો છે કે, વલસાડના તરીયાવાડ પંપિંગ સ્ટેશન છેલ્લા એક માસથી બંધ હોવા બાબતે પાલિકા તંત્રને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં આજદિન સુધી તેનું સમારકામ કરવામાં આવ્યું નથી. તંત્રની આ નિષ્ક્રિયતા સામે સ્થાનિક રહીશોમાં પણ ભારે અસંતોષ પ્રવર્તી રહ્યો છે.

જો પાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ પંપિંગ સ્ટેશન શરૂ કરી ડ્રેનેજની સમસ્યાનો કાયમી ઉકેલ નહીં લાવવામાં આવે, તો આગામી દિવસોમાં નગરપાલિકા સામે ઉગ્ર લોકઆંદોલન છેડવામાં આવે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

## વાપી પોદાર પ્રેપ દ્વારા સ્વાતંત્ર્યદિનની ઉજવણી થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૧ :** વાપી ખાતે પોદાર પ્રેપ દ્વારા ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બાળકો, માતા-પિતા તેમજ દાદા-દાદીની ઉપસ્થિતિમાં સ્વાતંત્ર્ય દિનની અનોખી અને મૂલ્યલક્ષી ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની થીમ સ્વાતંત્ર્ય આપણા ભવિષ્યને આકાર આપે છે, ડહાપણ આપણો માર્ગદર્શક બને છે રાખવામાં આવી હતી. ઉજવણી દરમિયાન જનરેશન રેમ્પ વોક, દેશભક્તિ મ્યુઝિકલ ફ્રીઝ તેમજ રાષ્ટ્રગીત અને પ્રતિજ્ઞા જેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. જેના માધ્યમથી બાળકોને દેશની આઝાદી માટે થયેલા બલિદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ત્રણેય પેઢીઓ વચ્ચેના સ્નેહ અને સંવાદને વધુ મજબૂત બનાવવા માટે વિઝડમ ટ્રેઝર હન્ટ, ફ્રીડમ કેરેડ્સ અને ફોર કોર્નર્સ ફેમિલી ચેલેન્જ જેવી ઈન્ટરેક્ટિવ રમતો યોજાઈ હતી. જ્યારે ફ્રીડમ સર્કલમાં દાદા-દાદીએ પોતાના જીવનના અનુભવો અને યાદગાર પ્રસંગોની વાતો બાળકો સાથે શેર કરી હતી. ‘બિલ્ડ ધ ફ્યુચર ટુગેધર’ જેવી ટીમ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં એકતા, જવાબદારી અને કૃતજ્ઞતા જેવા મૂલ્યો કેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમગ્ર ઉજવણી દરમિયાન સ્વાતંત્ર્ય બાળકોને ભવિષ્યનું નેતૃત્વ કરવા સક્ષમ બનાવે છે, જ્યારે વડીલોનું ડહાપણ તેમને પ્રામાણિકતા અને કરુણાના માર્ગે આગળ વધવા પ્રેરિત કરે છે તેવો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

## ઉમરગામમાં ન.પા. દ્વારા ૮૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૧ :** પર્યાવરણની જાળવણી અને શહેરને સ્વચ્છ રાખવાના હેતુસર ઉમરગામ નગરપાલિકા દ્વારા ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળા પ્લાસ્ટિકના ઉપયોગ અને વેચાણ સામે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં નગરપાલિકા દ્વારા કુલ ૮૦ કિલોગ્રામ પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું છે. ગુજરાત સરકાર તથા કેન્દ્ર સરકારના પર્યાવરણ વિભાગના નિયમો અને Plastic Waste Management Rules, ૨૦૧૬ અંતર્ગત ૧૨૦





માઈક્રોનથી ઓછી જાડાઈવાળી પ્લાસ્ટિક કેરી બેગ સહિત સિંગલ યુઝ પ્લાસ્ટિક, પ્લાસ્ટિક ગ્લાસ, પ્લેટ, સ્ટ્રો વગેરેનું ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પ્રતિબંધિત છે. નગરપાલિકા દ્વારા વેપારીઓને ૧૨૦ માઈક્રોનથી વધુ જાડાઈવાળી બેગ ઉપરાંત કાપડની થેલી, કાગળની બેગ અને જ્યુટ બેગ જેવા પર્યાવરણને અનુકૂળ વિકલ્પો અપનાવવા અપીલ કરવામાં આવી છે. સાથે જ નાગરિકોને પણ ખરીદી માટે પોતાની કાપડની થેલી સાથે રાખવા અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ઉમરગામને પ્લાસ્ટિકમુક્ત અને સ્વચ્છ બનાવવા નગરપાલિકા દ્વારા હાથ ધરાયેલી આ ઝુંબેશમાં વેપારીઓ તેમજ નાગરિકો સહયોગ આપે તેવી અપીલ કરવામાં આવી છે.

### ૩૧ ઓગસ્ટથી વિશેષ ચેકિંગ ઝુંબેશ હાથ ધરાશે

ઉમરગામ નગરપાલિકા દ્વારા ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬થી વિશેષ ચેકિંગ ઝુંબેશ શરૂ કરવામાં આવશે. આ દરમિયાન વેપારીઓ, દુકાનદારો અને હોકરો પાસે પ્લાસ્ટિકની ચકાસણી કરવામાં આવશે. ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કે વેચાણ કરતા કોઈ વ્યક્તિ મળી આવશે તો તેનો જથ્થો જપ્ત કરી નિયમોનુસાર દંડ સહિત કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. નગરપાલિકાએ સ્પષ્ટ કર્યું છે કે ૩૧ ઓગસ્ટથી શરૂ થનારી આ કાર્યવાહી માત્ર એક દિવસ પૂરતી નહીં રહે, પરંતુ ત્યારબાદ પણ સતત ચાલુ રાખવામાં આવશે.

## ગુજરાતી થાળી : સ્વાદમાં અદ્ભુત, પણ પોષણમાં કેટલી સમૃદ્ધ?



**● દાળ, કઠોળ, સલાડ અને લીલાં શાકનું પ્રમાણ વધારવાથી થાળી વધુ પૌષ્ટિક બનશે ● સ્વાદ સાથે સ્વાસ્થ્યનું સંતુલન જાળવવું આજના સમયમાં સૌથી મોટી જરૂરિયાત ● બાળકોના સ્વાસ્થ્ય માટે ગુજરાતી થાળીમાં પોષણનું પ્રમાણ વધારવું જરૂરી**

તનપ્રેમ, જન્મભૂમિનું આકર્ષણ દરેક એન.આર.આઈને માતૃભૂમિ તરફ ખેંચી તો લાવે જ છે. અમારા મિત્રો સુધીર અને વર્ષાએ એમના બીજા મિત્રો સાથે નક્કી કર્યું કે, આજે તો ગુજરાતી થાળી જ ખાવી છે- એન્જોય કરવી છે. ગુજરાતી થાળી પહેલાં

તો લોજમાં જ મળતી, પણ હવે ધીમે-ધીમે એનો ક્રેઝ વધે છે એમ એમાં પણ નવા સંસ્કરણો ઉમેરાતાં જાય છે.

પહેલાં ગુજરાતી થાળી એટલે ફિક્સ વસ્તુઓ જ હોય અને એ જ ગુજરાતી સ્ટાઈલથી પીરસાય, પણ હવે તો કંઈ કેટલીય આઈટમોનો એમાં ઉમેરો થતો જાય છે અને નવા-નવા નામ પણ અપાતા જાય છે.


પાંચ જાતના શાક (નાની વાટકીમાં) દરેક આશરે એક-એક ચમચી જેટલા જ ! બે જાતની દાળ, બે જાતની કચ્છી પુરી, રોટલી, પરોઠા, રોટલા ને થેપલાં, ઢોકળાં, ખમણ, દહીંવડા, કોથમીરની, ફુદીનાની, કોડાની ચટણીઓ, લાલ મરચાં, લસણની તીખી અને ટમેટાની ગળી, બે-ત્રણ જાતના મિષ્ટાન્ન, સાદા ભાત, પુલાવ અને વેજિટેબલ બિરિયાની, પાપડ, સલાડ, ભગવાનને છપ્પન જાતના ભોગ ધરાવાય એનાથી એકાદ-બે ઓછી આઈટમ તમને આમાં મળે. પાછા પીરસવા તો આવે જ અને પીરસતી વખતે એવી રીતે પીરસે કે તમે ઊઠો તો બીજા આવે ! પીરસવાની પદ્ધતિ - માટે અમારા મિત્ર સુધીરનો સખત વાંધો હતો - છે ! આપણને મહેમાનની જેમ જમાડવાને બદલે...!

આપણા જીવનમાં ભોજનની જરૂરિયાત છે ? જીવનના ચાર બેઝિક ઈસ્ટિંગમાં-ભૂખ, ભય, નિદ્રા અને મૈથુન-માં ભૂખ સૌથી પહેલે નંબરે આવે છે. જીવનમાં બધા જ મહેનત કરે છે ઈમાનદારીથી કે... પણ કરે છે... પાપી પેટ વાસ્તે જ ને ! ભોજન ભૂખને તૃપ્ત કરે છે. શરીરને એનર્જી આપે છે. (કારમાં પેટ્રોલ નાખીએ એમ !) શરીરની વૃદ્ધિ અને સમારકામ માટે ભોજન જરૂરી છે, રોગ સામે લડવાની શક્તિ કે વિચારવાની શક્તિ બધું જ ભોજનને આભારી છે.

ભેજનમાં એવું શું-શું હોવું જોઈએ જેથી આપણને ઈચ્છિત પરિણામો મળે ? આધુનિક વિજ્ઞાન પ્રમાણે માઈક્રો ન્યુટ્રીઅન્ટમાં કાર્બો હાઈડ્રટ્સ (ગ્લુકોઝ એટલે સાદી શર્કરા અને સ્ટાર્ચ એટલે ગ્લુકોઝના અસંખ્ય અણુઓની શૃંખલા), પ્રોટિન (જેમાં નવ અગત્યના જેને શરીર પોતે બનાવી નથી શકતું અને બીજા બાવીસ એમીનો એસિડ મળીને પ્રોટિન બને છે), ચરબી તેમજ માઈક્રો ન્યૂટ્રીઅન્ટ જે ઓછી-સૂક્ષ્મ માત્રામાં પણ લેવા તો પડે જ-વિટામિન્સ, મિનરલ વગેરે અને છેલ્લે આની કેલેરી વેલ્યૂ ગણવી પડે. જો તમે એનાથી ઓછી લ્યો તો તમારું વજન ઘટે અને વધુ લ્યો તો ધીમે-ધીમે વજન વધે ! ભોજનમાં શર્કરા, પ્રોટિન, ફેટ એ ત્રણેનું ચોક્કસ પ્રમાણ લેવાવું જોઈએ. જો શર્કરા વધુ લેવાય અને પ્રોટિન - ફેટ ઓછા લેવાય કે એનાથી વિપરિત કરીએ તો શરીરરૂપી અંગને સ્વસ્થ રાખવામાં તકલીફ પડે. પ્રોટિનની માત્રા દરેક પુખ્ત વ્યક્તિ માટે એનું વજન જેટલા કિલો હોય એટલા ગ્રામ, આખા દિવસમાં- ઉચ્ચ કોટિનું પ્રોટિન લેવાવું જોઈએ. આપણું પેટ એક સમયે કેટલો ખોરાક (સામાન્ય વ્યક્તિ માટે) લઈ શકે? આશરે ૩૫૦ ગ્રામથી ૬૦૦ ગ્રામ એટલે બાહુબલી, કુંભકર્ણ કે રાવણ થાળી હોય એમાં ગમે એટલી વસ્તુઓ, જીભને-મનને લોભાવનારી હોય પણ પેટની કેપેસિટી આટલી જ છે, વધુ જમવા જશો તો આફરો ચડે-પેટ ફૂલી જાય, ઊલટી જેવું થાય વગેરે... એટલે ૩૫૦-૬૦૦ ગ્રામ વજનનો ખોરાક ત્રણવાર લેવાય અને આપણને ૨૦૦૦-૨૨૦૦ કેલરી મળે એવી ગોઠવણ આપણે કરવી જોઈએ. - જેમાં બધાં જ અગત્યના ખોરાકના ઘટકો મળી જવા જોઈએ.

આધુનિક વિજ્ઞાન બધા માટે આ નિયમ કહે છે સિવાય કે સામાન્ય તમને કોઈ વસ્તુની એલર્જી હોય - જ્યારે આપણું પરંપરાગત આયુર્વેદ અને ઋષિમુનિઓ કહે છે કે, ખોરાક દરેક વ્યક્તિ દીઠ અલગ-અલગ હોઈ શકે. કેમ કે, દરેકની ઉમર સ્ત્રી અથવા પુરુષ, કાર્ય કરવાની શક્તિ, ઋતુ, દિવસમાં ક્યા સમયે ખોરાક લેવાય છે - સવારે - બપોરે કે સાંજે તેમજ જે ખોરાક લેવાય છે, એની પ્રકૃતિ તેમજ વ્યક્તિની પ્રકૃત્તિ, એમ ઘણી બધી બાબતોનો વિચાર, ખોરાકનું પ્લાનિંગ કરતાં વહેલા કરવું જોઈએ.

### ડોક્ટર કહે છે



**- ડો. યોગેશ વેલાણી**

ખોરાકને કેટલાક રોગો સાથે સીધો જ સંબંધ છે, જ્યાં-જ્યાં રિફાઈન્ડ કાર્બોહાઈડ્રેટ્સ (મેંદો) ખાવાય છે. વનસ્પતિ તેલને હાઈડ્રોજન સાથે મિક્સ કરી તેમજ ગરમ કરીને એનું પરિવર્તન ટ્રાન્સફેટમાં થઈ જાય છે, જે વપરાય છે, વધુ પ્રમાણમાં શર્કરા અને નિમનો ઉપયોગ (તમને વધુ સ્વાદિસ્ટ લાગે તે માટે) આ બધાં જ પરિબળો તેમજ આર્થિક સંપન્નતા, જેથી કસરત, ચાલવું, બીજી કસરત ઓછી થ ગઈ છે, રાત્રે ઊંઘ પણ ઓછી લેવાય (કેમ કે, સ્ક્રીન ટાઈમ વધી ગયો છે) તે કાર કેટલાક મેટાબોલીક રોગો વધ્યા છે. ઓબેસીટી-સ્થૂળતાનો વ્યાપ આખા વિશ્વમાં ધીમે-ધીમે વધતો જાય છે, ભારત અને એમાં પણ આપણું ગુજરાત, આમાં પાછળ રહે તો કેમ ચાલે ? દર ત્રીજી વ્યક્તિ તમને ઓબેસીટી અથવા વધારે વજનવાળી દેખાશે, આમાં પણ બાળકોમાં થતી સ્થૂળતા વધી છે જે ચિંતા-રક છે. વધારાનું વજન લાંબો સમય રહે તો એ શરીરના અવયવ પેનકીઆસ જે ઈન્સ્યુલિન બનાવે છે અને ગ્લુકોઝને દરેક કોષોમાં મોકલે છે એના કાર્યમાં અવરોધ ઊભો કરે છે, જેને ઈન્સ્યુલીન રેસીસ્ટન કહે છે અને આને જ ડાયાબિટીશ થવાનું -થમ પગથિયું પણ કહે છે. અમદાવાદમાં પાંચ વર્ષ પહેલાં દર પાંચમાંથી એકને ડાયાબિટીશ અથવા ડાયાબિટીશ થવાની શક્યતાવાળા તરીકે ગુજરાતી થાળી એટલે સ્વાદ -સોડમમાં અદ્ભુત પણ પૌષ્ટિકતામાં.... એમાં સુધારો કરવો એ આપણા માટે અને આવનારી પેઢીના સ્વાસ્થ્ય માટે ખૂબ જ જરૂરી છે નોંધાયા હતા. આ નોંધણી નેશનલ ફેમિલી હેલ્થ સર્વેવાળા તરફથી કરવામાં આવી હતી. ડાયાબિટીશની સાથે-સાથે મિત્રતાના દાવે બ્લડપ્રેશર પણ ધીમા પગલે આપણામાં એન્ટ્રી મારે છે ! આપણું -ાચીન આર્યુવિજ્ઞાન કહે છે કે, ભોજનમાં ૧૦ જાતના રસ હોય તો એ ભોજન પૂર્ણ ભોજન કહેવાય પણ આ છ જાતના રસમાં અમુક જ રસ વધુ લેવાય અને બીજા રસો ઓછા કેન લેવાય, તો શું થાય ? જેમ કે, આધુનિક વિજ્ઞાન પ્રમાણે કાર્બોહાઈડ્રેટ્સ વધુ લેવાય અને આજે પ્રોટિન ઓછું તે (કાર્બોહાઈડ્રેટ્સ) ગ્લુકોઝના એક, કે એકથી વધુ અસંખ્ય અણુની શૃંખલાથી બનેલા પદાર્થો.. શરીરમાં મીઠો-મધૂર રસની માત્રા વધી જાય તેમજ નિમક અને ટ્રાન્સફેટ એમાં ઉમેરાય એટલે સોનામાં સુગંધ જેવું થાય ! આપણે ખારો, કડવો, તૂરો રસ લેવાનું ટાળીએ છીએ. (નથી ગમતો એટલે જ ને પણ શરીર માટે સ્વાસ્થ્ય માટે બહુ જ જરૂરી છે.) એનો અર્થ એવો નથી કે મીઠાશ-મીઠો રસ ઉપયોગી નથી - આપણા રોજ-બરોજના કાર્યો - શરીરને ઉષ્ણતા આપવી, કાર્ય કરવાની શક્તિ આ બધુ જ કાર્બોહાઈડ્રેટ્સને આભારી છે-પણ બીજા રસ જેવા કે તૂરો રસ જે આપણને કઠોળમાંથી મળે છે. આપણે એને કોરે મૂકી દેવી જોઈએ.

એક ગુજરાતી થાળીમાંથી આપણને સાચી એવી, કદાચ જરૂર હોય એના કરતાં જ્યારે કેલરી મળે છે, પણ પ્રોટિન જરૂરિયાત કરતા અડધું પણ માંડ હોય છે અને જે પ્રોટિન મળે છે, એ પણ શરીરમાં ગયા પછી માંડ ૬૦થી ૭૦ ટકા જેટલું ઉપયોગી બને છે. આપણી દાળ એટલે દાળનું સૂપ જ હોય છે. કેટલાક પંજાબી મિત્રો તો મશ્કરીમાં કહેતા હોય છે કે તમારી દાળમાં ડૂબકી મારીએ તો માંડ થોડાક દાણા દાળના હાથમાં આવે બાકીનો પાણી જ હોય છે અને કઠોળ બાફેલું - ફણગાવેલું તો ભાવતું જ નથી. ઉત્તર ભારત ઘઉંનો વધુ ઉપયોગ કરે છે, જ્યારે દક્ષિણ અને પૂર્વ ચોખા વધારે ખાય છે - આપણે કોઈને ખોટું ન લાગે એટલે બંનેનો ઉપયોગ કરીએ છીએ પશ્ચિમના દેશોમાં રિફાઈન્ડ કોર્બોહાઈડ્રેટસ મેંદો ભળી જઈ-લોહીમાં શર્કરાનું પ્રમાણ ઊંચું ત્વરિત લઈ જઈ પાછું જલ્દી નીચે લઈ આવે છે. આ બધાને કંટ્રોલ રાખવા માટે આપણે આની સાથે લીલોતરી શાક, સલાડનો ઉપયોગ વધુ કરવો જોઈએ. આપણી થાળીમાં નાની-નાની વાટકીઓમાં ઘણા બધા એક એક ચમચી જેટલાં શાક પીરસાય એટલે રોટલીને એમાં ફક્ત અડાવવાની જ શાકને રોટલી સાથે ખાવાનું નહીં ! આપણી ગુજરાતી થાળી ટેસ્ટફુલ તો બહુ જ હોય, પણ એમાં ન્યુટ્રીશન પૌષ્ટિક્તા ઓછી હોય છે. -ોટિન અને બીજા તત્ત્વો જેમ કે, વિટામિન-ડી, બી-૧, મેગ્નેશિયમ, આર્યન તેમજ ઓમેગા-૩ની ઊણપ હોય છે.આપણી પ્રથમ પ્રાયોરિટી હેલ્થી લાઈફ સ્ટાઈલ છે જ નહીં ! ૧૪૦ કરોડની વસ્તીમાંથી માંડ એક ટકા લોકો સારા ટ્રેઈન્ડ જીમમાં જતા હશે. ૮૦ ટકા ભારતીયો પ્રોટીન ઓછું લે છે. રોજિંદા ખોરાકમાં ઓછું પ્રોટિન લેવામાં આપણો નંબર વિશ્વમાં ઘણોં જ નીચો આવે છે. ૭૫ ટકા શહેરમાં રહેવાવાળા ધનિકો પણ પ્રોટિનની ઊણપથી ગ્રસિત હોય છે. આખા દેશમાં ફક્ત ત્રણ ટકા લોકો જ પ્રોટિનની અગત્યતા વિશે જાણે છે અને એની કાળજી લે છે. આપણે શાક, દાળમાં પણ મિષ્ટાન્ન જેમ ગળપણ નાખીએ જ છીએ. આને લીધે આયુર્વેદ પ્રમાણે પણ છ રસનું કોમ્બીનેશન બગડે છે. ગુજરાતીઓ વેપારી છીએ એટલે મગજ ઉપર બરફ રાખીને ગમે તેવી પરિસ્થિતિનો શાંતિથી સામનો કરતાં આપણને આવડે છે અને જીભ ઉપર સાકર-બોલીને કદી બગાડીએ નહીં (કડવી ભાષાનો પ્રયોગ ટાળીએ) એની જેમ લોહીમાં પણ સાકરને ટાળીએ! આપણી ગુજરાતી થાળીમાં દાળને ઘાટી બનાવીને (પાણી જેવી - સૂપ જેવી હોય એને બદલે) તેમજ સલાડ, ફૈણગાવેલા કે બાફેલા મગ, ચણા, મગફળી, ઋતુ પ્રમાણેના લીલાં શાકભાજી વધુ -માણમાં લઈએ (ફાઈબર આશરે ૩૦ ગ્રામ રોજ લેવાવું જોઈએ) દહીં અને છાશનો ઉપયોગ વધારીએ, ફરસાણ અને મિષ્ટાન્ન ઘટાડીએ તેમજ ઘઉંના લોટમાં પણ ચણાનો, મગનો લોટ કે સોયાબીન ઉમેરી એને વધુ પૌષ્ટિક બનાવીએ.

આ બધું આપણા બાળકોની તંદુરસ્તી માટે ખૂબ જ જરૂરી છે. ૫૪ ટકા બાળકો, ગરીબ-અમીર બધા જ, પ્રોટિનની ખામીથી પીડાતા હોય છે, જેને લીધે બાળકોમાં ઓબેસિટી રોગપ્રતિકારક શક્તિ ઓછી હોવી, નબળાઈ, હાડકાં અને સ્નાયુઓની નબળાઈ, માનસિક રીતે નબળાં બાળકો જ આવતીકાલનું ભારત હશે. જો આપણે આજે સાવચેત નહીં થઈએ તો. બેલેન્સ ડાયટના સેમિનારમાં એક પ્રશ્ન પૂછવામાં આવ્યો... કઠોળના ફાયદા શું? એક જણે નિર્દોષભાવે જવાબ આપ્યો, સમારવું ન પડે!

# ધુમ્બપુરેશ્વર મહાદેવ : કાશ્મીરની વિસરાતી શૈવ પરંપરાની જીવંત ધરોહર

### ધુમ્બપુરેશ્વર શિવમંદિર - ધુમ્પોરા

શૈવિઝમમાં અપાર આસ્થા ધરાવતા કશ્મીરી પંડિતો કાશ્મીરમાં શિવાલયના સ્થાન, નિર્માણ અને અસ્તિત્વ માટે હંમેશા જાગૃત રહીને પ્રયત્નશીલ રહ્યાં છે. જે ખૂબ જ સરાહનીય વાત છે. આ શિવંદિર શ્રીનગરમાં બસંતબાગ શ્રીનગર ખાતે સ્થિત છે.

કાશ્મીરની વિસરાતી શૈવ પરંપરા અને એક પ્રાચીન મંદિરની પુનર્જાગૃતી એક આવકારદાયક પગલું છે. પંડિતોને પોતાની માતૃભૂમિ અને પોતાની સંસ્કૃતિ સાથે અદમ્ય આકર્ષણ અને પવિત્ર ભાવના છે જે તદ્દન સ્વાભાવિક છે. ધુમ્બપુરેશ્વર શિવ મંદિર એક ઐતિહાસિક ધરોહર છે એવું પંડિત સમુદાય દ્રઢપણે માને છે. જેથી તેની યોગ્ય જાણકારી તેમની નવી ઊગતી પેઢીને આપે છે જે તેઓની શિવ ભક્તિ અને ચેતના દર્શાવે છે.

બડયારી બાલની સદીઓ જૂની સાંકડી ગલીઓમાંથી પસાર થઈને અમે અંતે વિતસ્તાના પવિત્ર કિનારે આવેલા આ સુંદર અને ઐતિહાસિક મંદિર સુધી પહોંચ્યા. છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસાદ પડવાને કારણે વિતસ્તા નદીનું જળસ્તર વધી ગયું હતું અને પાણી લગભગ મંદિરના ઘાટ સુધી પહોંચી ગયું હતું. આ દશ્યે મંદિરના સમગ્ર પરિસરને એક વિશેષ આધ્યાત્મિક સૌંદર્ય આપી દીધું હતું.

### બસંત બાગ અને ધુમ્પોરાનો ઐતિહાસિક પરિચય

બસંત બાગ અને ધુમ્પોરા–જેને ડૂમપુરા અથવા ડોમપુરા તરીકે પણ ઓળખવામાં આવે છે. શ્રીનગરના ઐતિહાસિક વિસ્તારોમાં આવે છે. આ વિસ્તારો શહેરના પ્રાચીન નદીકાંઠા અને જૂના શહેરની સાંસ્કૃતિક ધરોહર સાથે ગાઢ રીતે જોડાયેલા છે.

૧૯મી સદી દરમિયાન વિતસ્તાના પૂર્વ કિનારે, શેરગઢી મહેલ સંકુલની સામે, શીખ ગવર્નર કર્નલ મિયાં સિંહ દ્વારા બસંત બાગને એક બગીચા તરીકે વિકસાવવામાં આવ્યો હતો.














ધુમ્બપુરેશ્વર શિવ મંદિર શ્રીનગરના ઐતિહાસિક સ્થાનિક મંદિરોમાંનું એક છે અને લાંબા સમયથી અહીંના કાશ્મીરી પંડિત સમાજ માટે પૂજાનું પવિત્ર સ્થાન રહ્યું છે. સ્થાનિક પરંપરા અનુસાર આ મંદિરનું નિર્માણ ડોગરા શાસનકાળ દરમિયાન ડોગરા મહારાજાઓના આશ્રય હેઠળ થયું હતું.

કાશ્મીરના અન્ય અનેક મંદિરોની જેમ આ મંદિર પણ કાશ્મીરના અશાંત સમયગાળામાં ધીમે ધીમે ઉપેક્ષિત બનતું ગયું.

આ મંદિરનો ઈતિહાસ દસ્તાવેજીકૃત માટે કાશ્મીરી પંડિતોએ વર્ષોથી આ મંદિર અંગે સંશોધન, દસ્તાવેજીકરણ અને માહિતી એકત્રિત કરી છે. તેમના વિગતવાર અભ્યાસ અને મંદિર સાથે જોડાયેલી સ્મૃતિઓને કારણે ધુમ્બપુરેશ્વર શિવ મંદિરનો ઈતિહાસ આવનારી પેઢીઓ સુધી પહોંચવાની આશા જીવંત રહી છે.

### ધુમ્બપુરેશ્વર અથવા ડુમરેશ્વર શિવ મંદિર

– નાદબિંદુ દલિપ લાંગુ જીના વર્ણન પરથી અનાદિકાળથી કાશ્મીરને સતી દેશ તરીકે ઓળખવામાં આવે છે અને આ ભૂમિ ભગવાન શિવના અસંખ્ય મંદિરો માટે પ્રસિદ્ધ રહી છે. બારામુલ્લાનું કોટી તીર્થ, અમરેશ્વર, હરિશ્વર, મહાદેવ, ગણપત્યેશ્વર શિવ, વૈખુરી વિહારેશ્વર શિવ, સોમેશ્વર, અષ્ટભૈરવ શિવ અને અનેક અન્ય પવિત્ર શૈવસ્થાનો કાશ્મીરની પ્રાચીન આધ્યાત્મિક પરંપરાના સાક્ષી છે.

કાશ્મીરના દરેક શક્તિ મંદિરમાં પણ એક શિવાલય અથવા શિવ મંદિર જોવા મળે છે.

### શક્તિપીઠોની પૌરાણિક પરંપરા

હિંદુ શાસ્ત્રો અનુસાર, જ્યારે માતા સતી પોતાના પિતા દક્ષ પ્રજાપતિ દ્વારા આયોજિત યજ્ઞમાં, જ્યાં તેમને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું, પોતાને પવિત્ર યજ્ઞાગ્નિમાં સમર્પિત કરી દીધા, ત્યારે ભગવાન શિવ તેમની દેહને લઈને અત્યંત વૈરાગ્યની અવસ્થામાં ભટકવા લાગ્યા. ભગવાન શિવના આ ઉગ્ર અને વિહ્વળ સ્વરૂપને જોઈ ભગવાન વિષ્ણુએ પોતાના સુદર્શન ચક્ર દ્વારા સતીના દેહને અનેક ભાગોમાં વિભાજિત કર્યો. આ અંગો વિવિધ પવિત્ર સ્થળોએ પડ્યા અને ત્યાં શક્તિપીઠોની સ્થાપના થઈ.

પરંપરા અનુસાર સતીના એક આભૂષણરૂપ નાનકડા નૂપુર શ્રીલંકાની ધરતી પર પડ્યા અને તેથી એક વધારાના શક્તિપીઠની માન્યતા પણ જોવા મળે છે.દરેક શક્તિપીઠ સાથે ભગવાન શિવનું એક વિશિષ્ટ સ્વરૂપ રક્ષક દેવતા તરીકે જોડાયેલું છે. તેથી લગભગ દરેક શક્તિપીઠમાં શિવલિંગ જોવા મળે છે. ભગવાન શિવ આ શક્તિપીઠોના રક્ષક દેવ માનવામાં આવે છે.

### કાશ્મીરમાં શૈવ પરંપરાનો વિકાસ

જ્યારે કાશ્મીરમાં બૌદ્ધ ધર્મનો પ્રભાવ વધ્યો ત્યારે વિતસ્તા એટલે કે ઝેલમ નદીના કિનારે આવેલા અનેક પ્રાચીન શિવ મંદિરોની આસપાસ બૌદ્ધ વિહારોનું નિર્માણ થયું. આ પ્રદેશમાં આવેલા આવા અનેક વિહારોને ષોડશ વિહાર



**ચસ્મે બદૂર કશ્મીર**

**ડો. રાધિકા ટીક્કુ, વલસાડ**

તરીકે ઓળખવામાં આવતા હતા, જેને આજે પણ કેટલાક વિસ્તારોમાં શુરહ યાર તરીકે ઓળખવામાં આવે છે. ઘણા શતાબ્દીઓ બાદ ફરી એક વખત શૈવદર્શન અને શૈવ પરંપરાનો ઉદય થયો અને વિવિધ રાજાઓના શાસન દરમિયાન અનેક પ્રાચીન શિવ મંદિરોનું પુનઃનિર્માણ અને જીર્ણોદ્ધાર કરવામાં આવ્યું. છીના મુસ્લિમ શાસનકાળમાં અનેક મંદિરોને નુકસાન પહોંચાડવામાં આવ્યું અને કેટલાક મંદિરો ખંડેરમાં ફેરવાઈ ગયા. આ બધું હવે કાશ્મીરના ઈતિહાસનો એક ભાગ છે.

શીખ અને ત્યારબાદ ડોગરા શાસન દરમિયાન અનેક મહારાજાઓએ આ પ્રાચીન મંદિરોના જીર્ણોદ્ધાર માટે પ્રયત્નો કર્યા. ડોગરા વંશના મહારાજાઓએ શ્રીનગર અને તેના આસપાસના વિસ્તારોને સુંદર બનાવવા માટે ભવ્ય ઈમારતો, મહેલો, ઘરો અને મંદિરોના નિર્માણ તથા પુનઃનિર્માણ પર વિશેષ ભાર મૂક્યો.

### ધુમ્પોરા મંદિરનું પુનઃનિર્માણ

બડયારી બાલ નજીક મહારાજાના નાણામંત્રી સરદાર રૂપ સિંહનો મહેલ બાંધવામાં આવ્યો હતો, જ્યાં આજે લલ દેદ કલ્ચરલ સેન્ટર આવેલું છે. આ જ સમયગાળામાં, એટલે કે ૧૯મી સદીના અંતિમ ભાગમાં, ધુમ્પોરા શિવ મંદિરનું પણ પુનઃનિર્માણ કરવામાં આવ્યું. આ મંદિર મહારાજાના રહેણાંક મહેલ સંકુલની બરાબર સામે આવેલું હતું. કહેવાય છે કે રાજપરિવારના અનેક સભ્યો લાંબી સુશોભિત નૌકાઓ–પારંદાસ દ્વારા વિતસ્તા નદી પાર કરીને આ મંદિરે દર્શન કરવા આવતા હતા. આ મંદિરને મનોકામના પૂર્ણ કરનાર મંદિર તરીકે પણ ઓળખવામાં આવતું હતું. મંદિર સાથે જોડાયેલા નાના કદના સાપો, જેને સ્થાનિક ભાષામાં ધુમ્બ કહેવામાં આવે છે, અહીં ક્યારેક દેખાતા હોવાનું કહેવાય છે. આ કારણે કાશ્મીરી હિંદુઓ અને ડોગરા રાજપરિવારમાં આ મંદિરનું વિશેષ ધાર્મિક મહત્વ હતું.

### સંઘર્ષના સમયમાં મંદિરની સ્થિતિ

વિભાજન બાદ બસંત બાગ વિસ્તારમાંથી હિંદુ વસ્તી ધીમે ધીમે ઘટતી ગઈ અને ધુમ્પોરા મંદિરની પણ યોગ્ય દેખરેખ રહી નહીં. ધીમે ધીમે મંદિર લગભગ અઢી દાયકા સુધી બંધ રહ્યું. પરિણામે મંદિરના પરિસરનો દૈનિક જીવનમાં દુરુપયોગ થવા લાગ્યો. મંદિરની ધર્મશાળામાં બે પરિવારો–એક શીખ પરિવાર અને એક કાશ્મીરી પંડિત પરિવાર–રહેતા હતા. કદાચ આ કારણસર જ મંદિર અત્યંત જર્જરિત હાલતમાં હોવા છતાં તેનું અસ્તિત્વ ટકી રહ્યું.

### ૧૯૭૦ના દાયકામાં પુનઃજીવન

૧૯૭૦ના દાયકામાં ગણપત્યારના પ્રસિદ્ધ મંદિરમાં કાશ્મીરી પંડિતોની એક બેઠક યોજાઈ. આ મંદિર પણ વિતસ્તા એટલે કે ઝેલમ નદીના કિનારે આવેલું છે. આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે ધુમ્પોરા શિવ મંદિરનું પુનઃનિર્માણ સમગ્ર સમાજના કલ્યાણ માટે કરવામાં આવવું જોઈએ. ૧૯૭૦ના દાયકાના મધ્યમાં સ્વર્ગસ્થ પંડિત ટિકા લાલ લાંગુ જીના ઉમદા નેતૃત્વ હેઠળ મંદિરનું પુનઃનિર્માણ શરૂ થયું. ધર્મશાળાઓનું પણ પુનઃનિર્માણ કરવામાં આવ્યું. આ કાર્ય દરમિયાન શરૂઆતમાં સ્થાનિક સ્તરે ભારે વિરોધ થયો. પરંતુ મંદિર સાથે જોડાયેલા સભ્યોએ પોતે શ્રમદાન કર્યું. પંડિત ટિકા લાલ જી પણ અન્ય લોકો સાથે પોતાના હાથથી કામ કરતા રહ્યા.

એક દિવસ મંદિરના પરિસરમાં એક વિશાળ લાંબો સાપ દેખાયો. સ્થાનિક લોકોએ આ ઘટનાને એક ચમત્કાર તરીકે જોઈ અને ત્યારબાદ તેઓ પણ મંદિરના પુનઃનિર્માણના આ પવિત્ર કાર્યને સમર્થન આપવા આગળ આવ્યા. અંતે મંદિરનું પુનઃનિર્માણ પૂર્ણ થયું અને ત્યાં ભવ્ય મહાયજ્ઞ તથા પવિત્ર હવન યોજવામાં આવ્યો.

### ૧૯૯૦ના દાયકાની દુઃખદ ઘટના

૧૯૯૦ના દાયકામાં કાશ્મીરના અન્ય અનેક ધાર્મિક સ્થળોની જેમ આ મંદિરને પણ હિંસક પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો. વર્ષ ૧૯૯૨માં બોમ્બ વિસ્ફોટમાં મંદિરની પ્રતિમાઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું અને કેટલીક ઠાકુર પ્રતિમાઓ નદીમાં ફેંકી દેવામાં આવી. ત્યારબાદ ભયના વાતાવરણને કારણે કોઈ લોકો મંદિરની મુલાકાત લેવાની હિંમત કરતા નહોતા. ઘણા સમય સુધી મંદિર લગભગ નિર્જન રહ્યું. આજે મંદિર સાથે જોડાયેલા કેટલાક પરિવારો અહીં વસે છે અને એપ્રિલ ૨૦૨૨માં નવા શિવલિંગની પુનઃસ્થાપના કરવામાં આવી હતી. હાલમાં કેટલાક પરિવારો દ્વારા અહીં દૈનિક પૂજા કરવામાં આવે છે.

### ધુમ્પોરા - નામની ઉત્પત્તિ

પ્રસિદ્ધ શાસ્ત્રવિદ્ અને કાશ્મીરની પ્રાચીન પરંપરાઓના જાણકાર સ્વર્ગસ્થ કેશવ નાથ શાસ્ત્રી જીના મત અનુસાર ધુમ્પોરા નામ ભગવાન શિવના ડમરુ પરથી ઉતરી આવ્યું છે.

તેમણે આ મંદિરને ડુમરેશ્વર શિવ મંદિર તરીકે ઓળખાવ્યું હતું. પરંતુ આ વિસ્તારની સ્થાનિક પરંપરા અને અહીં જોવા મળતા સાપોને ધ્યાનમાં લઈ બીજી એક વ્યાખ્યા પણ પ્રચલિત છે. ડુંબા એટલે નાનો સાપ. આ પ્રકારના નાના સાપો આ વિસ્તારમાં જોવા મળે છે અને મંદિર સાથે તેમની ધાર્મિક માન્યતા જોડાયેલી છે.

તેઓ સામાન્ય રીતે કોઈને નુકસાન કરતા નથી. ભગવાન શિવ સાથે આ સાપોની પવિત્ર સંકળામણને કારણે મંદિરને ધુમ્બપુરા અથવા ડુંબપુરા પણ કહેવામાં આવે છે. બંને વ્યાખ્યાઓ પોતાની રીતે યોગ્ય લાગે છે. મંદિરના ઈતિહાસને ધ્યાનમાં લઈએ તો અહીં સાપોની પરંપરા પ્રાચીન સમયથી જોડાયેલી હોવાનું જણાય છે. અનેક પ્રાચીન મંદિરોમાં પણ શિવની પ્રતિમાઓ અને અન્ય શિલ્પોમાં સાપોનું વિશેષ સ્થાન જોવા મળે છે.

મંદિરની બહાર પડેલી જૂની અને ક્ષતિગ્રસ્ત પ્રતિમાઓ પણ આ પરંપરાની સાક્ષી આપે છે. અહીં જોવા મળતી કેટલીક પ્રાચીન ભૈરવ પ્રતિમાઓ પણ મંદિરના સમૃદ્ધ ઈતિહાસ વિશે ઘણું કહે છે.

### ભવિષ્ય માટેની અપીલ

કાશ્મીરમાં નવા યુગની શરૂઆત સાથે હવે તમામ સરકારી સત્તાધિકારીઓને વિનંતી છે કે ગાવ કાદલ પોઈન્ટથી ધુમ્પોરા ઘાટ સુધી બંડની બાજુથી એક માર્ગ બનાવવામાં આવે.

આ માર્ગ બનવાથી બાંધકામ સામગ્રી મંદિર સુધી સરળતાથી પહોંચી શકશે, ખર્ચ ઘટશે અને અગાઉની જેમ શ્રમ તથા સામગ્રીનો બગાડ અટકાવી શકાશે.

શીખો, ડોગરાઓ અને કાશ્મીરી પંડિતો દ્વારા સમયાંતરે પુનઃનિર્મિત થયેલું આ ઐતિહાસિક મંદિર આજે ફરીથી સંરક્ષણ અને વિકાસની રાહ જોઈ રહ્યું છે.

આ મંદિર એવા લોકોના સહયોગથી ફરી નવી જ્યોતિ જોઈ શકે છે, જેઓ સમાજના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે અને એવા સુખી, સમૃદ્ધ અને શાંતિપૂર્ણ કાશ્મીરનું સ્વપ્ન જુએ છે જ્યાં દરેક વ્યક્તિને સમાન અધિકાર અને સન્માન સાથે જીવવાની તક મળે.

પંડિત સમુદાય પાસેથી જાણવા મળ્યું છે કે, રૂપ સિંહના મહેલ સહિત ગણપત્યાર, બડયારી બાલ અને ધુમ્પોરાના આસપાસના વિસ્તારોનાં અનેક ઘરોનું તે સમયગાળામાં પુનઃનિર્માણ અથવા સૌંદર્યીકરણ કરવામાં આવ્યું હતું, જેથી મહારાજાના મહેલ અને રૂપ સિંહના મહેલ બંનેનો સમગ્ર વિસ્તાર ભવ્ય દેખાય. ધુમ્પોરા શિવ મંદિરનું પણ આ જ ઐતિહાસિક સમયગાળામાં પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું.

### અંતિમ શબ્દ

ધુમ્બપુરેશ્વર શિવ મંદિર માત્ર એક પ્રાચીન મંદિર નથી. તે કાશ્મીરની શૈવ પરંપરા, કાશ્મીરી પંડિત સમાજની આસ્થા, ડોગરા અને શીખ યુગની સ્થાપત્ય ધરોહર અને વિતસ્તા નદીના કિનારે વિકસેલી શ્રીનગરની પ્રાચીન સંસ્કૃતિનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આવા મંદિરોનું સંરક્ષણ માત્ર એક સમુદાયની જવાબદારી નથી; આ સમગ્ર કાશ્મીરની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહરને બચાવવાની જવાબદારી છે. ધુમ્બપુરેશ્વર મહાદેવની આ પવિત્ર ધરોહર ફરીથી ભક્તિના દીવડાઓથી પ્રકાશિત થાય અને વિતસ્તાના કિનારે ફરી એકવાર શિવમંત્રનો પવિત્ર નાદ ગુંજે–એ જ પ્રાર્થના.

# દેશ સ્વતંત્ર-ચમનીયો પરતંત્ર..!




હાસ્યનું કામકાજ પણ કાંદા-બટાકા જેવું..! કાંદા-બટાકા કોઈપણ શાકનું પુરક બને. આઝાદ-દિન આવ્યો, એટલે મને પણ થયું કે, લાવ એમાં હાસ્યનો વઘાર કરું..! ભારત એ ભારત છે દાદૂ..! સંતોનો દેશ, ઋષિઓનો દેશ, નદી,પહાડો અને જંગલોનો દેશ, શ્રી રામ અને શ્ર કૃષ્ણનો દેશ અને વેદ વિચારનો દેશ..! એક છોકરાને પૂછ્યું કે, દુનિયામાં દેશ કેટલા? મને કહે,' ભારત એક જ..! બાકીના બધા 'વિદેશ' કહેવાય..! એના કપાળમાં કાંદા ફોડું..! એક વાત તો, ભારતમાં જનમ મળે એટલે સમજવું કે, પૂર્વ જનમના સંસ્કાર સારા, તો જ ભારતમાં જનમ મળે..! ભારતમાં જનમ લેવા માટે જો શેર બજારની જેમ બોલી બોલાતી હોય તો, નક્કી ઊંચા ભાવે જાય..! કોઈએ પણ ભગવાનને ફરિયાદ કરી નથી કે, તમે મને ભારતમાં જનમ આપી ને ફસાવી દીધો, મને પાછો ઉપર બોલાવી લે..! આ તો એક ગમ્મત કે, જમાનો Artificial intelligence નો છે .! ભગવાન પણ જો ભક્તોના દબાણ માં આવી ગયા તો, ભરોસો નહિ, પાર્સલને પાછું બોલાવી પણ લે..!

આ તો થયું કે, લગનના ગીત લગને નહિ ગાઉં તો સારું નહિ લાગે. ફરી પાછી એક ૧૫મી ઓગષ્ટ આવી. એ જોઈને વિચાર આવ્યો કે, આઝાદ દિન આવે એટલે કેવું ચોમેર દેશ ભક્તિ છલકાવા માંડે ? આપણને આનંદ થાય. શું સફેદ ઝભ્ભા ચઢાવીને નારા લગાવવાથી રાષ્ટ્રભક્તિ પ્રગટતી હશે? તો તો ભારતના બગલાઓમાં પણ દેશદાઝી ફૂટી હોત..! અમુક તો સરકસના શો વખતે ટાઈગર બહાર નીકળે એમ પ્રગટ થતા હોય. આખું વર્ષ સ્વચ્છતાનું સુતક પાળ્યું હોય, ગુટખા-મસાલાને પાનની પીચકારીઓથી રસ્તાઓનું રંગરોગાન કર્યું હોય, સોસાયટીના નાકે બેસીને ભારતની 'તારી-મારી' કરી હોય, એ જ બધા ધ્વજ વંદન ટાણે પહેલી હરોળમાં ઉભા હોય. સવારમાં જેવું લાઉડસ્પીકર ઉપર 'અય મેરે વતન કે લોકોંની ધૂન વાગે, એટલે માતાજી આવે, એમ શરીરમાં દેશભક્તિ આવી જાય. પછી એવો કલર પકડે કે, ગળું ફાડીને ગરનાળું ભલે થઈ જાય, પણ દમથી નારો લગાવે, 'આઝાદી અમર રહો..!' અમારો ચમનીયો તો બ્યુગલમાં એવી ફૂંક મારે કે, ઝાડવા ઉપર જમાવટ કરીને બેઠેલા પંખીઓ પણ ઝાડવા છોડીને ઉડી જાય, ને જાગેલા મરઘા ગભરાઈને પાછા સુઈ જાય..! આ તો હસવાની વાત, બાકી આપણા દેવતુલ્ય પતિઓને ખરેખર આઝાદી મળી છે ખરી..? કોણ ભલાને પૂછે છે..? આઝાદ દિનનાં માધ્યમથી મારે એ જ વ્યથા-કથા કરવી છે..! અમારો ચમનીયો જ્યારથી પતિ થયો, ત્યારથી પતી ગયો. બાકી એનો દેશ-પ્રેમ એટલે હોલમાર્ક સોના જેવો..! લોકો ધાર્મિક તહેવાર હોય તો, ઉપવાસ રાખે, એ રાષ્ટ્રીય તહેવારના જ ઉપવાસ રાખે..! લોકો ધ્વજ વંદન કર્યા પછી નાસ્તા-પાણીના જલસા ભલે કરતા હોય, પચમનીયો સવારથી સાંજ સુધી અન્નનો દાણો નહીં લે..! દેશપ્રેમ એટલે દેશપ્રેમ..! આખો દિવસ રેંટીયો ચલાવે, ને સાંજે ઝંડો ઉતાર્યા પછી જ, પારણા કરે..! તે પણ વંદે માતરમ ગાઈને ..! એવો દેશપ્રેમી..!

આમપણ ચમનીયા માટે ૧૫મી ઓગષ્ટનું મહત્વ વધારે . કારણ કે, જે દિવસે ભારત આઝાદ થયેલું, એ દિવસે ચમનીયો ગુલામ બનેલો. ચમનીયાના લગન ૧૫મી ઓગષ્ટે થયેલા..! દેશ માટે ભલે એ આઝાદીનો દિવસ હોય, પણ ચમનીયા માટે પોતાની 'સ્વતંત્રતા' વિસર્જિત કરવાનો દિવસ!..! હસતાં હસતાં બધાને કહે કે, 'જોયું..? મારી લગ્નતિથિની ઉજવણી તો આખો દેશ કરે..! એ દિવસે આખા દેશમાં જાહેર રજા હોય..! પણ આટલું કહેતા જ્યારે ડૂમો ભરાય જાય ત્યારે કહે, 'રમેશિયા..! આ આઝાદ દિને મારે જો કોઈ પ્રજા-જોગ સંદેશ આપવાનો હોય તો, હું એટલો જ આપું કે, 'પાંચ વિંધા જમીનમાં ઘઉં-જુવાર બાજરો વાવજો, પણ લગન નહિ કરતા..!' નહિ તો પતિ થવામાં પતી જશો..! કુંવારો હતો ત્યારે સિંહ જેવો હતો. જ્યાં બેસું તે સિંહાસન બની જતું. જ્યાં ભટકવું હોય ત્યાં ભટકાય, જે ખાવું હોય તે ખવાય, રાત્રે ગમે તેટલા વાગે ઘરે અવાય!..! કોઈ રોકે નહિ, કોઈ ટોકે નહિ..! જેવા હાલ થયા એટલે. સિંહ ઉપર "માતાજી" ની સવારી આવી ગઈ. પાળેલા પ્રાણી જેવી હાલત થઈ ગઈ..! જે લોકો 'રોકી' કહેતા,એ મારી હાલત જોઈને બળાપો કાઢે કે, લગન પછી રોકી કેમ 'રાંક' બની ગયો..?

એક મિત્રએ ચમનીયાને પૂછ્યું કે, લગન કરવા હોય તો લવ મેરેજ સારા કે એરેન્જ મેરેજ..? ચમનીયો કહે 'કારેલાને બાફીને ખાવ, તળીને ખાવ કે, રાંધીને ખાવ, કોઈ ફરક નહિ પડે.

કડવાશ તો પકડે જ..!' ઘડિયાળને દર અઠવાડીએ ચાવી આપવાની, ને વાઈફને દર મહિનાની પહેલી તારીખે પગાર આપવાનો..! હિસાબ તો માંગવાનો જ નહિ..! માંગવા ગયા તો ભ.જા. (ભગવાન જાણે) કહીને છૂટી જાય..! ગાય ખાય ગઈ, એમ સમજી મૌન ધારણ કરી લેવાનું..! ખૂબી એ વાતની કે, ચમનીયાનો ઝઘડો એની વાઈફ સાથે થાય તો, આપણી જેમ બરાડા નહિ પાડે. સંસ્કૃત ભાષામાં ઝઘડીને ઉભરા કાઢે. એમાં એકવાર તો હું ભેરવાય ગયેલો. એના ઘરમાંથી ગુસ્સાથી સંસ્કૃતભાષામાં અવાજ આવ્યો. 'ત્વમ્ મહા મૂર્ખમ્... અહમ્ ભોજનમ્ ન ખાધામિ.!' મને એમ કે, ઘરમાં પૂજા ચાલે છે. એટલે હું થાળી-વાડકો લઈને પ્રસાદ લેવા પહોંચ્યો. પછી ખબર પડી કે, ઘરમાં પૂજા નથી ચાલતી, પણ શાસ્ત્રોક્ત પદ્ધતિથી બંને વચ્ચે ઝઘડો ચાલે છે..!

ઝઘડાનું મુક કારણ ક્યારેક હોય તો ટીવીનું રિમોટ ..! એની શોધ શોધ, જેણે કરી હોય તેણે, પણ લગન પછી જ એની વેલ્યુ સમજાય. કુંવારા હોય ત્યારે ટીવી પર આવતી ક્રિકેટ મેચનાં એક-એક બોલ ઉપર નજર ભલે ઠરતી હોય, પણ લગન પછી સાસુ-વહુના ઝઘડા જ જોવાના આવે. એમાં એકાદ એપિસોડ ચુકી ગયા તો વર બદલાય જાય, ક્યાં તો એની ઘરવાળી બદલાય જાય...! દેશનો ગ્રોથ વધે કે ઘટે એની ચિંતા નહીં કરવાની, પણ સાંજે સીરિયલમાં વહુએ સાસુના ચામાં મીઠું નાખ્યું કે ઝેરની પડીકી એ જ જોવાની..! રીમોટનો કબજો લેવામાં એવા ઝઘડા થાય કે, રિમોટ પણ સોફાના ખૂણામાં સંતાઈ જાય. જેને શોધવા માટે તપાસ સમિતિ બેસાડવી પડે. ટૂંકમાં લગન થયા પછી પતિની આઝાદી રહેતી નથી...! પતિ ભલે પરમેશ્વર કહેવાતો હોય, પણ ઘણા પરમેશ્વરોએ તો લોકલાજે પણ બોલવું પડે કે, 'આઝાદી અમર રહો..!'

### લાસ્ટ બોલ

એના કપાળમાં કાંદા ફોડું, ચમનીયાનાં પહેરવાના કપડામાં પણ વાઈફની દખલગીરી..! ચમનીયાને પીળો શર્ટ અને સફેદ પેન્ટ પહેરવાનો બહુ ગમે.એક દિવસ ચંચીએ હસતાં હસતાં કહ્યું, 'હવે આ પીળો શર્ટ અને સફેદ પેન્ટ નહિ પહેરતા. મારી બહેનપણીઓ તમને જોઈને પૂછે છે કે, 'તારો 'દાળ-ભાત' કેમ આજકાલ દેખાતો નથી.?

બિચારા એ પીળો શર્ટ પહેરવાનું બંધ કરી, ને લાલ-લીલા કપડાં પહેરવાનું શરુ કર્યું. તો એની બહેનપણી હવે એમ કહે છે કે, 'જો તારો પોપટ આવ્યો..!'તારા કપાળમાં કાંદા ફોડું..! ( રમેશભાઈ ચાંપાનેરી "રસમંજન)

# કેવા હતા મોરારજીભાઈ? આવા હતા મોરારજીભાઈ



**અભિવ્યક્તિ**

**ડો. જે.એમ. નાયક (નવસારી)**
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

(શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડની હિરક જયંતિ મહોત્સવની ઉજવણી પ્રસંગે સોવેનિયર માટે આમંત્રિત ??.)

સૌ પ્રથમ શ્રી મોરારજીભાઈની ૧૧૬મી જન્મ જયંતિ ઉજવણી પ્રસંગે માત્ર વલસાડના જ નહી પરંતુ સમગ્ર ભારતના પનોતાપુત્ર શ્રી મોરારજીભાઈ જેવા સિદ્ધાંતનિષ્ઠ શતાયુ મહાપુરુષને શાહ મેન.એચ. કોમર્સ કોલેજ પરિવાર વતી હૃદયપૂર્વક વંદન કરું છું.

મહાત્મા ગાંધીજીના આદર્શોને વરેલા મોરારજીભાઈ, ગાંધી વિચારના અનુયાયી ખરા પરંતુ ગાંધીજીના વિચારો અવ્યવહારૂ લાગે અથવા પોતે ગાંધીના વિચારો સાથે સમંત ન થતા હોય ત્યાં આ વિચારો સાથેની અસંમતિ સ્પષ્ટપણે જાહેર કરનાર અને સ્પષ્ટ ઈનકાર કરનાર એટલે વલસાડના પનોતા પુત્ર શ્રી મોરારજીભાઈ.....

મોરારજીભાઈનું સમગ્ર જીવન તેઓ જીવ્યા ત્યાં સુધી ખુલ્લી કિતાબ જેવું રહ્યું. એમના જીવનમાં છુપાવવા જેવું કશું હતું જ નહીં અને ધારો કે ખણખોદ કરીને એમના જીવનમાંથી કંઈક શોધવાનો પ્રયત્ન કરવામાં આવે તો ચોકકસ કંઈ મળી આવે અને તે છે જીવન મૂલ્યોનો ભરપૂર ખજાનો !

આજે જયારે આપણા દેશના એક રાજયના ચીફ મીનીસ્ટર પોતાના ચપ્પલ લેવા ખાસ વિમાન મુંબઈ મોકલે છે ત્યારે મહાત્મા ગાંધીજીના કરકસરના સિદ્ધાંતના મોરારજીભાઈ કડક આગ્રહી રહયા અને તે ત્યાં સુધી કે પોતાના અંગત કામ માટે સરકારી લેટરહેડને બદલે પોસ્ટકાર્ડનો ઉપયોગ કરતા હતા. ભારતના વડાપ્રધાન હતા ત્યારે સરકાર તરફથી જે સુવિધાઓ મળે તેનો ઉપયોગ ફક્ત સરકારી કાર્યો માટે જ કરતા હતા અને એ પણ બિનજરૂરી લાગે એવા પ્રકારની સગવડો મેળવવાની સ્પષ્ટ ના પાડનાર આવા સિદ્ધાંતનિષ્ઠ હતા. મોરારજીભાઈ....

શ્રી મોરારજીભાઈ કેટલીક બાબતોના ખૂબ જ આગ્રહી હતા. જેમકે એઓને કોઈ અંગત કામ માટે મળવા આવે અને એમણે ખાદી પહેરી હોય તો એમને આવનાર સાથે વાત કરવાનું ગમતું. એટલું જ નહી ઓફીસમાં એમને મળવા આવનાર બહાર બુટ-ચંપલ ઉતારીને એમને મળે એવો એમનો આગ્રહ રહયો હતો.

આજે જાહેર જીવનમાં અને રાજકારણમાં પણ સિદ્ધાંતોની વાતો ખૂબ જ થાય છે ત્યારે મૂલ્ય અને સિદ્ધાંતોનો અમલ કરનાર મોરારજીભાઈ જેવા વિરલાઓ કોઈક જ મળી આવે. એમ કહી શકાય કે ફક્ત ને ફક્ત સિદ્ધાંતને ખાતર જ એમણે એમના પુત્ર કે પરિવારને પણ એમના હોદ્દાને આધારે કોઈ લાભ નથી અપાવ્યો એટલું જ નહીં એમના વતન ભદેલી કે વલસાડને પણ કોઈ વધારાની સુવિધાઓ અપાવી નથી કે વિશેષ લાભ અપાવ્યો નથી એને કારણે જ એઓને વલસાડ માટેની કોઈ વિશેષ સુવિધાની માંગણી લઈને એમને મળે તો સ્પષ્ટપણે જણાવી દેતા કે હું આખા દેશનો વડાપ્રધાન છું ફક્ત વલસાડનો નથી આવા હતા સિદ્ધાંતવાદી શ્રી મોરારજીભાઈ...

આજે જયારે ભારત દેશના કોઈ એક રાજયના મુખ્યપ્રધાન રાજયની તિજોરીમાંથી ૮,૦૦૦ કરોડના ખર્ચે પોતાના સ્મારકો કે સ્ટેચ્યુ બનાવે છે ત્યારે એમણે ભદેલી ગામમાં એમનું સ્મારક બનાવવાની સ્પષ્ટપણે ના પાડી દીધી હતી.

વિદેશમાં પણ એઓ પોતાના સિદ્ધાંત માટે આગ્રહી રહ્યા હતા. દારૂબંધીના સખત આગ્રહી એવા મોરારજીભાઈએ એકવાર યુ.એસ.એ.ના વોર્મીંગ્ટન ડી.સી.ની ફોરેન એમ્બેસીમાં પાર્ટી હતી ત્યારે સ્પષ્ટપણે આગ્રહ કરીને જણાવેલું કે પાર્ટીમાં લીકર યાને દારૂ પીરસાવો જોઈએ નહીં અને જો દારૂ પીરસાશે તો એઓ પાર્ટી છોડીને જતા રહેશે. આજે ગાંધીના ગુજરાતમાં અને મોરારજીના ગુજરાતમાં દારૂબંધી અમલી છે. એએઓને જ આભારી છે.

રાષ્ટ્રભાવના, રાષ્ટ્રગૌરવ જેવા શબ્દો મોરારજીભાઈના મોંએ જ શોભે. બાકી વાતવાતમાં જાહેરમંચ પર દેશહિતની વાત કરનારા થકી આ દેશને ઘણું જ નુકસાન થયું છે. રાષ્ટ્રગીતની અદબ જાળવવાનું તો કોઈ મોરારજીભાઈ પાસેથી જ શીખે, એકવાર એઓ વડોદરા એક યજમાનને ત્યાં બેઠા હતાં અને બાજુની સ્કુલમાં રાષ્ટ્રગીત શરૂ થયું અને એમના કાને સંભળાયું એટલે ફટ દઈને ઊભા થઈ ગયા અને શિસ્તબદ્ધ રીતે પૂરી અદબથી રાષ્ટ્રગીત પૂરૂં થયું ત્યાં સુધી ઉભા રહયા. આવા હતા રાષ્ટ્રવાદી શ્રી મોરારજીભાઈ... ટાઈમ મેનેજમેન્ટની આજે વાતો ઘણી થાય છે અને ખાસ કરીને રાજકારણીઓની જાહેર સભાઓમાં સમય વ્યવસ્થાપનનો છડેચોક ભંગ થાય છે ત્યારે મોરારજીભાઈ સમયના પાલન માટે ખૂબ જ આગ્રહી હતા. પોતે વડાપ્રધાન હતા ત્યારે પણ વહેલા સૂઈ જતા અને ત્યાં સુધી કે કટોકટી પછી રાત્રે ચૂંટણીના પરિણામો આવતા જતા હતા અને જનતા પક્ષની વિજયની ખુશાલી આખો દેશ મનાવી રહ્યો હતો ત્યારે પણ નિત્યક્રમ મુજબ તેઓ સૂઈ ગયા અને સવારે ઉઠીને જ વિજયના સમાચાર જાણ્યા. ઈશ્વરેચ્છા બળવાન એ એમના જીવનનું સૂત્ર હતું. અનેક વિપરીત સંજોગોમાં પણ એમની સ્વસ્થતા અચરજ પમાડે તેવી હતી. એમના દીકરા કે પુત્રવધુના અકસ્માતથી મૃત્યુના સંજોગોમાં કે એમને નડેલા વિમાની અકસ્માત વખતે પણ એમની સ્થિત-જ્ઞતાને દાદ દેવી જ પડે! આવા હતા સ્થિત-જ્ઞ શ્રી મોરારજીભાઈ.... કોઈને પણ પૂછો કે શ્રી મોરારજીભાઈના સૌથી મોટા શત્રુ કોણ ? તો પ્રત્યુતર મળશે કે શ્રી મોરારજીભાઈના સૌથી મોટા શત્રુ મોરારજીભાઈ પોતે જ હતા. સ્પષ્ટવકતા હોવાને કારણે કોઈની પણ સાડાબારી રાખ્યા વિના કડવું સત્ય કહેવાની એમનામાં તાકાત હતી. સત્યનિષ્ઠ અને પ્રામાણિક માણસ જ સ્પષ્ટપણે કોઈને હિંમતભેર કહી શકે! અને તેથી જ ઉપરથી કડક પરંતુ અંદરથી મૃદુ હોવા છતા એમનાં અનેક શત્રુઓ ઊભા થતા, આમ છતાં એમણે ક્યારેય એમના સિદ્ધાંત સાથે બાંધછોડ કરી ન હતી.

કરન્ટ સાપ્તાહિકના તંત્રી કટાક્ષમાં શ્રી મોરારજીને મોરલજી કહેતા ! અર્થાત્ શ્રી મોરારજીભાઈ મોરલવાળા હતા. ભારત રત્ન અને નિશાન-એ-પાકિસ્તાન જેવા શ્રેષ્ઠ ઈલ્કાબોથી સન્માનિત આ રાજપુરુષને કોટિકોટિ વંદન કરી વિરમું છું.

# કૈલાસપતિનો વૈરાગ્ય અને અકિંચનતાનું પરમ ઐશ્વર્ય



હે કાગ ! કેટલાય અસુરો બળવાન થયા ને સ્વર્ગ લેવા ગયા, પણ તેમાંથી કોઈ કૈલાસ જીતવા-લેવા ન ગયા; કારણ કે ત્યાં તો બમભોલેનાથ - સદાશિવ એકલા. સંપત્તિમાં નાગ, ભૂત, પોઠિયો, વાઘાંબરને મસાણની રાખ, જે ચોળીને એ અવિનાશી નગ્ન અવધૂત દશામાં બેઠા હોય છે.

(કવિ કાગ,દુહો દસમો વેદ, કાગવાણી ભાગ ૩)

કવિરાજ ભગતબાપુ કાગે પોતાના અમર કાવ્યસ્પંદનોમાં જગતના એક અત્યંત ગૂઢ અને મહાન સત્યને ખૂબ જ સહજતાથી આલેખ્યું છે. તેઓ કહે છે કે આ સૃષ્ટિના ઈતિહાસમાં કેટકેટલા બળવાન અને અહંકારી અસુરો પાક્યા, જેમણે પોતાની શક્તિના મદમાં આવીને સ્વર્ગનો વૈભવ છીનવી લેવા માટે ધાડાં પાડ્યા. સ્વર્ગની અપ્સરાઓ, અમૃત, ચિંતામણી અને રિદ્ધિ-સિદ્ધિઓને પોતાના તાબામાં કરવા માટે દાનવો અને દેવો વચ્ચે સતત સંગ્રામો ખેલાતા રહ્યા. પરંતુ ક્યારેય કોઈ અસુર કે અહંકારી સત્તાધીશે કૈલાસ પર્વત તરફ નજર કરવાની કે તેને જીતી લેવાની હિંમત ન કરી. કૈલાસ હંમેશાં અજિત રહ્યો, નિર્ભય રહ્યો અને અવિચળ રહ્યો. આનું કારણ શું? કારણ કે ત્યાં તો પરમ ત્યાગી, સર્વવ્યાપી અને સહજ સમાધિમાં બિરાજમાન એવા ભોળાનાથ સદાશિવ બિરાજે છે. જ્યાં ભૌતિક સંપત્તિનો મોહ નથી, જ્યાં મેળવવાની તૃષ્ણા નથી અને જ્યાં સત્તાનો અહંકાર નથી, તેને ભળભળા સામ્રાજ્યો પણ ક્યારેય જીતી શકતા નથી. કાગવાણીનો આ ભાવ માત્ર એક પૌરાણિક કથાનો સંદર્ભ નથી, પરંતુ માનવ જીવન, અધ્યાત્મ અને આધુનિક વિચારસરણી માટે એક અત્યંત ગંભીર અને જ્ઞાનવર્ધક સંદેશ છે.સ્વર્ગ એ ભૌતિક સુખો, વાસનાઓ, લાલસાઓ અને ક્ષણિક આનંદનું પ્રતીક છે. આજના યુગમાં પણ માણસ જે દોડધામ કરી રહ્યો છે, તે સ્વર્ગરૂપી ભૌતિક વૈભવને પામવા માટે જ કરી રહ્યો છે. મોટી ગાડીઓ, બંગલા, પદ અને પ્રતિષ્ઠા મેળવવાની આંધળી દોડમાં આજે માણસ પોતાની શાંતિ અને વિવેક ગુમાવી રહ્યો છે. પણ જે વસ્તુ ભૌતિક છે, જે માયાના બંધનમાં છે, તેના પર હંમેશાં છીનવાઈ જવાનો કે નાશ પામવાનો ભય તોળાતો રહે છે. અસુરો સ્વર્ગ પર આક્રમણ એટલા માટે કરી શકતા હતા કારણ કે સ્વર્ગ પાસે 'મમત્વ' અને 'અહંકાર' હતો. દેવો પાસે સંપત્તિ હતી, પણ તે સંપત્તિને ખોઈ બેસવાનો ડર પણ હતો. જેની પાસે સંગ્રહ છે, તેને લૂંટાઈ જવાનો ભય રહેવાનો જ. પરંતુ કૈલાસ એ સ્વર્ગથી સાવ જુદી જ ભૂમિ છે. કૈલાસ એ વૈરાગ્ય, ચિત્તશુદ્ધિ અને પૂર્ણ આત્મસંતોષનું પ્રતીક છે.



**નોખી-અનોખી**

**- કિંજલ પંડ્યા, પારડી**

મહાદેવની સંપત્તિ શું છે? ગળામાં ઝેરી નાગ, સંગાથમાં ભૂત-પ્રેત અને ગણો, વાહન તરીકે એક પોઠિયો એટલે કે નંદી મહારાજ, પહેરવા માટે વાઘનું ચામડું અને આખા શરીર પર ચોળવા માટે સ્મશાનની રાખ. જેણે સ્મશાનની ભસ્મ પોતાના શરીર પર લગાવી દીધી હોય, તેને આ સંસારનો કોઈ વૈભવ આકર્ષી શકતો નથી. જેણે મૃત્યુના આંતરિક સત્યને સ્વીકારી લીધું હોય, તેને કાળનો ડર પણ સ્પર્શી શકતો નથી.

દ્વાપર કે ત્રેતાયુગના રાક્ષસો હોય કે આજના સમયના માનસિક દાનવો, અહંકાર હંમેશાં ત્યાં જ આક્રમણ કરે છે જ્યાં તેને કશુંક પચાવી પાડવાની શક્યતા દેખાય. ભોળાનાથ તો પરમ અવધૂત દશામાં, અનંત સમાધિમાં વિલીન થઈને બેઠા છે. તેમની પાસે એવું કશું જ નથી જેને ભૌતિક અર્થમાં 'માલમત્તા' કહી શકાય, અને છતાં તેમની પાસે એ બધું જ છે જે સમગ્ર બ્રહ્માંડને સંચાલિત કરે છે. આ જ અકિંચનતાનું પરમ ઐશ્વર્ય છે. જ્યારે માણસ પોતાના જીવનમાંથી 'મારું અને તારું' નો ભાવ છોડી દે છે, ત્યારે તે કૈલાસ જેવા અવિચળ સ્થાન પર પહોંચી જાય છે. કાગબાપુના આ દુહામાં નિહિત જ્ઞાન આપણને શીખવે છે કે સાચી તાકાત સંગ્રહ કરવામાં નથી, પણ વિસર્જન કરવામાં છે. જગતમાં જેટલા પણ મહાન વિજેતાઓ થયા, તેઓ જમીનના ટુકડાઓ અને સોના-ચાંદીના ભંડારો જીતી શક્યા, પણ કોઈ ત્યાગીના મનને ક્યારેય જીતી શક્યા નથી. સિસોદિયા રાણા હોય કે ગૌતમ બુદ્ધ, કે પછી ભગવાન મહાવીર હોય; જ્યારે કોઈ વ્યક્તિ સંસારના તુચ્છ સુખોનો ત્યાગ કરીને આત્મજ્ઞાનના માર્ગે નીકળે છે, ત્યારે સંસારની મોટી મોટી સત્તાઓ પણ તેના ચરણોમાં નમી પડે છે.મહાદેવનું આ સ્વરૂપ આપણને શીખવે છે કે જીવનમાં ખરી શાંતિ અને નિર્ભયતા ક્યાંથી મળે છે. આપણે દિવસ-રાત જે અશાંતિ અને તણાવમાં જીવી રહ્યા છીએ, તેનું મુખ્ય કારણ એ જ છે કે આપણે સ્વર્ગ જીતવાના અસુર જેવા મોહમાં ફસાયેલા છીએ. આપણે વધુ ને વધુ ભેગું કરી લેવા માંગીએ છીએ, જેના કારણે આપણી અંદર ભય, ઈર્ષ્યા અને અસંતોષ સતત વધતા રહે છે. જો આપણે આપણી અંદર કૈલાસ જેવી સ્થિરતા ઊભી કરવી હોય, તો આપણે શિવના આ અવધૂત સ્વરૂપને સમજવું પડશે. શિવ એટલે જે કલ્યાણકારી છે, શિવ એટલે જે વિકારોથી પર છે. સ્મશાનની રાખ આપણને યાદ અપાવે છે કે આ દેહ અને આ સંસાર ક્ષણભંગુર છે. અંતે તો બધું જ રાખમાં ભળી જવાનું છે. આ સત્યને જે ક્ષણે માનવચિત્ત સ્વીકારી લે છે, તે જ ક્ષણે તેના જીવનમાંથી અહંકારનો વિનાશ થાય છે. નાગ, ભૂત અને વાઘ જેવા હિંસક અને ભયાનક તત્ત્વો પણ મહાદેવની હાજરીમાં શાંત થઈ જાય છે, કારણ કે શિવ પાસે પ્રેમ, શૂન્યતા અને પરમ શાંતિ છે. જ્યાં પ્રેમ અને અહંકારશૂન્યતા હોય, ત્યાં હિંસા પોતાનું અસ્તિત્વ ગુમાવી બેસે છે.

કવિરાજ કાગના શબ્દોમાં લોકવાણીનો જે મર્મ છે, તે ભારતીય સંસ્કૃતિના ઉપનિષદોના સારને રજૂ કરે છે. 'તેન ત્યક્તેન ભુંજીથા' - ત્યાગ કરીને ભોગવ. શિવજી આ સિદ્ધાંતના સાક્ષાત અવતાર છે. તેઓ વિષ પીને પણ નીલકંઠ કહેવાયા અને અમૃત દેવોને વહેંચી દીધું. જગતની તમામ સંપત્તિ અને સિદ્ધિઓ તેમના ચરણોમાં આળોટે છે, છતાં તેઓ હિમાલયના મૌનમાં જ લીન રહે છે.

જ્યારે કોઈ વ્યક્તિ પોતાની જાતને અંદરથી સંતોષથી ભરી દે છે, ત્યારે બહારનો કોઈ અભાવ તેને દુઃખી કરી શકતો નથી. આજના ગ્રાહકવાદી યુગમાં, જ્યાં પ્રચાર અને પ્રદર્શનનો મહિમા વધી ગયો છે, ત્યાં મહાદેવનું આ 'પરમ અવધૂત' સ્વરૂપ આપણને આંતરિક સાદગી અને ઉચ્ચ વિચારો તરફ પાછા વળવાની પ્રેરણા આપે છે. આપણી પાસે ભલે સુખ-સાધનો હોય, પણ જો મનથી આપણે અલિપ્ત રહી શકીએ, તો સંસારનો કોઈ તણાવ આપણને સ્પર્શી શકશે નહીં.

કાગવાણીનો આ દસમો દુહો આપણને માત્ર ભક્તિરસમાં બોળતો નથી, પણ એક ઊંડી આત્મખોજ તરફ દોરી જાય છે. તે આપણને પૂછે છે કે આપણે આપણા જીવનમાં સ્વર્ગ ઊભું કરવા માગીએ છીએ કે કૈલાસ? સ્વર્ગ જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી સંઘર્ષ, આક્રમણ અને ભય રહેશે; પણ જ્યાં કૈલાસ સ્થપાશે, ત્યાં અખંડ શાંતિ, અવિચળ આનંદ અને પરમ અવિનાશી તત્ત્વનો વાસ થશે. ભોળાનાથના આ અકિંચન સ્વરૂપને હૃદયમાં ધારીને જો માણસ પોતાના જીવનનો માર્ગ કંડારે, તો તે સંસારના તમામ આધિ, વ્યાધિ અને ઉપાધિઓથી મુક્ત થઈને સ્વાનંદના કૈલાસ પર બિરાજમાન થઈ શકે છે. સાચો વિજય એ નથી જે બહારની દુનિયાને જીતે, સાચો વિજય એ છે જે પોતાની ભૌતિક તૃષ્ણાઓને જીતીને શિવત્વનો એકાદ ગુણ પ્રાપ્ત કરે.

# મન અને હૃદયની ક્ષિતિજ વિસ્તારીએ તો સર્વત્ર શાંતિ વિસ્તરી શકે છે!



આકાશ અને પૃથ્વીની મિલન રેખાને આપણે ક્ષિતિજ કહીએ છીએ. ક્ષિતિજ અને આપણી દ્રષ્ટિ વચ્ચે સતત અપાકર્ષણ કદાચ રહેતું હોવાથી તે દૂ..ર અને દૂ..ર ખસતી હોય એવું અનુભવાય છે . ક્ષિતિજને અવલોકવા માટે આપણે દરિયા કિનારે કે ખુલ્લા મેદાનમાં ઊભા રહેવાની જરૂર છે.

આપણે આપણા મનની ક્ષિતિજ વિસ્તારી શકતા નથી તેનું દુઃખ છે. મનની ક્ષિતિજને વિસ્તારવાથી વિશ્વ આપણામાં સમાઈ શકે છે! જે મનનો માલિક છે તે જ મનની ક્ષિતિજને વિસ્તારી શકે છે.

આપણે આપણી બુદ્ધિનો વિકાસ કરીએ તો આપણને સાચું સુખ પ્રાપ્ત થાય છે. બુદ્ધિનો ખંડનાત્મક ઉપયોગ કરવો જોઈએ નહીં. જ્યાં સ્વાર્થ હોતો નથી ત્યાં જ્ઞાનનું સાચું સુખ પ્રાપ્ત થાય છે.

કર્મ વિનાનું જ્ઞાન મૂલ્યહીન છે. જ્ઞાન મેળવવા માટે પણ આપણે પરિશ્રમ કરવો પડે છે અને પરિશ્રમ કરવાથી આપણે આપણા જ્ઞાનની ક્ષિતિજ સુધી પહોંચી શકીએ છીએ! આપણું કર્મ એ વિશ્વ ધર્મ બનવું જોઈએ...! જો આપણે આપણા નિસ્વાર્થ સેવાની ક્ષિતિજ વિસ્તારીએ તો 'વસુધૈવ કુટુંબકમ્'નું સૂત્ર સાર્થક થઈ શકે છે. આપણે આપણા મન સાથે હૃદયની ક્ષિતિજ પણ વિસ્તારવાની જરૂર છે. આપણે જગતને અનહદ ચાહવાનું છે તેમજ નિસ્વાર્થ સેવા કરી સ્નેહધર્મ બજાવવાનો છે. આપણે એક હૃદયથી બીજા હૃદય સુધી પહોંચવાનું છે. કોઈપણ વ્યક્તિ અન્ય વ્યક્તિના દુઃખને પોતાનું દુઃખ માની શકે.. તો જગતમાં સર્વત્ર શાંતિ વિસ્તરી શકે છે! સાચા હૃદયની ક્ષિતિજમાં જ સર્વ ક્ષિતિજ સમાયેલી છે. દરેક મનુષ્ય માનવતા પૂર્ણ વ્યવહાર કરી પોતાનો સ્વધર્મ બજાવવાનો છે. માનવતાના ક્ષિતિજને પાર કરવાની છે.. તો જ માનવને સાચું સુખ તેમજ શાંતિ પ્રાપ્ત થઈ શકે છે . યુદ્ધનું ફળ વિનાશ છે. માણસના મનમાં શાંતિ હોય તો જ સર્વત્ર શાંતિની આપણે અપેક્ષા રાખી શકીએ છીએ. ક્ષિતિજમાં 'શાંતિ' શબ્દને વાંચી શકે એ જ સાધુતાનું લક્ષણ છે. પરમાર્થના રંગે ક્ષિતિજને રંગવાની છે.

**શબ્દથી શબ્દ સુધી**

**રમેશ પટેલ, સુરત**

# 'પ્રેમ ક્યારેય વ્યર્થ નથી જતો'

*એ સાંજ આજે પણ યાદ છે,*
*જ્યારે ઢળતા સૂરજ સાથે*
*તારી યાદોને દફનાવી દીધી હતી,*
*પણ ફક્ત યાદો જ નહીં,*
*મારીઆત્માનોપણઅંતથયો હતો।*
*એક કિનારે બેસી હતી હું,*
*તારા ઈંતેજારમાં ખોવાઈ ગયેલી,*
*વિચાર્યું હતું, તું જરૂર આવશે,*
*તારા પ્રેમની પાગલપણું*
*મારા રોમરોમમાં વસેલું હતું।*
*દરેક પળ તારો વિચાર આવતો,*
*પણ અફસોસ...*
*તારી તરફથી કોઈ જવાબ*
*આવ્યો નહીં।*
*એ પળો, એ વાતો,*
*જે તારા સાથે લખી હતી,*
*હવે ફક્ત યાદો બની ગઈ છે।*
*હવે હું એ યાદો પર રડતી નથી,*
*ફક્ત હળવેથી સ્મિત કરું છું,*
*કારણ કેએસાંજ પસારથઈગઈછે,*
*અને હવેનવી સવારની ઈચ્છા છે।*
*આમદહોશ સાંજેમનેશીખવ્યું છે—*
*જીવનમાં હંમેશાં પ્રકાશ નથી હોતો,*
*અંધકાર પણ આવે છે,*
*પણ ડરશો નહીં!*
*દરેક અંધકારનો અંત હોય છે,*
*અને નવી સવાર જરૂર આવે છે।*
*પ્રેમ ક્યારેય વ્યર્થ નથી જતો।*



જીવનમાં કેટલીક સાંજો એવી હોય છે, જે ફક્ત સમયનો એક ટુકડો નથી હોતી, પરંતુ આપણા દિલના સૌથી નાજુક ખૂણામાં સદાય માટે વસીને રહી જાય છે. એવી સાંજોમાં યાદોનું આકાશ ધૂંધળું બની જાય છે, લાગણીઓ શબ્દો શોધતી રહે છે અને મન કોઈની રાહ જોતા જોતા થાકી જાય છે। ક્યારેક કોઈ વ્યક્તિ આપણા જીવનમાં એવી રીતે પ્રવેશે છે કે એનું અસ્તિત્વ આપણા શ્વાસોમાં ભળી જાય. પછી એની દરેક વાત, દરેક સ્મિત અને દરેક ક્ષણ આપણું આખું જગત બની જાય છે. પરંતુ જ્યારે એ જ વ્યક્તિ ધીમે ધીમે દૂર થવા લાગે, ત્યારે દિલને સમજાવવું સૌથી મુશ્કેલ બની જાય છે.

મને આજે પણ એ સાંજ સ્પષ્ટ યાદ છે.



**પ્રીતનું ઝરણું**

**જ્યોતિ ઉત્પલ પંડ્યા, અતુલ**

ઢળતો સૂરજ આકાશને લાલિમાથી રંગી રહ્યો હતો અને હું દરિયાકિનારે એકલી બેઠી હતી. પવનમાં અજાણી ખામોશી હતી અને મારી આંખોમાં ફક્ત તારો ઈંતેજાર. મને વિશ્વાસ હતો કે તું આવશે. જરૂર આવશે. કારણ કે પ્રેમ પર વિશ્વાસ કરનાર દિલ ક્યારેય શંકા કરતું નથી.

પણ સમય પસાર થતો ગયો, સાંજ રાતમાં બદલાઈ ગઈ અને તારી તરફથી કોઈ પગલાંનો અવાજ આવ્યો નહીં। એ પળે સમજાયું કે કેટલીક રાહો આખી જિંદગી અધૂરી રહી જાય છે. એ દિવસે ફક્ત તારી યાદોને જ નહીં, પણ મારા અંદરના અનેક સપનાઓને પણ દફનાવી દીધા હતા. લાગ્યું કે હવે બધું સમાપ્ત થઈ ગયું છે. મનમાં એક ખાલીપણું ઊભું થયું, જેને શબ્દોમાં વ્યક્ત કરવું અશક્ય હતું. દરેક જગ્યા પર તારી યાદો હતી. પવનમાં, વરસાદમાં, ગીતોમાં અને મારી દરેક પ્રાર્થનામાં પણ. ઘણી રાતો એવી ગઈ જ્યારે આંખો ઊંઘી ગઈ, પણ દિલ જાગતું રહ્યું.

ઘણી વખત મેં પોતાને પ્રશ્ન પૂછ્યો શું પ્રેમ હંમેશા અધૂરો જ રહે છે?

પરંતુ સમય ધીમે ધીમે દરેક ઘાવને ભરવાનું કામ કરે છે.

સમયે મને શીખવ્યું કે જીવન કોઈ એક વ્યક્તિ પર અટકી નથી જતું. યાદોને પકડીને રડવાથી જીવન આગળ નથી વધતું.

ક્યારેક છોડવું પણ જરૂરી હોય છે, કારણ કે દરેક વિદાય પાછળ કોઈ નવી શરૂઆત છુપાયેલી હોય છે।હવે જ્યારે એ સાંજ યાદ આવે છે, ત્યારે આંખોમાં આંસુ નથી આવતા.હવે હું એ યાદોને દુઃખ તરીકે નહીં, પરંતુ જીવનની એક સુંદર શીખ તરીકે સ્વીકારું છું.

કારણ કે એ સાંજે મને સમજાવ્યું કે પ્રેમ ફક્ત કોઈને મેળવવાનું નામ નથી, પ્રેમ એ પોતાને સમજવાનો પણ રસ્તો છે. જીવનમાં પ્રકાશ અને અંધકાર બંનેનો પોતાનો અર્થ હોય છે.

જો દુઃખ ન હોય, તો સુખની કિંમત ક્યારેય સમજાય નહીં.

જો વિયોગ ન હોય, તો મળવાની ખુશી અધૂરી રહી જાય.

અને જો અંધકાર ન આવે, તો નવી સવારની રાહ પણ સુંદર નહીં લાગે। ઘણા લોકો મુશ્કેલ સમયમાં તૂટી જાય છે, કારણ કે તેઓ વિચારે છે કે હવે બધું ખતમ થઈ ગયું. પરંતુ હકીકતમાં, જીવનનો સૌથી સુંદર અધ્યાય ઘણીવાર સૌથી કઠિન પળો પછી જ શરૂ થાય છે.

દરેક અંધકાર પાછળ એક કિરણ છુપાયેલી હોય છે. દરેક આંસુ પાછળ એક નવી શક્તિ જન્મે છે. અને દરેક તૂટેલા દિલમાં ફરી પ્રેમ કરવાની હિંમત પણ જન્મે છે. પ્રીતનાં ઝરણાં આપણને એ જ શીખવે છે કે પ્રેમ ક્યારેય વ્યર્થ નથી જતો। ભલે વ્યક્તિ દૂર થઈ જાય, પરંતુ પ્રેમ આપણને વધુ સંવેદનશીલ, વધુ મજબૂત અને વધુ જીવંત બનાવી જાય છે.

કેટલાક લોકો જીવનમાં ફક્ત થોડા સમય માટે આવે છે, પરંતુ તેઓ આપેલી લાગણીઓ આખી જિંદગી સાથ આપે છે.

આખરે જીવનનો સૌથી મોટો સત્ય એ જ છે. દરેક રાત પછી સવાર આવે છે. દરેક વરસાદ પછી આકાશ ફરી નિર્મળ બને છે.

અને દરેક તૂટેલા સપનાના અંતે, જીવન ફરી નવી આશાઓ સાથે ખીલવા લાગે છે। એટલે જો આજે તમારી જિંદગીમાં અંધકાર હોય, તો હિંમત હારશો નહીં.

સમયને થોડો સમય આપો

કારણ કે કદાચ આવતીકાલ તમારી માટે નવી ખુશીઓ, નવી રાહો અને નવી સવાર લઈને આવી રહી છે?

# લઠ્ઠાકાંડ: દારૂબંધી સામે મોટો સવાલ

ગુજરાતમાં ફરી એકવાર લઠ્ઠાકાંડની ઘટનાએ દારૂબંધીના અમલ સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. ભાવનગર જિલ્લામાં ઝેરી દારૂ પીવાના બનાવમાં થયેલા મોતે બતાવ્યું છે કે કાગળ પર કડક દારૂબંધી હોવા છતાં ગેરકાયદેસર દારૂનું નેટવર્ક હજુ સક્રિય છે.

ગુજરાતમાં દારૂના વેચાણ અને સેવન પર પ્રતિબંધ છે. પોલીસ દ્વારા સમયાંતરે દરોડા પાડીને દારૂનો જથ્થો પકડવામાં આવે છે અને બુટલેગરોની ધરપકડ પણ થાય છે. તેમ છતાં જો ગેરકાયદેસર દારૂ લોકો સુધી પહોંચતો રહે, તો દારૂબંધીના અમલની અસરકારકતા પર સવાલ ઉઠે તે સ્વાભાવિક છે.

બોટલ તો ગેરકાયદેસર છે, પણ રસ્તો કાયદેસર કોણ કરે છે? બુટલેગર તો પકડાઈ જાય છે,

મોટા ખેલાડીઓ સુધી હાથ કેમ નથી પહોંચતા? લઠ્ઠાકાંડની સૌથી ગંભીર બાબત એ છે કે ગેરકાયદેસર દારૂમાં ઝેરી રસાયણો ભેળવવામાં આવતા હોવાથી નિર્દોષ લોકોના જીવ જોખમમાં મુકાય છે. નફો કમાવાની લાલચમાં બુટલેગરો લોકોના જીવન સાથે રમત રમે છે. આવી ઘટનાઓ માત્ર કાયદો-વ્યવસ્થાનો પ્રશ્ન નથી, પરંતુ જાહેર આરોગ્ય અને સામાજિક સુરક્ષાનો પણ ગંભીર મુદ્દો છે.

**સરકાર અને પોલીસની ભૂમિકા પર સવાલ :** અહીં સૌથી મોટો સવાલ સરકાર અને પોલીસની જવાબદારીનો છે. જો દારૂ પર સંપૂર્ણ પ્રતિબંધ છે, તો ગેરકાયદેસર દારૂનું ઉત્પાદન અને વેચાણ આટલા સમય સુધી કેવી રીતે ચાલે છે? શું સ્થાનિક સ્તરે કોઈની બેદરકારી છે? શું ક્યાંક પોલીસ તંત્રની આંખ સામે આ ધંધો ચાલે છે? અને જો કોઈ અધિકારીની મિલીભગત કે બેદરકારી સાબિત થાય, તો તેની સામે કેટલી કડક કાર્યવાહી થાય છે?



**સતરંગી શમણાં**

**-નીતા પી. જાદવ, રાજકોટ**

આવા સવાલોના જવાબ તપાસ દ્વારા બહાર આવવા જોઈએ. સમગ્ર પોલીસ તંત્રને શંકાના ઘેરામાં મૂકવું યોગ્ય નથી, પરંતુ જ્યાં બેદરકારી, ભ્રષ્ટાચાર કે સાંઠગાંઠના પુરાવા મળે ત્યાં જવાબદારી નક્કી થવી જ જોઈએ. સરકાર અને પોલીસની જવાબદારી માત્ર દારૂ પકડવા કે આરોપીઓની ધરપકડ કરવા પૂરતી ન હોવી જોઈએ. દારૂ ક્યાંથી આવે છે, કોણ સપ્લાય કરે છે, તેની પાછળનું મોટું નેટવર્ક કોણ ચલાવે છે અને તેને કોઈ સ્થાનિક મદદ મળે છે કે નહીં તેના મૂળ સુધી પહોંચવું જરૂરી છે. ગુનો કરનાર એકલો નથી હોતો, ક્યારેક મૌન પણ ભાગીદાર બને છે; લઠ્ઠાકાંડમાં મોત તો દેખાય છે,



પણ બેદરકારીના ચહેરા ક્યાં દેખાય છે? દારૂબંધીની સફળતા માત્ર દરોડા અને ધરપકડની સંખ્યાથી નક્કી ન થવી જોઈએ. જો દારૂ સરળતાથી ઉપલબ્ધ રહેતો હોય અને વારંવાર લઠ્ઠાકાંડ સર્જાતો હોય, તો નીતિના અમલની સમીક્ષા કરવી જરૂરી બને છે. લઠ્ઠાકાંડ સરકાર માટે ચેતવણી છે. લોકોના જીવ બચાવવા કડક કાર્યવાહી સાથે પારદર્શક તપાસ, જવાબદારી નક્કી કરવી અને ગેરકાયદેસર દારૂની સમગ્ર સપ્લાય ચેઈન તોડવી જરૂરી છે. દારૂબંધી કાગળ પર નહીં, રસ્તા પર દેખાવી જોઈએ; જવાબદારી ભાષણોમાં નહીં, કાર્યવાહીમાં દેખાવી જોઈએ.

દારૂબંધી કાયદામાં નહીં, પરંતુ વાસ્તવિક જીવનમાં અસરકારક બને ત્યારે જ તેને સફળ દારૂબંધી કહી શકાય.

# શેંથીમાં સિંદૂરનો મલાજો ચલ ઘર ઘર રમીએ



*શેંથીમાં સિંદૂરનો મલાજો ચલ ઘર ઘર રમીએ,*
*સ્પંદનોના તૂટતા રિયાજો ચલ ઘર ઘર રમીએ.*
*ઘણા હોંશથી અમે પાથરી હતી લાગણીને,*
*આળોટવાના અલગ અંદાજો ચલ ઘર ઘર રમીએ.*
*તું ઉઘાડ ઊંઘના બારણા શમણે આવે શ્યામ,*
*દરદના જુદા જ ઈલાજો ચલ ઘર ઘર રમીએ.*
*તું કહે તો આમ કરું, તું કહે તો વળી તેમ,*
*મનના મોજીલા મિજાજો ચલ ઘર ઘર રમીએ.*
*આખરે પ્રવાસે ચાલ્યા છે અઢળક ઓરતા,*
*તકદીરનો ફળતો તકાજો ચલ ઘર ઘર રમીએ.*
*શબ્દોને સંકેલી મનને બસ શણગારતા રહ્યા,*
*વ્યથાને ઉગ્યા અવાજો ચલ ઘર ઘર રમીએ.*

**દિવ્યા મંડલી**

દિવ્યા મંડલી રચિત 'ચલ ઘર ઘર રમીએ' ગઝલમાં માનવીય લાગણીઓ, અધૂરાં સ્વપ્નો, પ્રેમની તીવ્રતા, મનની ચંચળતા અને તકદીરની અનિવાર્યતા જેવા ભાવોને ખૂબ જ સંવેદનશીલ રીતે વ્યક્ત કરવામાં આવ્યા છે. ગઝલનો દરેક શેર પોતાની આગવી લાગણી લઈને આવે છે, છતાં દરેક શેરને જોડતો એક આંતરિક ભાવસેતુ છે. 'ચલ ઘર ઘર રમીએ' જેવી પુનરાવર્તિત પંક્તિ સમગ્ર ગઝલને એક વિશિષ્ટ સંગીતમયતા આપે છે અને જીવનને એક રમતમાં, એક પ્રવાસમાં અને એક અનુભૂતિમાં જોવાની કવિની દૃષ્ટિ પ્રગટ કરે છે.

ગઝલનો મત્લા જ ભાવકને તરત જ પોતાની તરફ ખેંચે છે

**'શેંથીમાં સિંદૂરનો મલાજો ચલ ઘર ઘર રમીએ,**
**સ્પંદનોના તૂટતા રિયાજો ચલ ઘર ઘર રમીએ.'**

અહીં 'શેંથીમાં સિંદૂર' દાંપત્ય, પ્રેમ અને સંબંધની પવિત્રતાનું પ્રતીક છે. પરંતુ તેની સાથે 'સ્પંદનોના તૂટતા રિયાજો' મૂકીને કવિએ સંબંધોની અંદર રહેલી નાજુકતા અને તૂટતાં ભાવજગતની વાત કરી છે. સિંદૂરનો રંગ જ્યાં મિલન અને સંબંધની પૂર્ણતાનો સંકેત આપે છે, ત્યાં તૂટતા સ્પંદનો વિખૂટા પડતા મનનો સંકેત આપે છે. આમ, પ્રથમ જ શેરમાં મિલન અને વિયોગ, આશા અને નિરાશા બંનેના ભાવો એકસાથે ઉપસ્થિત થાય છે.



**સંવેદન**

**- ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા**

બીજા શેરમાં કવિ લાગણીના નિર્માણ અને તેની સાથે જોડાયેલી અપેક્ષાઓને વ્યક્ત કરે છે.

**'ઘણા હોંશથી અમે પાથરી હતી લાગણીને,**
**આળોટવાના અલગ અંદાજો ચલ ઘર ઘર રમીએ.'**

અહીં 'લાગણી પાથરવી' એક સુંદર રૂપક છે. મનુષ્ય જ્યારે કોઈ સંબંધમાં પ્રેમ, વિશ્વાસ અને લાગણીથી જોડાય છે ત્યારે તે સંબંધને ખૂબ કાળજીથી સાચવવા માગે છે. પરંતુ સામેની વ્યક્તિની વર્તણૂક અને સમયની પરિસ્થિતિઓ તેને અલગ-અલગ અનુભવ કરાવે છે. 'આળોટવાના અલગ અંદાજો'માં જીવનની અનિશ્ચિતતા અને સંબંધોની બદલાતી રીતોનો સંકેત મળે છે. લાગણી એકસરખી હોવા છતાં તેને અનુભવવાની અને વ્યક્ત કરવાની રીતો અલગ હોઈ શકે છે.ત્રીજા શેરમાં ગઝલ વધુ આંતરિક અને આધ્યાત્મિક ભાવ તરફ આગળ વધે છે.

**'તું ઉઘાડ ઊંઘના બારણા શમણે આવે શ્યામ,**
**દરદના જુદા જ ઈલાજો ચલ ઘર ઘર રમીએ.'**

અહીં 'શ્યામ' શબ્દ પ્રેમી, પ્રિયજન કે ઈશ્વર—બધા અર્થો તરફ સંકેત કરી શકે છે. 'ઊંઘના બારણા ઉઘાડવા'નું કલ્પન ખૂબ જ કાવ્યાત્મક છે. ઊંઘ અહીં માત્ર શારીરિક ઊંઘ નથી, પરંતુ મનની નિષ્ક્રિયતા, એકાંત અથવા અજ્ઞાનનું પ્રતીક પણ બની શકે છે. 'શમણે આવે શ્યામ'માં પ્રિયજનની હાજરીથી મનને શાંતિ મળવાની લાગણી છે. બીજી તરફ 'દરદના જુદા જ ઈલાજો' સૂચવે છે કે દરેક વ્યક્તિનું દુઃખ અલગ હોય છે અને તેના ઉપચારની રીત પણ અલગ હોય છે. પ્રેમ ક્યારેક પોતે જ દર્દ હોય છે અને ક્યારેક એ દર્દનો ઈલાજ પણ બને છે.

ચોથો શેર માનવીના મિજાજ અને પ્રેમમાં રહેલી સમર્પણભાવનાને વ્યક્ત કરે છે

**'તું કહે તો આમ કરું, તું કહે તો વળી તેમ,**
**મનના મોજીલા મિજાજો ચલ ઘર ઘર રમીએ.'**

અહીં પ્રેમમાં રહેલું અનુકૂલન અને સમર્પણ સુંદર રીતે વ્યક્ત થયું છે. પ્રિયજનની ઈચ્છાને મહત્ત્વ આપતું મન ક્યારેક આમ તો ક્યારેક તેમ કરવા તૈયાર થઈ જાય છે. 'મોજીલા મિજાજો' શબ્દસમૂહ મનની ચંચળતા અને રમૂજને વ્યક્ત કરે છે. પ્રેમમાં તર્ક કરતાં લાગણીનું પ્રભુત્વ હોય છે. તેથી મન ક્યારેક પોતાની મરજી છોડીને પ્રિયજનની મરજીમાં પોતાની ખુશી શોધે છે.

પાંચમા શેરમાં કવિ જીવનની અનિવાર્ય ગતિ અને અધૂરાં અરમાનોની વાત કરે છે

**'આખરે પ્રવાસે ચાલ્યા છે અઢળક ઓરતા,**
**તકદીરનો ફળતો તકાજો ચલ ઘર ઘર રમીએ.'**

'અઢળક ઓરતા' એટલે અસંખ્ય ઈચ્છાઓ, આશાઓ અને સ્વપ્નો. માનવીના મનમાં અનેક અરમાનો જન્મે છે, પરંતુ દરેક અરમાન પૂરું થાય તે જરૂરી નથી. જીવન પોતે જ એક પ્રવાસ છે અને આ પ્રવાસમાં કેટલીક ઈચ્છાઓ સાથ છોડે છે, કેટલીક પૂર્ણ થાય છે અને કેટલીક અધૂરી રહી જાય છે. 'તકદીરનો ફળતો તકાજો'માં કવિએ ભાગ્યની અનિવાર્યતાને સ્વીકારી છે. મનુષ્ય પ્રયત્ન કરે છે, સપનાં જુએ છે, પરંતુ અંતે સમય અને તકદીર પણ પોતાનો હિસ્સો ભજવે છે.

છેલ્લા શેરમાં સમગ્ર ગઝલનો કાવ્યાત્મક નિચોડ જોવા મળે છે—

**'શબ્દોને સંકેલી મનને બસ શણગારતા રહ્યા,**
**'વ્યથા'ને ઉગ્યા અવાજો ચલ ઘર ઘર રમીએ.'**

અહીં કવિએ સર્જનપ્રક્રિયાની સુંદર વાત કરી છે. મનમાં રહેલી વ્યથા શબ્દોમાં વ્યક્ત થાય ત્યારે તેને એક નવો અવાજ મળે છે. 'શબ્દોને સંકેલી મનને શણગારતા રહ્યા'માં કવિની કાવ્યસાધના દેખાય છે. અંતરમાં રહેલી પીડા જ્યારે શબ્દરૂપ ધારણ કરે છે ત્યારે તે માત્ર વ્યક્તિગત વ્યથા રહેતી નથી; તે સર્વસામાન્ય માનવીય અનુભવ બની જાય છે. 'વ્યથા'ને 'અવાજો ઉગ્યા' એ અત્યંત અસરકારક કલ્પના છે. વ્યથામાંથી અવાજનું ઉગવું એ પીડાના સર્જનમાં પરિવર્તનની પ્રક્રિયા છે.

ગઝલની ભાષા સરળ હોવા છતાં તેમાં રૂપક, પ્રતીક અને કલ્પનાશક્તિનો સુંદર ઉપયોગ થયો છે. 'સિંદૂર', 'સ્પંદન', 'લાગણી', 'ઊંઘના બારણા', 'શ્યામ', 'ઈલાજ', 'મિજાજ', 'ઓરતા', 'તકદીર', 'શબ્દો' અને 'વ્યથા' જેવા શબ્દો ગઝલના ભાવવિશ્વને સમૃદ્ધ બનાવે છે. ખાસ કરીને 'ચલ ઘર ઘર રમીએ'નું રદીફ સમગ્ર રચનાને લયાત્મક એકતા આપે છે. દરેક શેરના અંતે આવતું આ વાક્ય માત્ર પુનરાવર્તન નથી, પરંતુ જીવનને સ્વીકારવાની, સંબંધોને અનુભવવાની અને સુખ-દુઃખને સાથે લઈને આગળ વધવાની ભાવના બની જાય છે. આ ગઝલનું સૌંદર્ય એ છે કે તેમાં પ્રેમ માત્ર મિલનની લાગણી નથી; પ્રેમમાં રહેલી પીડા, સમર્પણ, રાહ, અધૂરાપણું અને સ્મૃતિ પણ છે. જીવનને અહીં એક એવા ખેલ તરીકે રજૂ કરવામાં આવ્યું છે જેમાં દરેક ઘર, દરેક મન અને દરેક સંબંધની પોતાની અલગ કહાની છે. કવિ ક્યારેક પ્રેમી બનીને બોલે છે, ક્યારેક પીડિત મન બનીને અને ક્યારેક જીવનના પ્રવાસી બનીને. આ વિવિધ ભાવછટાઓ ગઝલને એકરસ બનવા દેતી નથી. સમગ્ર રીતે જોઈએ તો 'ચલ ઘર ઘર રમીએ' ગઝલ માનવીના અંતરંગ ભાવવિશ્વનું સંવેદનશીલ ચિત્રણ છે. પ્રેમ અને વ્યથા, આશા અને નિરાશા, સ્વપ્ન અને તકદીર, સમર્પણ અને સ્વતંત્રતા—આ બધા દ્વંદ્વોને કવિએ સરળ પરંતુ અસરકારક ભાષામાં રજૂ કર્યા છે. ગઝલ વાંચતાં વાચકને પોતાના જીવનના સંબંધો, અધૂરાં ઓરતા અને અંતરમાં દટાયેલી લાગણીઓની યાદ આવે છે. આ જ તેની સૌથી મોટી સફળતા છે. કવિએ પોતાની વ્યથાને શબ્દો આપીને તેને એવી અભિવ્યક્તિ આપી છે કે તે વાચકની પોતાની વ્યથા બની જાય છે. તેથી 'ચલ ઘર ઘર રમીએ' માત્ર ગઝલ નથી, પરંતુ લાગણીઓના અનેક ઘરોમાં ફરાવતો એક સંવેદનશીલ કાવ્યપ્રવાસ છે.

# શ્રાવણ માસ અને શિવલિંગનું મહાત્મ્ય

હિંદુ ધર્મમાં શ્રાવણ માસને ભગવાન શિવની આરાધના માટે અત્યંત પવિત્ર માનવામાં આવે છે. આ સમગ્ર માસ દરમિયાન શિવભક્તો ઉપવાસ, પૂજા, જપ અને અભિષેક દ્વારા ભગવાન શિવની ભક્તિ કરે છે. ખાસ કરીને શ્રાવણના સોમવારનું વિશેષ ધાર્મિક મહત્વ છે. મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોની ભીડ જોવા મળે છે અને હર હર મહાદેવના જયઘોષથી વાતાવરણ ભક્તિમય બની જાય છે.

શિવલિંગ ભગવાન શિવના નિરાકાર સ્વરૂપનું પ્રતીક માનવામાં આવે છે. શ્રાવણ માસમાં શિવલિંગ પર જળ, દૂધ, દહીં, ઘી, મધ અને ગંગાજળથી અભિષેક કરવાની પરંપરા છે. ભક્તો બિલ્વપત્ર, ધતૂરા, આંકડા અને પુષ્પ અર્પણ કરીને ભગવાન શિવની આરાધના કરે છે. માન્યતા છે કે શ્રાવણ માસમાં શ્રદ્ધાપૂર્વક શિવલિંગનો અભિષેક અને પૂજન કરવાથી મનને શાંતિ મળે છે અને ભગવાન શિવની કૃપા પ્રાપ્ત થાય છે.

ભારતના વિવિધ વિસ્તારોમાંપ્રાચીન અને સ્વયંભૂ શિવલિંગો સાથે અનેક લોકકથાઓ અને ધાર્મિક માન્યતાઓ જોડાયેલી છે. શ્રાવણ દરમિયાન આવા શિવ મંદિરોમાં વિશેષ શણગાર, મહાઆરતી અને ધાર્મિક કાર્યક્રમો યોજાય છે.

શિવલિંગની પૂજા માત્ર ધાર્મિક વિધિ નહીં પરંતુ આત્મચિંતન, સંયમ અને ભક્તિનો માર્ગ પણ માનવામાં આવે છે.

શ્રાવણ માસ ભક્તોને સદાચાર, સેવા અને પરોપકારની ભાવના સાથે જીવન જીવવાનો સંદેશ આપે છે.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Saturday 22, August 2026

## કાશ્મીર મુદ્દે અમેરિકા

પાકિસ્તાની અંકુશ હેઠળના કાશ્મીરી પ્રદેશમાં લોકો ઉપર ગુજારાતા જુલમ સામે અવાજ ઊઠયો છે, હકીકતમાં પાકિસ્તાની શાસકો સામે બળવો શરૂ થયો છે, ત્યારે ભારતમાં નીમાયેલા અમેરિકી એલચીએ ભારતીય કાશ્મીરની મુલાકાત લઈને ભારત સરકારે કરેલી સુરક્ષા - સલામતીની વ્યવસ્થાની પ્રશંસા કરી છે. ભારત સરકારે ઉત્તમ પગલાં ભરીને શ્રેષ્ઠ વ્યવસ્થા કરી છે એમ પણ કહ્યું છે. કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે એમ કહીને પાકિસ્તાની શાસકોને મોટો ઝટકો આપ્યો છે. કાશ્મીર ભારતનો જ એક ભાગ છે, ભારતનાં અન્ય રાજ્યોની જેમ એક ભારતીય રાજ્ય છે એમ સાબિત કરવા માટે અમેરિકા અથવા અન્ય કોઈ પણ દેશનાં સર્ટિફિકેટની જરૂર નથી અને અમેરિકી રાજદૂત સર્જિયો ગોરનાં વિધાનથી રાજીના રેડ થવાની પણ જરૂર નથી. આટલા દાયકાઓ પછી અમેરિકાને પાકિસ્તાનની બરબાદી અને ભારતની આઝાદીનું ભાન થાય અને જાહેરમાં સ્વીકાર થાય તેનું મહત્ત્વ છે. ભારતના વિદેશ મંત્રાલયે પણ આ બાબત બહુ ઉમળકો બતાવ્યો નથી તે યોગ્ય છે. પાકિસ્તાને કાશ્મીરીઓને ગુલામ બનાવ્યા છે, ત્રાસ ગુજારે છે, ત્યારે ભારતના વતની કાશ્મીરીઓને જરૂર સુખ-સંતોષ અને સલામતીનો અનુભવ થતો હશે - થવો જ જોઈએ. વીતેલા દાયકાઓમાં પાકિસ્તાન પ્રેરિત અલગતાવાદીઓએ આતંકવાદને આવકાર આપ્યો, પનાહ આપી અને અશાંતિ - હિંસાચાર શરૂ થયો, પણ હવે છેલ્લાં ૧૦ વર્ષ દરમિયાન મુક્ત ચૂંટણી, વ્યવસ્થિત મતદાન અને સાર્વત્રિક વિકાસ થયો છે, થઈ રહ્યો છે અને પરિણામે પાકિસ્તાની આતંકવાદીઓ જહન્નમમાં લાઈન લગાવીને ઊભા છે, પડયા છે. આ દરમિયાન ભારતીય સંવિધાનની કલમ ૩૭૦નું કલંક ભૂંસીને રદબાતલ થયા પછી કેટલાક સ્વદેશી અને વિદેશી ભારતના હિતશત્રુઓ નિરાશ-હતાશ થયા છે. અલબત્ત, થોડો છટપટાહટ છે - તે આતંકવાદના અંતિમશ્વાસ જેવો છે! ભારતમાં પણ હજી કેટલાક લોકોને આશા છે, કે કાશ્મીરને સ્વાયત્તતા પાછી મળશે. જો કે, આમાં કોંગ્રેસીઓ અને કાશ્મીરના અલગતાવાદી નેતાઓ તથા અર્બન નકસલીઓનું પ્રમાણ વધુ છે. ભારત - હિન્દુસ્તાનના ભાગલા પછી પાકિસ્તાનની નજર આપણા કાશ્મીર પ્રદેશ ઉપર હતી અને વિશ્વમાં સત્તાનાં સમીકરણ માટે અમેરિકાએ પાકિસ્તાનનું સમર્થન - નક્શામાં અને યુનાઈટેડ નેશન્સમાં પણ કર્યું હતું, હવે અમેરિકાના શાસકોને પોતાની ભૂલ સમજાઈ હોય એમ લાગે છે. આ સ્વીકારને આપણે આવકારીએ છીએ, પણ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સ્વભાવગત નીતિ રીતિ જોતાં - નીવડે વખાણમાં ડહાપણ બતાવવાની આપણી નીતિ યોગ્ય છે. આ દરમિયાન પ્રમુખ ટ્રમ્પ પણ ભારતની નિષ્પક્ષ સફળ ચૂંટણી -ક્રિયા ઉપર વારી ગયા છે, વરસ્યા છે! અમેરિકાની ચૂંટણી પ્રક્રિયા સામે એમને આક્રોશ છે, તેનું પ્રદર્શન ભૂતકાળમાં ટ્રમ્પ હાર્યા ત્યારનાં દૃશ્યોમાં થયું હતું, પણ હવે તેઓ સુધારા કરવા માગે છે, અમેરિકાના મતદારોના મતાધિકાર અને મતદાતાઓની ઓળખ અમેરિકા બચાવોની કાયદેસર વ્યવસ્થા - રક્ષા કરવા માગે છે અને આ માટે એમની નજરમાં અને મનમાં ભારતની ચૂંટણી પ્રક્રિયા વસી ગઈ છે! મતદાર ઓળખપત્ર દ્વારા થતાં મતદાન અને તેના માટેની નોંધણી પ્રક્રિયા પર ટ્રમ્પ ઓવારી ગયા છે. એમાં ટ્રમ્પનો પોતાની નીતિઓ આગળ વધારવાનો સ્વાર્થ પણ ખરો જ. તાજેતરમાં ભારતમાં અમેરિકી એલચી સર્જિયા ગોર નવી દિલ્હીનાં નિર્વાચન સદનમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને મળ્યા, બંને દેશ વચ્ચે લોકતંત્ર માટે સહકાર તથા ચૂંટણી વ્યવસ્થા અને ચૂંટણી કર્મચારીઓને તાલીમ આપવા અંગે સહમતી થઈ છે. સર્જિયા ગોરે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને આ નવી દિલ્હી મુલાકાતની ફળશ્રુતિ જણાવી, ત્યારે ટ્રમ્પ સાહેબ - આભા, આશ્ચર્યચકિત થઈ ગયા - ભારતના લગભગ ૬૫ કરોડ મતદાર પાસે ફોટો - ઓળખપત્રો છે અને મતદાન કરે છે...!

# ઘૂસણખોરી અટકે નહીં ત્યાં સુધી પ. બંગાળ સુરક્ષિત નહીં : અમિત શાહ

## પશ્ચિમ બંગાળમાં ભાજપ સરકાર બન્યાના માત્ર ૪૫ દિવસની અંદર BSF અને SSB માટે ૧,૧૨૯ એકર જમીન ફાળવવામાં આવી છે : અમિત શાહ



(સંપૂર્ણ સમાચાર સેવા)
કોલકાતા, તા.૨૧ : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે શુક્રવારે પશ્ચિમ બંગાળની મુલાકાતે પહોંચ્યા હતા. અહીં તેમણે બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF) અને સશસ્ત્ર સીમા દળ (SSB)ના જવાનોને સંબોધ્યા હતા.

પોતાના સંબોધનમાં અમિત શાહે પશ્ચિમ બંગાળની સરહદ સુરક્ષા, ઘૂસણખોરી અને સિલિગુડી કોરિડોર જેવા મહત્વના મુદ્દાઓ પર ભાર મૂક્યો હતો.

અમિત શાહે જણાવ્યું કે, પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બન્યાના માત્ર ૪૫ દિવસની અંદર BSF અને SSB માટે ૧,૧૨૯ એકર જમીન ફાળવવામાં આવી છે. તેમણે આ નિર્ણયને સરહદની સુરક્ષા વધુ મજબૂત કરવાની દિશામાં મહત્વનું પગલું ગણાવ્યું હતું.

અમિત શાહે કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બન્યાના માત્ર ૪૫ દિવસમાં જ મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF) અને સશસ્ત્ર સીમા દળ (SSB) માટે ૧,૧૨૯ એકર જમીન ઉપલબ્ધ કરાવી છે. અમિત શાહે કહ્યું કે, સરહદ પર સુરક્ષા દળોની કામગીરીને વધુ મજબૂત બનાવવા માટે જમીન અને જરૂરી માળખું ઉપલબ્ધ કરાવવું ખૂબ જ જરૂરી છે.

ગૃહમંત્રીએ કહ્યું કે આ કામમાં જે ઝડપ દેખાઈ રહી છે તેનું કારણ માત્ર એટલું નથી કે રાજ્યમાં BJPની સરકાર છે. તેમના જણાવ્યા અનુસાર, તેની પાછળ ઘૂસણખોરીના ખતરાની ગંભીર સમજ અને તેને રોકવાની મજબૂત પ્રતિબદ્ધતા છે.

અમિત શાહે કહ્યું કે જ્યાં સુધી ઘૂસણખોરીને સંપૂર્ણપણે અટકાવવામાં નહીં આવે ત્યાં સુધી પશ્ચિમ બંગાળની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય નહીં.

તેમણે કહ્યું કે ઘૂસણખોરી રોકવી અત્યંત જરૂરી છે, કારણ કે તેના વિના ન તો પશ્ચિમ બંગાળ સુરક્ષિત રહેશે અને ન તો ભારત. જવાનોને સંબોધિત કરતાં તેમણે સરહદની સુરક્ષા અને ઘૂસણખોરી રોકવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે દેશની આંતરિક અને સરહદી સુરક્ષા માટે સરહદ પર તૈનાત સુરક્ષા દળોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે તેઓ હંમેશા માને છે કે ખુલ્લી સરહદની સુરક્ષા કરનારા SSBના જવાનોનું કામ સૌથી મુશ્કેલ છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે રાષ્ટ્રીય સુરક્ષાની દૃષ્ટિએ સિલિગુડી કોરિડોરના મહત્વને ઓળખ્યું છે. આ એક સંવેદનશીલ કોરિડોર છે, જે ૮ રાજ્યોને જોડે છે અને જ્યાં નેપાળ, ભૂટાન અને બાંગ્લાદેશની ત્રણ આંતરરાષ્ટ્રીય સરહદો મળે છે. અમિત શાહે જણાવ્યું કે સરકારે ચોપડા, કિશનગંજ અને ધુબરીમાં સુરક્ષા દળોની હાજરી પણ વધારી છે.

# પેલેટ ગન કેસમાં પોલીસ સ્ટેશન બહાર રાહુલ ગાંધીના ૪ કલાક ધરણા




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૧ : આખરે રાહુલ ગાંધીના ધરણા બાદ દિલ્હી પોલીસ ઝૂકી છે. પેલેટ ગન મામલે FIR નોંધવા માટે તૈયાર થઈ ગઈ છે. રાહુલ ગાંધી સંસદ માર્ગ પોલીસ મથકે છેલ્લા ૪-૫ કલાકથી FIR નોંધવાની માંગ પર અડગ હતા. દિલ્હી પોલીસે રાહુલ ગાંધીની માગ સ્વીકારી લીધી છે. સાહિલ લોબચની રજૂઆતને આધારે પોલીસ અજાણ્યા લોકો સામે FIR નોંધી છે.

દિલ્હીના સંસદ માર્ગ પોલીસ મથકે આવેલી DCP ઑફિસે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પહોંચ્યા હતા. જંતર-મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલા પેલેટ ગનના કથિત ઉપયોગ અંગે પોલીસ તપાસ કેટલે પહોંચી છે અને અત્યાર સુધી શું કાર્યવાહી કરવામાં આવી છે, તેની વિગતો મેળવવી એ તેમનો મુખ્ય હેતુ હતો. આ દરમિયાન રાહુલ ગાંધી પેલેટ ગનથી પીડિત સાહિલને પણ પોતાની સાથે લાવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે આટલી ગંભીર ઘટના બની હોવા છતાં આ મામલે હજુ સુધી પોલીસ દ્વારા કોઈ એફઆઈઆર પણ નોંધવામાં આવી નથી.

રાહુલ ગાંધી સાથે વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા, જયરામ રમેશ અને અધીર રંજન ચૌધરી સહિતના કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ પણ ધરણામાં જોડાયા છે. બીજી તરફ પોલીસે જણાવ્યું છે કે ફરિયાદ સ્વીકારી લેવામાં આવી છે અને સમગ્ર મામલાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે. શાંતિપૂર્ણ પ્રદર્શનકારી સાહિલ પર પેલેટ ગનથી હુમલો થયો અને તેની આંખની રોશની જોખમમાં છે. આ ગંભીર ગુનો હોવાથી તુરંત FIR નોંધાવી જોઈએ. રાહુલ ગાંધી ચર્ચામાં રહેવા માટે રાજકારણ કરી રહ્યા છે; વંદે માતરમ્ સહિતના અન્ય વિવાદો પરથી ધ્યાન ભટકાવવા માટે આ પ્રદર્શન કરાઈ રહ્યું છે.

રાહુલ ગાંધીએ પોલીસ અધિકારીઓ સાથે સીધી વાતચીત કરીને તપાસ ક્યાં સુધી પહોંચી છે અને તેના શું પરિણામો આવ્યા છે તે જાણવા પ્રયાસ કર્યો હતો. આ ઘટના બનતા જ, જંતર-મંતર ખાતે CJPના આંદોલન સમયે થયેલા પેલેટ ગનના ઉપયોગનો મુદ્દો ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. જોકે, પોલીસ પક્ષેથી હજુ સુધી તપાસના તારણો કે કોઈ નક્કર કાર્યવાહી અંગે વિગતવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. તેમ છતાં, એ સ્પષ્ટપણે જણાઈ આવે છે કે રાહુલ ગાંધી આ બાબતે ખૂબ ગંભીર છે અને સમગ્ર તપાસ કાર્યવાહી પર સતત નજર રાખી રહ્યા છે.

# મોદીએ કેન્દ્ર સરકારના સચિવો સાથે ત્રીજી ઉચ્ચસ્તરીય બેઠક યોજી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૧
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારના સચિવો સાથે ત્રીજી ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. વડાપ્રધાન નિવાસમાં યોજાયેલી આ બેઠકમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કનેક્ટિવિટી, સુરક્ષા, વિદેશ નીતિ અને સરકારી કામકાજને લગતા અનેક મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા થઈ હતી. બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ અધિકારીઓને સલાહ આપી કે તેઓ માત્ર આજની સમસ્યાઓ કે હાલના આંકડાઓ સુધી જ મર્યાદિત ન રહે. તેમણે કહ્યું કે અધિકારીઓએ લાંબા ગાળાની દૃષ્ટિ રાખીને વિચારવું જોઈએ કે આગામી વર્ષોમાં દેશને વધુ મજબૂત અને સક્ષમ બનાવવા માટે અત્યારથી શું તૈયારીઓ કરી શકાય.



આ બેઠકમાં વડાપ્રધાને સરકારી વિભાગો વચ્ચે અલગ-અલગ વ્યવસ્થા એટલે કે 'સાઈલોઝ' પર ખાસ ભાર મૂક્યો હતો. તમણે કહ્યું કે, 'સાઈલોઝ' માત્ર સંગઠન સાથે જોડાયેલી સમસ્યા નથી, પરંતુ વિચારસરણી સાથે જોડાયેલો મુદ્દો પણ છે. આ સમસ્યા વિભાગોની વચ્ચે આડા અને ઊભા બંને સ્તરે જોવા મળી શકે છે. PM મોદીએ અધિકારીઓને પોતાની જવાબદારીને માત્ર એક વિભાગ સુધી સીમિત ન રાખીને સમગ્ર દેશના હિતને ધ્યાનમાં રાખીને કામ કરવા કહ્યું હતું. તેમણે કહ્યું કે સરકારના કામકાજમાં 'પૂરી સરકાર એકસાથ'ની વિચારસરણી હોવી જોઈએ. PM મોદીએ કોવિડ-૧૯ મહામારી અને મિડલ ઈસ્ટ તણાવનું ઉદાહરણ આપીને કહ્યું કે, આ સમયગાળા દરમિયાન વિવિધ વિભાગોના અધિકારીઓએ સાથે મળીને જબરદસ્ત કામ કર્યું હતું.

વડાપ્રધાન મોદીએ ડેટાને દેશની ભવિષ્યની મહત્વની સંપત્તિ ગણાવી. તેમણે કહ્યું કે સરકાર ડેટા એકત્ર કરવા, તેને સુરક્ષિત રાખવા અને સાચવવા માટે મોટા પાયે સંસાધનો પર ખર્ચ કરી રહી છે. પરંતુ અલગ-અલગ વિભાગોની સિસ્ટમ વચ્ચે પૂરતો તાલમેલ ન હોવાથી આ ડેટાનો પૂરો લાભ લઈ શકાતો નથી. તેમણે કહ્યું કે અલગ હેતુઓ માટે ડેટા એકત્ર કરવાની અને તેને મેનેજ કરવાની રીત પણ અલગ હોય છે. તેથી વિવિધ વિભાગોના ડેટા સિસ્ટમ એકબીજા સાથે સરળતાથી જોડાઈ શકે તેવી વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે. તેના કારણે ઉપલબ્ધ માહિતીનો વધુ અસરકારક ઉપયોગ થશે અને નીતિ ઘડતરમાં પણ મદદ મળશે.




## સિમ્બાયોટેક ફાર્માલેબ લિમિટેડનો આઈપીઓ ૨૪ ઓગસ્ટે ખુલશે

**સુરત, તા. ૨૧ :** સિમ્બાયોટેક ફાર્માલેબ લિમિટેડ તેના ઈક્વિટી શેરોના આઈપીઓ ના સંદર્ભમાં બિડ/ઓફર સોમવાર, ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ શરૂ કરવાની યોજના ધરાવે છે. બિડ/ઓફરનો સબસ્ક્રીપ્શન માટે ગુરુવાર, ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે.

આ ઓફરમાં કંપની દ્વારા રૂ. ૧,૫૦૦.૦૦ મિલિયન સુધીની કુલ રકમના ઈક્વિટી શેરોના ફ્રેશ ઈશ્યૂ અને કંપનીના કેટલાક હાલના શેરધારકો દ્વારા રૂ. ૧૬,૦૭૦.૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરોના વેચાણની ઓફર સમાવેશ થાય છે. ઓફર માટેનો પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂ. ૯૩૮થી રૂ. ૯૮૮ નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૧૫ ઈક્વિટી શેર માટે અને ત્યાર બાદ ૧૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે. એમ્પ્લોઈ રિઝર્વેશન હિસ્સામાં બિડ કરનારા પાત્ર કર્મચારીઓને રૂ. ૨ની ફેસ વેલ્યૂ ધરાવતા પ્રત્યેક ઈક્વિટી શેર પર રૂ. ૯૦.૦૦નું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ મારફતે ઓફર કરવામાં આવનારા ઈક્વિટી શેરોને "BSE" અને "NSE" together with BSE, the "Stock Exchanges" પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. આ ઓફરના હેતુ માટે બીએસઈ લિમિટેડને નિયુક્ત સ્ટોક એક્સચેન્જ તરીકે પસંદ કરવામાં આવ્યું છે.

## જજ બનવા માટે અનુભવની શરત ઘટાડીને ૧ વર્ષ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૧ : દેશભરના લો ગ્રેજ્યુએટ્સ અને યુવા વકીલો માટે દેશની સુપ્રીમ કોર્ટ તરફથી એક ખૂબ જ મોટા રાહતના સમાચાર આવ્યા છે. સુપ્રીમ કોર્ટે શુક્રવાર ૨૧ ઑગસ્ટે પોતાના મે ૨૦૨૫ના ચુકાદામાં સુધારો કરતાં સિવિલ જજ(જુનિયર ડિવિઝન) એટલે કે એન્ટ્રી-લેવલ જ્યુડિશિયરી પરીક્ષામાં બેસવા માટે ફરજિયાત ૩ વર્ષના કાયદાકીય અનુભવ(વકીલાત)ની શરત ઘટાડીને ૧ વર્ષ કરી દીધી છે. રિવ્યૂ પિટિશન પર ૨:૧ની બહુમતીથી આ ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહ અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની બેંચે આ મામલે સુનાવણી કરી હતી. બેંચે મે ૨૦૨૫ના ચુકાદા સામેની રિવ્યૂ પિટિશન પર આ ચુકાદો આપ્યો. જો કે, ઝત્તૈં સૂર્યકાંત અને જસ્ટિસ એ.જી. મસીહના બહુમતી ચુકાદા સાથે જસ્ટિસ કે. વિનોદ ચંદ્રને અસંમતિ દર્શાવી હતી. તેમણે પુનર્વિચાર અરજીઓ ફગાવી દેવાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. કોર્ટનો આ નિર્ણય એવા વિદ્યાર્થીઓ માટે ખૂબ મોટો છે જેઓ કાયદાનો અભ્યાસ કરી રહ્યા છે અને ભવિષ્યમાં આ સેવામાં પ્રવેશ મેળવવા માંગે છે.

૩૧ માર્ચ ૨૦૨૭ સુધી રાહત: ૨૫ મે ૨૦૨૫થી ૩૧ માર્ચ ૨૦૨૭ વચ્ચે જાહેર થનારી તમામ જ્યુડિશિયરી પરીક્ષાઓમાં ઉમેદવારો કોઈપણ પૂર્વ અનુભવ વિના પણ ભાગ લઈ શકશે. ૧ વર્ષની ટ્રેનિંગ+૧ વર્ષની ક્લાર્કશિપ: આવા અનુભવ વિનાના પસંદગી પામેલા ઉમેદવારોને સીધી પોસ્ટિંગ મળશે નહીં. પસંદગી બાદ તેમને પહેલા ૧ વર્ષ 'ટ્રેની જ્યુડિશિયલ ઑફિસર' તરીકે ન્યાયિક અકાદમીમાં તાલીમ લેવી પડશે અને ત્યારબાદ ૧ વર્ષની

# જયપુરમાં શાળાની હાલત જોવા પહોંચેલા CJP કાર્યકરોને ગ્રામીણોએ ભગાડ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા) જયપુર, તા.૨૧ : કોકરોચ જનતા પાર્ટી હાલ સ્કૂલ ઠીક કરો અભિયાન ચલાવી રહી છે અને તે અંતર્ગત રાજસ્થાનના પાટનગર જયપુરના બગરુ વિસ્તારમાં આવેલા રામપુરા-કંવરપુરા ગામમાં સરકારી સ્કૂલની સ્થિતિ ચેક કરવા માટે તેણે કેટલાક કાર્યકરોને મોકલ્યા હતા પરંતુ ભારે હંગામો મચી ગયો. વાત જાણે એમ છે કે સીજેપીના કાર્યકરોને ગ્રામીણોએ ખદેડી મૂક્યા. આ મામલે સીજેપી પ્રવક્તા આશુતોષ રાંકાએ આરોપ લગાવ્યો કે તેમની ટીમના લોકો સાથે ભાજપના કાર્યકરોએ મારપીટ કરી અને ગાડીઓના કાચ ફોડી નાખ્યા. સીજેપીના કાર્યકરો સવાર સવારમાં રામપુરા કંવરપુરા ગામની રાજકીય પ્રાથમિક શાળાએ પહોંચ્યા તો ભારે હોબાળો મચ્યો. સીજેપીના કાર્યકરો ત્યાં શાળાની સ્થિતિ ચેક કરવા માટે પહોંચ્યા હતા. ગામવાળાઓએ તેમનો વિરોધ કર્યો અને તેમને ભગાડી મૂક્યા. થોડીવારમાં આશુતોષ રાંકા પોતે ત્યાં પહોંચ્યા તો ગ્રામીણોએ તેમના વિરુદ્ધ નારેબાજી શરૂ કરી દીધી.

માહોલ તણાવવાળો થઈ ગયો અને જોતજોતામાં તો ધક્કા મુક્કી પણ શરૂ થઈ ગઈ. ગ્રામીણોએ સીજેપીના કાર્યકરોની પીટાઈ કરી અને તેમને ગામમાં દોડાવ્યા. ગાડીઓના કાચ પણ ફોડી નાખ્યા. ગ્રામીણોએ કાર્યકરો પર રેતી પણ ઉછાળી અને પથ્થરબાજી કરી હોવાના પણ આરોપ છે. સીજેપીના ફાઉન્ડર અભીજિત દીપકેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આખા ઘટનાક્રમ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે આશુતોષ પર ભાજપના ગુંડાઓએ રાજસ્થાનમાં હુમલો કર્યો છે. રાજસ્થાન પોલીસે આવું કરવા દીધુ છે.

## મંત્રીઓના કૂતરાઓને પણ વિદ્યાર્થીઓ કરતા સારી સુવિધા :અભિજિત દીપકે

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૨૧ : મહારાષ્ટ્રમાં સરકારી શાળાઓની જર્જરિત હાલત અને પ્રાથમિક સુવિધાઓના અભાવ સામે આક્રોશ વધતો જઈ રહ્યો છે. લાતુર જિલ્લાના ઔસા તાલુકાના ઉજની ગામ ખાતે આવેલી એક જિલ્લા પરિષદની શાળાની મુલાકાત લીધા બાદ, કોકરોચ જનતા પાર્ટીના ફાઉન્ડર અભિજિત દીપકેએ રાજ્યના શિક્ષણ મંત્રી દાદા ભુસે સામે મોરચો માંડ્યો છે. દીપકેએ આક્ષેપ કર્યો છે કે, સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની સ્થિતિ દયનીય છે, જ્યારે નેતાઓ માત્ર હેલિકોપ્ટરમાં ફરવામાં મસ્ત છે.

દીપકેએ ગયા અઠવાડિયે શરૂ કરેલા સ્કૂલ ઠીક કરો અભિયાનના ભાગરૂપે લાતુરની આ શાળાની મુલાકાત લીધી હતી.

દીપકેએ જણાવ્યું કે, જ્યારે રાજકીય નેતાઓ વિદ્યાર્થીઓ માટે કઈ જ નથી કરતા, ત્યારે લોકો તેમને કેમ મત આપે? શું લોકો તેમને માત્ર હેલિકોપ્ટરમાં મુસાફરી કરવા માટે મત આપે છે? લોકોએ જોવું જોઈએ કે તેમના બાળકો કઈ પરિસ્થિતિમાં ભણી રહ્યા છે. આ મંત્રીઓના કૂતરાઓને વિદ્યાર્થીઓ કરતા વધુ સારી સુવિધાઓ મળે છે.

# ૧૦ લાખ ટન ડ્યૂટી ફ્રી ખાંડની આયાતને કેંદ્ર સરકારની મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૧
તહેવારોની સિઝન પહેલા સરકારે ખાંડના વધતા ભાવોને નિયંત્રિત કરવા માટે એક મોટું પગલું ભર્યું છે. વિદેશ વેપાર મહાનિર્દેશાલય (DGFT) એ ગુરુવારે એક જાહેરનામું બહાર પાડીને કાચી ખાંડની આયાત પરની ડ્યુટી કેપને હંગામી ધોરણે હટાવી દીધી છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી ખાંડના ભાવ સતત વધી રહ્યા છે. ઓગસ્ટની શરૂઆતમાં, છૂટક ખાંડના ભાવ રૂ.૪૮ થી રૂ.૫૦ પ્રતિ કિલો સુધી પહોંચી ગયા હતા, જ્યારે જથ્થાબંધ ભાવ રૂ.૪,૭૫૦ થી રૂ.૪,૮૦૦ પ્રતિ ક્વિન્ટલ વચ્ચે હતા. હવે, ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી, દેશમાં કોઈપણ આયાત ડ્યુટી વગર ૧૦ લાખ ટન કાચી ખાંડની આયાત કરવામાં આવશે. આ મુક્તિ ટેરિફ રેટ ક્વોટા (TRQ) હેઠળ આપવામાં આવી છે, જેનો અર્થ છે કે આ સુવિધા ફક્ત ચોક્કસ જથ્થા માટે જ ઉપલબ્ધ રહેશે, જે પછી જૂની ડ્યુટી લાગુ ટેરિફમાં પાછી આવશે. અગાઉ, આયાત નીતિ મફત હતી, પરંતુ



કોઈ ખાસ શરતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. હવે, આ નીતિ મફત રહેશે, જેમાં ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી ૧ મિલિયન મેટ્રિક ટનનો ડ્યુટી-ફ્રી ટેરિફ રેટ ક્વોટા ઉમેરવામાં આવશે. જે કંપનીઓને TRQ યોજના હેઠળ પહેલાથી જ એડવાન્સ ઓથોરાઈઝેશન જારી કરવામાં આવ્યું છે તેમને એડવાન્સ ઓથોરાઈઝેશન યોજનામાંથી TRQ યોજનામાં તેમના અધિકૃતતાઓને રૂપાંતરિત કરવાનો એક વખતનો વિકલ્પ આપવામાં આવ્યો છે. આ વિકલ્પ સૂચના તારીખથી ખરેખર આયાત કરાયેલ કાચી ખાંડના જથ્થા માટે ઉપલબ્ધ રહેશે. આમાં તે કાચી ખાંડમાંથી ઉત્પાદિત શુદ્ધ ખાંડ અને તે કાચી ખાંડમાંથી ઉત્પાદિત ત્યારબાદ શુદ્ધ ખાંડનો સમાવેશ થશે. આ છૂટ મફત નથી. આ ફેરફાર માટે, કંપનીઓએ આયાત સમયે મળેલી GST મુક્તિ ચૂકવવી પડશે. વધુમાં, શરત એ છે કે આયાતી કાચી ખાંડમાંથી ઉત્પાદિત શુદ્ધ ખાંડ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં ફક્ત સ્થાનિક બજારમાં વેચવી આવશ્યક છે. આનો અર્થ કંઈક સરળ છે. અગાઉ, બંદર-આધારિત રિફાઈનરીઓને ડ્યુટી-ફ્રી કાચી ખાંડ આયાત કરવાની મંજૂરી આપવામાં આવી હતી, શરત એ હતી કે તેઓ સમાન માત્રામાં શુદ્ધ ખાંડ નિકાસ કરે. હવે, સરકાર આ ખાંડને નિકાસ કરવાને બદલે સ્થાનિક બજારમાં વાળવા માંગે છે, જેનાથી તાત્કાલિક પુરવઠો વધે છે.

## પાકિસ્તાનના પૂર્વ વડા પ્રધાન

# ઈમરાન ખાન પાછા જેલ હવાલે!!

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈસ્લામાબાદ, તા.૨૧
પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન અને પીટીઆઈ (PTI)ના પ્રમુખ ઈમરાન ખાનને અડધી રાતે કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અદિયાલા જેલમાંથી ઈસ્લામાબાદની શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ત્યાં ૬ નિષ્ણાત ડૉક્ટરોની ટીમે તેમની સંપૂર્ણ તબીબી તપાસ કરી હતી.

તપાસ પૂર્ણ થયા બાદ તબીબોની ટીમે તેમને હોસ્પિટલમાં દાખલ કરવાના બદલે જેલમાં રાખવા વધુ સુરક્ષિત હોવાનું જણાવી ફરીથી અદિયાલા જેલ મોકલી દીધા હતા.

ઈમરાન ખાનને હોસ્પિટલ લઈ જવાનો નિર્ણય પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર કરવામાં આવ્યો હતો. અદાલતે તેમની કથળતી સ્વાસ્થ્ય સ્થિતિને ધ્યાનમાં રાખીને ૨ દિવસની અંદર મેડિકલ તપાસ અને સારવાર માટે શિફા હોસ્પિટલ ખસેડવા નિર્દેશ આપ્યો હતો. કોર્ટે તબીબી તપાસ માટે ખાસ મેડિકલ બોર્ડની રચના કરવા અને તપાસ દરમિયાન તેમના પત્ની ડૉ. ઉઝમા તથા તેમના અંગત ડૉક્ટરને હાજર રહેવાની મંજૂરી આપી હતી. આ સારવારનો તમામ ખર્ચ તેમના પરિવારે ઉઠાવવાનો રહેશે.

ઈમરાન ખાનને હોસ્પિટલ લાવવામાં આવે તે પહેલા જ શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલની આસપાસ સુરક્ષા વ્યવસ્થા અત્યંત સઘન કરી દેવામાં આવી હતી. મોટી સંખ્યામાં પોલીસ કાફલો તહેનાત કરાયો હતો. આ પૂર્વે ઈસ્લામાબાદના ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (IGP) સૈયદ અલી નાસિર રિઝવીએ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે સ્થળની મુલાકાત લઈને સમગ્ર સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

સુપ્રીમ કોર્ટે ઈમરાન ખાનને ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવાનો જે અંતરિમ આદેશ આપ્યો હતો, તેની સામે પાકિસ્તાનની કેન્દ્ર સરકારે રિવ્યૂ પીટિશન દાખલ કરી હતી. સરકારે દાવો કર્યો હતો કે કોર્ટનો આ નિર્ણય કાયદાકીય સીમાઓથી બહાર છે અને જેલમાંથી હોસ્પિટલ ખસેડવાનો નિર્ણય માત્ર મેડિકલ એક્સપર્ટ્સની સલાહ પર આધારિત હોવો જોઈએ. જોકે, સુપ્રીમ કોર્ટના રજિસ્ટ્રાર કાર્યાલયે આ અરજીમાં કેટલીક ટેકનિકલ ખામીઓ બતાવી તેને પરત કરી હતી. ત્યારબાદ ઈસ્લામાબાદના ચીફ કમિશનર દ્વારા આ પુનર્વિચાર અરજી પાછી ખેંચી લેવામાં આવી હતી.

## કેન્દ્ર સરકારે લદાખમાં જમ્મુ -કાશ્મીર હાઈકોર્ટની બેન્ચ સ્થાપવાનો નિર્ણય લીધો

(જી.એન.એસ) તા. ૨૧
નવી દિલ્હી/લેહ, કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહે જાહેરાત કરી છે કે, પીએમ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય મંત્રીમંડળે લદ્દાખમાં જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટની બેન્ચ સ્થાપવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે આ પગલાથી લદ્દાખના દૂરના વિસ્તારોમાં રહેતા નાગરિકોને ન્યાયની પહોંચમાં નોંધપાત્ર વધારો થશે, જેનાથી તેઓ જે કાનૂની સેવાઓ મેળવવા માટે હકદાર છે તે મેળવવા માટે જરૂરી સમય ઓછો થશે. શ્રી અમિત શાહે ઉમેર્યું હતું કે કેન્દ્રના આ પગલાનો ઉદ્દેશ્ય લદ્દાખના દૂરના અને ભૌગોલિક રીતે પડકારજનક વિસ્તારોમાં રહેતા લોકો માટે ન્યાયની પહોંચમાં સુધારો કરવાનો છે. નોંધપાત્ર રીતે, કેન્દ્રના આ નિર્ણયથી લદ્દાખના રહેવાસીઓ માટે કાનૂની ઉપાયો મેળવવા માટે લાંબી મુસાફરી કર્યા વિના હાઈકોર્ટ સુધી પહોંચવાનું સરળ બનશે તેવી અપેક્ષા છે. લદ્દાખમાં હાઈકોર્ટની બેન્ચ શા માટે મહત્વપૂર્ણ છે? લદ્દાખમાં હાઈકોર્ટની બેન્ચ મહત્વપૂર્ણ છે કારણ કે તે એક વિશાળ, પર્વતીય કેન્દ્રશાસિત પ્રદેશ છે જ્યાં લાંબા અંતરની મુસાફરી કરવી મુશ્કેલ બની શકે છે અને ખાસ કરીને એવા લોકો માટે જેમને કોર્ટમાં હાજર રહેવાની અથવા કાનૂની સહાય લેવાની જરૂર હોય છે. હાલમાં, જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખની હાઈકોર્ટ બંને કેન્દ્રશાસિત પ્રદેશો માટે એક સામાન્ય હાઈકોર્ટ છે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES





## વાપીમાં સિનિયર સિટીઝન કાઉન્સીલ હોલમાં શિવ કથાનો પ્રારંભ થયો

વાપી દેસાઈવાડના હનુમાન મંદિરથી પોથીયાત્રા નિકળી હતી. જેમાં મોટી સંખ્યામાં શિવભકતો જોડાયા હતાં. આ પોથીયાત્રા કથાના સ્થળે પહોંચી હતી. જયાં પદ્મશ્રી ગફુરભાઈ બિલખિયા, ભાગવતાચાર્ય રામશંકર અને યજમાનના હસ્તે દિપપ્રાગટય કરી શિવકથાની શરુઆત વ્યાસપીઠ પરથી કિર્તીરામશંકર શાસ્ત્રી દ્વારા કરવામાં આવી હતી. આ શિવકથા રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમ્યાન ૨૬મી ઓગસ્ટ સુધી ચાલશે.

# ગણદેવી પાલિકામાં સામાન્ય સભા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૨૧ :** ગણદેવી નગરપાલિકાની સામાન્ય સભા શુક્રવારે સાંજે પાલિકા ભવનના સભાખંડમાં પ્રમુખ અનિતા ભંડારીના અધ્યક્ષસ્થાને મળી હતી. સભામાં એજન્ડા પરના ૨૦ અને વધારાના ૪ મળી કુલ ૨૪ કામોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. જેમાં કર્મચારીઓની ભરતી, આંતરિક માર્ગોની કાયાપલટ, જનસુવિધા તેમજ વિવિધ વિકાસકામોને બહાલી અપાઈ હતી.

આગામી ગણેશ ઉત્સવને ધ્યાનમાં રાખીને વડા તળાવની પાળે કૃત્રિમ તળાવનું નિર્માણ કરવામાં આવશે. તેમજ વડા તળાવ નજીક ઓક્સિજન પાર્ક તૈયાર કરવાનો નિર્ણય લેવાયો હતો. સભામાં ગણદેવી પંથકનાં ૩૩ ગામો સાથે એમઓયુ કરી કચરાના નિકાલની વ્યવસ્થા કરવા તેમજ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટનો અમલ કરવા અંગે મંજૂરી અપાઈ હતી. પાલિકાના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચના લાભો તેમજ ૧૧ માસના કરાર આધારિત કર્મચારીઓના વેતન વધારાને પણ બહાલી આપવામાં આવી હતી. તેમજ નગરના વિકાસના તમામ કામો ઝડપી અને નાગરિકોને ઉપયોગી થાય તેવા કરવા માટે નિર્ણયો લેવાયા હતાં.

આ પ્રસંગે ચીફ ઓફીસર પ્રાચી દોશી, પ્રમુખ અનિતાબેન દિનેશભાઈ ભંડારી, ઉપપ્રમુખ એડવોકેટ રાજેશ વકીલ, પીનાકીન પંડ્યા, રેખા હળપતિ, નિરવ સગર, પિંકેશ હળપતિ, અલ્લારખી કુરેશી, શહેનાઝ બાનું કોથાવાલા, જયોતિ ધીમમર, જયલક્ષ્મી ગાજુલ સહિત ૨૩ નગરસેવકો ઉપસ્થિત રહ્યા હતાં.

# છીપવાડ રેલવે ગરનાળાના નબળા કામથી વાહનચાલકો પરેશાન



**વલસાડ તા. ૨૧ :** વલસાડ-ખેરગામ માર્ગ પર આવેલા છીપવાડ રેલવે ગરનાળાની બિસ્માર હાલતના કારણે સ્થાનિકો અને રોજીંદા વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. એક જ મહિનામાં ત્રણ-ત્રણ વખત ગરનાળું બંધ રાખી સમારકામ હાથ ધરાયું હોવા છતાં, તંત્ર દ્વારા માત્ર ખાડાઓમાં પથ્થર નાંખી સંતોષ માની લેવાતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાડાઓમાં નાખેલા પથ્થરો અને ભરાયેલા પાણીના કારણે માર્ગ અત્યંત જોખમી બન્યો છે, જેના લીધે વાહનો સ્લીપ થવા તેમજ ટ્રાફિક જામની સમસ્યા રોજિંદી બની ગઈ છે. વલસાડથી ખેરગામ તરફ જતાં ૨૦થી વધુ ગામોના વિદ્યાર્થીઓ, નોકરિયાતો અને ગ્રામજનો આ મુખ્ય માર્ગ પરથી અવરજવર કરે છે, જેમને દરરોજ ભારે મુશ્કેલી વેઠવી પડે છે. માર્ગ અને મકાન વિભાગ, નગરપાલિકા કે રેલવે તંત્ર દ્વારા એકબીજા પર જવાબદારી ઢોળવામાં આવતી હોવાથી સમસ્યાનું યોગ્ય નિરાકરણ આવતું નથી. સ્થાનિક રહીશો અને વાહનચાલકોની માંગ છે કે દર વખતે વેઠ ઉતારવા જેવી કામગીરી કરવાને બદલે છીપવાડ ગરનાળામાં પેવર બ્લોક અથવા મજબૂત સીસી (CC) રોડ બનાવી આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે.

## :: PUBLIC NOTICE ::

**I, ADVOCATE JIGISHA GANDHI (B.Sc., D.M.Lt, LL.B-GOLD MEDAL),** Giving this public notice that,

All that Piece and Parcel of the Immovable Property ALL THE PIECE AND PARCEL of the immovable Property bearing being being Plot No. 2, admg. 1016.40 sq. mtrs. and Plot No. 3, admg. 417 sq. mtrs. situated at NA land bearing S.No. 312 admg. 7455.40 sq. mtrs., at Village Abrama, Ta. & Dist. Valsad, which is owned by PRASHANT JAYANTIBHAI DESAI. On verification of title documents, I found that Prashant Jayantilal Desai had availed loan from Bell Finvest India Ltd through registered Mortgage deed registered vide Serial No. 2711 dated 02.06.2017 at the Valsad sub-registrar of the properties shown in the schedule below and had duly repaid the loan to Bell Finvest India Ltd on 21.06.2018 and Bell Finvest India Ltd Issued only No Due Certificate for the same on 25.06.2018 but had not executed registered release deed due to closure of the company. So Bell Finvest India Ltd or Any persons/s,society, institutions, group, trust, banks etc. owing any rights of ownership or possession or lien or claim of whatsoever nature in respect thereof are hereby informed to raise any such rights or claims all within a period of seven days from the date of publication of this notice personally before the under signing along with all documentary proof in original, upon expiry of which, no right or claim of whatsoever nature shall be entertained and Title Clear Certificate will be issued.

**SCHEDULE OF THE PROPERTY**

(1) ALL THE PIECE AND PARCEL of the immovable Property bearing being being Plot No. 2, admg. 1016.40 sq. mtrs. and Plot No. 3, admg. 417 sq. mtrs. situated at NA land bearing S.No. 312 admg. 7455.40 sq. mtrs., at Village Abrama, Ta. & Dist. Valsad.

**Date : 22-08-2026**
**Place : VALSAD**

**JIGISHA GANDHI**
**ADVOCATE**
(B.Sc., D.M.Lt,LL.B-GOLD MEDAL)

**ADDRESS:**
**Valsad: 306. Silver Coin. Halar Road. Valsad-396001**
**Vapi: A 1015, Sonorous, Vapi-396191**

**9374157414/7698376294/ 9725048236**
**WWW.LEGALCELLS.IN**

## નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **મૌર્ય ગોવિંદ શ્રીરામદેવ** હતું જે બદલીને મારૂ નવું નામ **મૌર્ય ગોવિંદ રાજદેવ** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી

લિ. **મૌર્ય ગોવિંદ રાજદેવ**
**સરનામું :** ૨૦૪ હિમાલિયા કોમ્પ્લેક્સ, ભંડારી સમાજ હોલ, ભીલાડ, દહેલી, વલસાડ, ગુજરાત - ૩૯૬૧૦૫

# સાપુતારા પંથકમાં ૩.૩ તીવ્રતાનો આંચકો નોંધાયો

**સાપુતારા, તા.૨૧ :** ડાંગ જિલ્લામાં ઓગસ્ટ મહિનામાં સતત ત્રણ વખત ભૂકંપનાં આંચકા અનુભવાયા છે. મહારાષ્ટ્રનાં નાસિક જિલ્લામાં ભૂકંપનું એપિક સેન્ટર હોય જેથી સાપુતારા વિસ્તારમાં વારંવાર ધરા ધ્રુજી રહી છે. ડાંગ જિલ્લાના પ્રખ્યાત ગિરિમથક સાપુતારા અને તેની આસપાસના સરહદી વિસ્તારોમાં તા.૨૧-૦૮-૨૦૨૬નાં બપોરનાં અરસામાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપની તીવ્રતા રિએક્ટર સ્કેલ પર ૩.૩ નોંધાઈ છે, જેના કારણે સ્થાનિક રહીશો અને પ્રવાસીઓમાં ક્ષણભર માટે ભયનો માહોલ સર્જાયો હતો. ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રની સત્તાવાર માહિતી અનુસાર, આ આંચકો આજરોજ ૨૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બપોરે નોંધાયો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ અક્ષાંશ ૨૦.૪૪૨ (ર્નીદ) અને રેખાંશ ૭૩.૭૦૨ (ર્નૈ) પર પૃથ્વીની સપાટીથી માત્ર ૫ કિલોમીટરની ઊંડાઈએ (ઝફૂષ્દત્ર) નોંધાયું હતું. ભૌગોલિક રીતે આ કેન્દ્રબિંદુ નાસિક (મહારાષ્ટ્ર) વિસ્તારમાં આવતુ હોવા છતાં, ડાંગ જિલ્લાના સાપુતારા અને સરહદી ગામડાઓમાં તેની સ્પષ્ટ અસર જોવા મળી હતી.ધરતીકંપનો આંચકો હળવો હોવાના કારણે કોઈ જાનમાલના નુકસાન કે મોટા પાયે હોનારતના સમાચાર મળ્યા નથી.જોકે, બપોરના સમયે અચાનક ધરતી ધ્રૂજી ઊઠતા સાપુતારા ખાતે આવેલા -વાસીઓ તેમજ સ્થાનિક લોકો ઘર અને હોટલોમાંથી બહાર નીકળી આવ્યા હતા.ડાંગ જિલ્લા તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને લોકોને અફવાઓથી દૂર રહેવા તથા શાંતિ જાળવી રાખવા અપીલ કરવામાં આવી છે..

## ધમડાચીથી રૂા.૨.૬૨ લાખનો દારૂ ઝડપાયો

**વલસાડ, તા ૨૧ :** વલસાડ એલસીબી પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં ફરતો હતો. તે દરમિયાન બાતમીના આધારે વલસાડના ધમડાચી ગામ પાસે, રામદેવ હોટલ નજીક સરકારી અનાજના ગોડાઉન સામે અમદાવાદ જતાં ટ્રેક પર વોચ ગોઠવવામાં આવી હતી. તે દરમ્યાન દરમિયાન હ્યુન્ડાઈ ક્રેટા કારમાં છુપાવેલો ભારતીય બનાવટનો દારૂ અને વ્હીસ્કી અને બિયરના ટીન અને બોટલો નંગ-૬૦૨ કિંમત ૨,૬૨,૫૫૦, હ્યુન્ડાઈ ક્રેટા કારની કિંમત ૭ લાખ, એક મોબાઈલ ફોન કિંમત ૫,૦૦૦ નંબર પ્લેટ નંગ-૦૪મળી કુલ મુદ્દામાલ કિંમત રૂપિયા ૯,૬૭,૫૫૦ રૂપિયાના મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. આ ઘટના સ્થળેથી કાર ચાલક સહિત અન્ય બે ઈસમ ફરાર થઈ જતાં પોલીસે ત્રણેય અજાણ્યા વોન્ટેડ આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# વાપી લાયન્સ કલબ દ્વારા કોપરલી પ્રા.શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** લાયન્સ ક્લબ ઓફ વાપી દ્વારા સ્વ. લાયન મોહનલાલ શાહની યાદમાં કોપરલી પ્રાથમિક મુખ્ય શાળાના વિદ્યાર્થીઓ માટે નોટબુક અને સ્ટેશનરી વિતરણ કાર્યક્રમનું આયોજન શુક્રવારે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા લાયન્સ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે લાયન હેમલ પટેલ, ગેસ્ટ ઓફ ઓનર લાયન પ્રિયંકા જૈન રાવલ, FVDG લાયન દર્શના તુરિખિયા, SVDG, પ્રમુખ લાયન ઉદય પટેલ, PDG લાયન મુકેશ પટેલ સહિત ડિસ્ટ્રિક્ટ તથા ક્લબના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

લાયન્સ ક્લબ ઓફ વાપીના પ્રમુખ લાયન ઉદય પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ ગવર્નર લાયન હેમલ પટેલનું પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટ ચેરમેન લાયન પ્રતિક શાહે કાર્યક્રમ અંગે વિગતવાર માહિતી આપી હતી.

ગવર્નર લાયન હેમલ પટેલે વિદ્યાર્થીઓને અભ્યાસમાં પ્રગતિ કરી ભવિષ્યમાં આગળ વધીને શાળાનું નામ રોશન કરવાની શુભેચ્છા પાઠવી હતી. લાયન પ્રિયંકા જૈન રાવલ તથા લાયન દર્શના તુરિખિયાએ પણ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય અને સારી પ્રગતિ માટે શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ગવર્નર લાયન હેમલ પટેલના હસ્તે વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૦૦ નોટબુક, ૬૦૦ બોલપેન, ૯૦૦ પેન્સિલ, વોટરબેગ, રબર, કલર બોક્સ તથા ચોકલેટ સહિતની સામગ્રીનો સમાવેશ થયો હતો. કાર્યક્રમના અંતે લાયન પી.એ. પટેલે ગવર્નર સહિત ઉપસ્થિત મહેમાનો, શાળાના આચાર્ય અને સ્ટાફ, લાયન્સ ક્લબના તમામ સભ્યો તેમજ સ્વ. લાયન મોહનલાલ શાહના પરિવારજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## જાહેર નોટીસ

પૂરના કારણે કચેરીના રેકર્ડ અને દસ્તાવેજ નાશ પામવા અંગે આથી સર્વે સામાન્ય જનતા, ગ્રાહકો, સરકારી સત્તાધિકારીઓ, બેંકો, નાણાકીય સંસ્થાઓ તથા સંબંધિત તમામને જાણ કરવામાં આવે છે. કે તા. ૨૩/૦૭/૨૦૨૬ ના રોજ સતત ભારે વરસાદને કારણે આવેલ અભૂતપૂર્વ પૂર અને પાણી ભરાવાના પરિણામે અવધ ઈન્ફાટેક, અવધ ઈન્ફાકોર્પ, અવધ હેલિકોનિયા, અવધ હેલિકોનિયા ગ્રીન, અવધ ઈન્ફા લિમિટેડ (અવધ રિવરસાઈડ), અવધ ઈન્ફા લિમિટેડ (અવધ ઈન્ડસ્ટ્રિયલ એરિના)ની અવધ, ટુકવાડા સ્થિત કચેરીમાં રહેલા અનેક કચેરીના રેકોર્ડ, મૂળ માલિકના દસ્તાવેજો, પ્રોજેક્ટ સંબંધિત દસ્તાવેજો, ઈલેક્ટ્રોનિક રેકોર્ડ તથા અન્ય કાનૂની દસ્તાવેજો ગંભીર રીતે નુકસાન પામ્યા, નાશ પામ્યા અને તમામ યોગ્ય પ્રયાસો છતાં પુનઃપ્રાપ્ત થઈ શકયા નથી.

**નુકસાન પામેલા રેકોર્ડમાં નીચે મુજબના દસ્તાવેજોનો સમાવેશ થાય છે, પરંતુ તે પૂરતા મર્યાદિત નથી:**

- મૂળ વેચાણ દસ્તાવેજો (Sale Deeds), કન્વેયન્સ ડીડ, ટાઈટલ ડીડ તથા મિલકત સંબંધિત અન્ય મૂળ દસ્તાવેજો:
- વિવિધ પ્રોજેકટની મિલકતો સંબંધિત મૂળ વેચાણ કરારો, ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ, બાંધકામ કરારો, પૂરક કરારો તથા અન્ય કરારાત્મક દસ્તાવેજો:
- મૂળ રસીદો, ચુકવણીની રસીદો, વેચાણ મૂલ્યની રસીદો, કબજો સોપ્યાની રસીદો તથા અન્ય નાણાકીય દસ્તાવેજો:
- મૂળ કાનૂની ફાઈલો, કેસ પેપર્સ, અરજીઓ, દાવા તથા અન્ય ન્યાયિક રેકોર્ડ
- કરારો, દસ્તાવેજો, એફિડેવિટ, પાવર ઓફ એટર્ની, ઘોષણાપત્રો, ઈન્ડેમ્નિટી તથા અન્ય કાનૂની દસ્તાવેજો:
- ગ્રાહકો સાથેનો પત્રવ્યવહાર, કચેરીના ફાઈલો, રજીસ્ટરો તથા વહીવટી રેકોર્ડ
- ઈલેક્ટ્રોનિક રેકોર્ડ, ડિજિટલ ડેટા, કમ્પ્યુટર્સ, હાર્ડ ડિસ્ક, સ્ટોરેજ ડિવાઈસ, સર્વર્સ, બેકઅપ, ઈ-મેઈલ, સ્કેન કરેલા દસ્તાવેજો તથા અન્ય ડિજિટલ માહિતી:
- હિસાબના પુસ્તકો, વાઉચર્સ, ઈન્વોઈસ, કર સંબંધિત રેકોર્ડ, કાયદેસર ફરજિયાત રેકોર્ડ તથા અન્ય વ્યવસાયિક દસ્તાવેજો.

ઉપરોકત તમામ રેકોર્ડ અને દસ્તાવેજોનો નાશ માત્ર ઉપરોક્ત કુદરતી આપત્તિના કારણે થયો છે. તેના કોઈપણ વેચાણ, હસ્તાંતરણ, સોંપણી, ગીરો, પ્રતિજ્ઞા અથવા અન્ય કોઈ ઈરાદાપૂર્વકના કૃત્ય સાથે કોઈ સંબંધ નથી.

જે કોઈ વ્યકિત, ગ્રાહક, સરકારી સત્તાધિકારી, બેંક, નાણાકીય સંસ્થા, ડેવલપર, ખરીદદાર અથવા અન્ય કોઈ વ્યકિત પાસે ઉપરોક્ત દસ્તાવેજ અથવા રેકોર્ડની નકલો ઉપલબ્ધ હોય, તેઓએ વિનંતી કરવામાં આવે છે કે કચેરીના રેકોર્ડનું પુનઃનિર્માણ કરવાની પ્રક્રિયામાં સહાયરૂપ થવા માટે તેની નકલો નીચે સહી કરવારને ઉપલબ્ધ કરાવે.જે કોઈ વ્યકિત નાશ પામેલા રેકોર્ડમાંથી ઉત્પન્ન થયેલા હોવાનું દર્શાવતા કોઈપણ ફેરફાર કરેલા, બનાવટી, અનધિકૃત અથવા અયોગ્ય રીતે પ્રાપ્ત કરેલા દસ્તાવેજના આધારે કોઈ હકક, માલીકી અથવા હિતનો દાવો કરશે અથવા તેવા દસ્તાવેજના આધારે કોઈપણ વ્યવહાર કરશે તે સંપુર્ણ પણે પોતાના જોખમ અને જવાબદરી પર કરશે.

વધુ માહીતી માટે અથવા દસ્તાવેજોની નકલો મોકલવા માટે સંપર્ક કરો:

**કચેરી/સંસ્થાનુ નામ:** અવધ ઈન્ફાટેક, અવધ ઈન્ફાકોર્પ, અવધ હેલિકોનિયા, અવધ હેલિકોનિયા ગ્રીન, અવધ ઈન્ફા લિમિટેડ (અવધ રિવરસાઈડ), અવધ ઈન્ફા લિમિટેડ (અવધ ઈન્ડસ્ટ્રિયલ એરિના)

**કચેરીનુંસરનામું:**અવધ, ટુકવાડા, મોબાઈલ: 6359411123,
ઈ-મેઈલ : HELICONIA.AC@GMAIL.COM

સહી/-
અધિકૃત સહીકર્તા
અવધ ઈન્ફાટેક, અવધ ઈન્ફાકોર્પ,
અવધ હેલિકોનિયા, અવધ હેલિકોનિયા ગ્રીન,
અવધ ઈન્ફા લિમિટેડ (અવધ રિવરસાઈડ),
અવધ ઈન્ફા લિમિટેડ (અવધ ઈન્ડસ્ટ્રિયલ એરિના)

સ્થળ: ટુકવાડા
તારીખ: ૨૧-૦૮-૨૦૨૬

## TORRENT POWER | DNHDD

### વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર ડીસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ (ડીસ્ટ્રીબ્યુશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૬-૦૮-૨૦૨૬ બુધવાર સવારે ૧૦:૦૦ થી બપોરે ૩:૦૦ | આમલી | (૧૧કેવી પીપરિયા ઈન્ડસ્ટ્રીયલ-૫ ફીડર) | દીપક પોલિમર, હર્ષ ઉદ્યોગ, વેલટેક્સ ઈન્ડ, રામુકા ટેક્સટાઈલ, પારસ ટેક્સટાઈલ, હિન્દુસ્તાન કોટન, એલપી પોલિપ્લાસ્ટ, કોણાર્ક પોલિમર, ચોક્સી કેમિકલ, મલેશ્વર ઈન્ડ., કપૂર સિન્થેટીક્સ |

અસુવિધા બદલ દિલગીર છીએ



**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ**
**તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
**એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે**

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

## PUBLIC NOTICE

**Loss of Office Records and Documents Due to Flood**

Notice is hereby given to the general public, clients, government authorities, financial institutions, and all concerned that due to the unprecedented flood and heavy inundation caused by incessant rains on 23-07-2026 at the office of Avadh infratech, Avadh infracorp, Avadh heliconia green, Avadh heliconia, Avadh infra limited (Avadh Riverside), Avadh infra limited ( Avadh Industrial Arena) situated at Avadh, Tukvada several office records, original title documents, project documents, electronic records, and other legal documents were extensively damaged, destroyed, and rendered irretrievable despite all reasonable efforts to preserve and recover them.

The records affected include, but are not limited to:

- Original sale deeds, conveyance deeds, title deeds, and other original property documents;
- Original agreements for sale, development agreements, construction agreements, supplementary agreements, and other contractual documents relating to various project properties;
- Original receipts, payment receipts, consideration receipts, possession receipts, and other financial records relating to project properties;
- Original legal files, case papers, pleadings, and litigation records;
- Agreements, contracts, deeds, affidavits, powers of attorney, declarations, indemnities, and other legal instruments;
- Client correspondence, office files, registers, and administrative records;
- Electronic records, digital data, computers, hard drives, storage devices, servers, backups, emails, scanned documents, and other electronic information;
- Books of accounts, vouchers, invoices, tax records, statutory records, and other business documents.

The aforesaid records and documents have been lost or destroyed solely due to the said natural calamity and not due to any sale, transfer, assignment, mortgage, pledge, or any intentional act.

Any person, client, authority, bank, financial institution, developer, purchaser, or any other person having copies of any of the aforesaid documents or records is requested to kindly provide copies to the undersigned to facilitate reconstruction of the office records.

Any person dealing with or claiming any right, title, or interest based upon any altered, fabricated, unauthorized, or improperly obtained document purportedly originating from the destroyed records shall do so entirely at their own risk and responsibility.

For any information or submission of copies, please contact:

**Name of Office/Firm : Avadh Infratech, Avadh Infracorp, Avadh Heliconia Green, Avadh Heliconia, Avadh Infra Limited (Avadh Riverside), Avadh Infra Limited ( Avadh Industrial Arena)**

**Office Address : Complete Office Address** : Avadh, Tukvada, valsad

Mobile: 6359411123, Email: HELICONIA.AC@GMAIL.COM

Sd/-
**Authorized Signatory**
Avadh infratech,
Avadh infracorp,
Avadh heliconia green,
Avadh heliconia,
Avadh infra limited (Avadh Riverside),
Avadh infra limited ( Avadh Industrial Arena)

**Place: Tukvada**
**Date: 21-08-2026**

## TORRENT POWER | DNHDD

### 'ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ' વિષે જાણકારી

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લીમીટેડ, ટોરેન્ટ પાવરની એક પેટા કંપની, ગ્રાહકોને ઉચ્ચતમ સેવાઓ આપવા હરહંમેશ પ્રયત્નશીલ અને કટીબદ્ધ છે. ગ્રાહકો પોતાના પ્રશ્નો અને ફરિયાદો સહેલાઈથી જણાવી શકે અને તેનો ઉકેલ મેળવી શકે તે માટે કંપનીએ વિવિધ વિકલ્પો પ્રસ્થાપિત કર્યા છે, જે નીચે જણાવ્યા મુજબ છે. :

- કસ્ટમર પોર્ટલ : connect.torrentpower.com
- મોબાઈલ એપ્લિકેશન : torrent power connect
- ૨૪x૭ હેલ્પલાઈન સુવિધા : ૯૦૯૯૯૯૧૯૧૨, ૧૮૦૦૨૩૩૯૫૦૦, ૧૯૧૨૬, ૧૮૦૦૨૭૦૫૫૫૧
- ઈ-મેઈલ સુવિધા : connect.dnhdd@torrentpower.com
- ગ્રાહક સેવા કેન્દ્રો : દમણ : પહેલો માળ, પાવર હાઉસ બિલ્ડિંગ, નાની દમણ; દીવ : દમણ અને દીવ સ્ટેટ કો.ઓ. બેન્ક પાસે, ફુદામ; સિલવાસા : ૧૦૯, વિદ્યુતભવન, સિલવાસા; ખાંડવેલ : ખુટતી કોલોની, ખાનવેલ
- 'ટોરેન્ટ પાવર આપના દ્વારે' કાર્યક્રમ અને 'Doorstep' સુવિધાઓ : નિયમિત ધોરણે પંચાયતો ઉપર તથા જરૂરિયાત મુજબ

આ સુવિધા ઉપલબ્ધ કર્યા પછી ગ્રાહક અસંતુષ્ટ હોય તો તેઓ 'ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ'નો નીચે જણાવેલ માહિતીમાંથી પસંદ કરી સંપર્ક કરી શકે છે.

| દમણ | દીવ | સિલવાસા |
|---|---|---|
| બીજો માળ, પાવર-હાઉસ બિલ્ડીંગ, સત્ય નારાયણ મંદિર પાસે, નાની-દમણ, દમણ-૩૯૬૨૧૦ | દમણ અને દીવ સ્ટેટ કો.ઓપ.બેન્ક લિ. પાસે, ગંગેશ્વર મહાદેવ રોડ, ફુદામ, દીવ-૩૬૨૫૨૦ | રૂમ નં.૧૦૨, વિદ્યુત ભવન, સિલવાસા-૩૯૬૨૩૦ |

ફોન નં.: ૬૩૫૭૫૫૭૭૭૭ I ઇ-મેઇલ: consumerforumdnhdd@torrentpower.com

## ટેરેસ ગળે છે ??



વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર

એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઇ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh Suiting, Siyaram's Shop, DONEAR Suitings & Shirtings, DIGJAM, NIRVĀN Shirtings, ICON ashima Luxury Fabrics, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

INDUSTRIAL SPACE AVAILABLE FOR RENT
READY TO MOVE
SARIGAM ANANTA INDUSTRIAL PARK
Premium 6000 sq. ft. industrial property available for lease.
6000 SQ. FT. CARPET AREA
95 HP POWER AVAILABLE
SEPARATE WASHROOM
EASY ACCESS FOR TRANSPORT & LOGISTICS
25 ft CLEAR HEIGHT
SUITABLE FOR FACTORY SETUP, WAREHOUSE, MANUFACTURING & INDUSTRIAL USE
CONTACT: 9824728200 (CALL/WHATSAPP)

દમણગંગા ટાઇમ્સ મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Saturday 22, August 2026

# દમણગંગા ટાઇમ્સ

## આજથી દમણમાં મોન્સુન ફેસ્ટિવલ યોજાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૧ :** પ્રદેશ દમણમાં મોન્સૂન ફેસ્ટિવલનું આયોજન કરી રહ્યું છે. આ ફેસ્ટિવલ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજન કાર્યક્રમો યોજાશે.

આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ ૨૩ ઓગસ્ટના રોજ સાંસ્કૃતિક પરેડ હશે. ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે, તેમની સાથે કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક પ્રફુલ્લ પટેલ પણ હાજર રહેશે.

દમણના વિવિધ સમુદાયોના લોકો તેમના પરંપરાગત પોશાકમાં સાંસ્કૃતિક પરેડમાં ભાગ લેશે. પરેડ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક અને રંગબેરંગી કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવશે. પરેડ સાંજે ૬ વાગ્યે નમો પથ પર પ્રિન્સેસ પાર્કથી શરૂ થશે અને ચપલી શેરી સુધી ચાલુ રહેશે.

મોન્સૂન ફેસ્ટિવલ અંતર્ગત, ૨૯ ઓગસ્ટના રોજ મોતી દમણ લાઈટ હાઉસ ખાતે એક મ્યુઝિકલ લાઈવ કોન્સર્ટનું આયોજન કરવામાં આવશે, જેમાં જાણીતા ગાયકો પોતાનું પર્ફોર્મન્સ આપશે.

૩૦ ઓગસ્ટના રોજ નાઈટ માર્કેટમાં લાઈવ બેન્ડ અને વિવિધ પ્રદર્શન, નૃત્ય અને જાદુઈ શો યોજાશે. મોનસૂન ફેસ્ટિવલ દમણમાં પર્યટનને પ્રોત્સાહન આપશે અને સ્થાનિક સંસ્કૃતિ અને કલા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે.

## વાપીમાં સગીર ભત્રીજી સાથે દુષ્કૃત્યના આરોપી કાકાની જામીન અરજી નામંજૂર

**વાપી, તા. ૨૧ :** વાપી ડુંગરામાં ૧૦ વર્ષીય સગીર ભત્રીજી સાથે દુષ્કૃત્ય કેસના આરોપી કાકાની જામીન અરજી વાપીની પોક્સો કોર્ટે ફગાવી દીધી છે. મળતી માહિતી મુજબ ડુંગરા પોલીસ મથક વિસ્તારમાં તા. ૦૬/૦૫/૨૦૨૬ ના રોજ રાત્રે આરોપી ઈમ્તિયાઝ અહદ મોહમ્મદ ખાને પોતાની ૧૦ વર્ષીય ભત્રીજી સાથે દુષ્કૃત્ય આચર્યું હતું. આ અંગે ભોગ બનનારના પરિવારે તા. ૧૦/૦૫/૨૦૨૬ ના રોજ ડુંગરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી ચાર્જશીટ દાખલ કરી હતી.

# હાઈવે સંલગ્ન ગેરકાયદે દબાણો અંગે નોટીસોથી ફફડાટ

**ઉમરગામથી વાઘલધરા વચ્ચે પસાર થતાં હાઈવેની આસપાસ જરૂરી સરકારી મંજૂરી મેળવીને કરવામાં આવેલા કાયદેસરના બાંધકામોને માત્ર આ કાર્યવાહી હેઠળ દૂર કરવામાં આવશે નહીં : હાઈવે ઓથોરીટી સૂત્ર**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૧ : વલસાડ જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર-૪૮ને વધુ પહોળો કરવાની કામગીરીને પગલે હાઈવેની આસપાસના વિસ્તારમાં થયેલા અનધિકૃત બાંધકામો સામે કાર્યવાહી શરૂ થવાના સંકેતો મળતા જમીન માલિકો, બિલ્ડરો અને બાંધકામ ધારકોમાં ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ વાઘલધરાથી ઉમરગામ સુધીના નેશનલ હાઈવે-૪૮ની બંને તરફ રસ્તો પહોળો કરવા માટે અગાઉ કરવામાં આવેલા જમીન સંપાદન તથા હાઈવેની હદને લગતા વિસ્તારોમાં સર્વે હાથ ધરવામાં આવ્યો છે. આ દરમિયાન જરૂરી સરકારી મંજૂરીઓ મેળવ્યા વિના કરવામાં આવેલા મકાનો, કોમર્શિયલ બાંધકામો, શોપિંગ સેન્ટરો, ગોડાઉનો તેમજ ભંગારના ગોડાઉનો સહિતના બાંધકામોની વિગતો એકત્ર કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

નેશનલ હાઈવે ઓથોરિટીની સુરત કચેરી તરફથી આવા બાંધકામો અંગે સંબંધિત જમીન માલિકોને નોટિસ પાઠવવામાં આવતા હાઈવેની આસપાસ બાંધકામ ધરાવતા લોકોમાં ચિંતા વધી છે. કેટલાક જમીન માલિકો, ખેડૂતો તથા બિલ્ડરો દ્વારા આ નોટિસ અંગે બેઠકો યોજી વિરોધની તૈયારી કરવામાં આવી રહી હોવાનું પણ જાણવા મળે છે. દરમિયાન નેશનલ હાઈવે વિભાગના નિવૃત્ત કર્મચારીના જણાવ્યા મુજબ, હાઈવે વિસ્તરણ માટે અગાઉ સંપાદિત કરવામાં આવેલી જમીન અને તેની હદને ધ્યાનમાં રાખીને સર્વે કરવામાં આવી રહ્યો છે. હાઈવેની આસપાસ જરૂરી સરકારી મંજૂરી મેળવીને કરવામાં આવેલા કાયદેસરના બાંધકામોને માત્ર આ કાર્યવાહી હેઠળ દૂર કરવામાં આવશે નહીં. જોકે, મંજૂર થયેલા બાંધકામ કરતાં વધુ બાંધકામ કરવામાં આવ્યું હશે અથવા જરૂરી મંજૂરી વિના બાંધકામ કરવામાં આવ્યું હશે તો તેવા બાંધકામ સામે કાર્યવાહી થઈ શકે છે.

આ સમગ્ર કાર્યવાહીથી વાઘલધરા, વલસાડ,પારડી, ઉદવાડા, વાપી ભીલાડ થી લઈને ઉમરગામના હાઈવેની આજુબાજુના વિસ્તારમાં આવેલ રહેણાંક તેમજ કોમર્શિયલ અને હોટલ ધાબા સંચાલકો માં પોતાના જમીન એને અને પરમિશન ક્યારે મેળવી છે તે ચકાસણી પણ કરી રહ્યા છે

જ્યારે બીજી તરફ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાની સુરત કચેરી દ્વારા વલસાડ ડુંગરી અને વાઘલધરા હાઈવે ની આજુબાજુમાં આવેલા જમીન માલિકો અને મકાન માલિકોને કે, શોપિંગ સેન્ટર ધરાવનારને નોટિસ ફટકારવામાં આવતા ફળફળાટ ફેલાઈ જવા પામ્યો છે અને આ વિસ્તારમાં જમીન ધરાવતા તેમજ મકાન અને કોમર્શિયલ મકાન ધરાવનારાઓમાં મીટીંગ નો દોર શરૂ પણ થઈ જવા પામ્યો છે.

હવે જોવાનું એ રહ્યું છે કે, ખરેખર આ હાઈવે ઓથોરિટી દ્વારા આપવામાં આવેલી નોટિસ માત્ર અનઅધિકૃત બાંધકામ કરનારાઓ કે વર્ષો પહેલા એને જમીન કરવા માટે વહીવટી તંત્ર પાસેથી મેળવેલી તમામ મંજૂરીઓ હોવા છતાં તેઓને પોતાનું મકાન દૂર કરવા માટે આપી રહ્યા છે કે, કેમ તેવા પ્રશ્નો પણ લોકો કરી રહ્યા છે .

## વાપીના નરેન્દ્ર દેઢિયાનું સન્માન કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપીના જાણીતા લેખક અને સાહિત્યપ્રેમી નરેન્દ્રભાઈ અમૃત ટોકરશી દેઢિયાનું તેમના વર્ષોથી ચાલી રહેલા સાહિત્યિક અને લેખન ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ પ્રતિષ્ઠિત પાર્શ્વચંદ્રસૂરીશ્વરજી શિલ્ડ'થી સન્માન કરવામાં આવશે. શ્રી કચ્છી વિસા ઓસવાલ સેવા સમાજ અને પગદંડીના સંયુક્ત ઉપક્રમે આ સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. પગદંડીમાં વર્ષોથી પોતાના વિશિષ્ટ, વિચાર-પ્રેરક અને સાતત્યસભર લેખન દ્વારા અમૂલ્ય યોગદાન આપનાર લેખક-વ્યક્તિ વિશેષોને આ શિલ્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવનાર છે.

જેમાં વાપીના નરેન્દ્રભાઈ દેઢિયાની પસંદગી કરવામાં આવી છે. આ સન્માન સમારંભ આગામી રવિવાર, તા. ૨૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યાથી શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી જૈન મહાજનવાડી, ચિંચપોકળી, મુંબઈ ખાતે યોજાશે. કાર્યક્રમમાં જાણીતા કવિ, ગઝલકાર, ગીતકાર અને અભિનેતા દિલીપ રાવલ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

## વલસાડ જિલ્લામાં અખાદ્ય સામગ્રી મુદ્દે તંત્ર એક્શન મોડમાં







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** જિલ્લાના નાગરિકોને શુદ્ધ, ગુણવત્તાયુક્ત અને સલામત ખાદ્યસામગ્રી મળી રહે તેમજ ગ્રાહકો સાથે કોઈપણ પ્રકારની છેતરપિંડી ન થાય તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (ફૂડ વિભાગ), વલસાડ સર્કલ દ્વારા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી ખાણી-પીણીની વિવિધ પેઢીઓ, હોટલો અને રેસ્ટોરન્ટ્સમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ગંભીર ક્ષતિઓ જણાતાં નિયમોનું ઉલ્લંઘન કરતી પેઢીઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.ફૂડ વિભાગે રામદેવ રેસ્ટોરન્ટ (કિલ્લા પારડી) રસોડામાં ભારે અસ્વચ્છતા તથા પાણીનો રિપોર્ટ અને મેડિકલ સર્ટિફિકેટ રજૂ ન કરી શકતાં પેઢીનો પરવાનો સ્થગિત કરી ધંધો બંધ કરાવાયો. હોટેલ નિત્યાનંદ (ઉમરગામ) અનહાઈજેનિક રસોડું, વાસી ખોરાક અને ફ્રિજમાં ગંદકી જોવા મળતાં પરવાનો સ્થગિત કરી ધંધો બંધ કરાવ્યો, જલારામ ખમણ હાઉસ (તીથલ રોડ, વલસાડ) રસોડામાં ગંદકી અને તેલનું પુનઃ વપરાશ (રી-યુઝ) થતું જણાતાં પેઢીનો પરવાનો સ્થગિત કરવામાં આવ્યો. અનિતા ફાસ્ટ ફૂડ એન્ડ ચાઈનીઝ કોર્નર (ઉમરગામ) અનહાઈજેનિક રસોડું, વાસી ખોરાક અને ફૂડ રજીસ્ટ્રેશન ન હોવાથી ધંધો બંધ કરાવાયો, અરિહંત ગૃહ ઉદ્યોગ (ઉમરગામ)

**જિલ્લાના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે પાંચ દુકાનોનો લાયસન્સ સસ્પેન્ડ : અનેકને નોટીસ ફટકારાઈ**

ગંદકી, અનહાઈજેનિક ઉત્પાદન અને રજીસ્ટ્રેશન ન હોવાને કારણે કામગીરી બંધ કરાવાઈ. આરોડિયા હોટેલ્સ પ્રા. લિ. - હોટેલ ફાઉન્ટેન (પારડી) કન્ટેનર પર લેબલિંગનો અભાવ, પાણી રિપોર્ટ, મેડિકલ સર્ટિફિકેટ અને પેસ્ટ કંટ્રોલ રિપોર્ટ ન હોવાથી નોટિસ ફટકારાઈ, હોટેલ પેપિલોન એલએલપી (વાપી) સ્ટોરેજ કન્ટેનર પર લેબલિંગ, પાણી રિપોર્ટ અને મેડિકલ સર્ટિફિકેટના અભાવે નોટિસ અપાઈ, લક્ષ્મી રેસ્ટોરન્ટ (વાપી) પાણીનો રિપોર્ટ અને મેડિકલ સર્ટિફિકેટ રજૂ ન કરી શકતાં ઈમ્પ્રૂવમેન્ટ નોટિસ અપા તપાસમાં સ્વચ્છતા જાળવતી મળી આવેલી પેઢીઓ તપાસ દરમિયાન વાપી, ઉમરગામ અને વલસાડની ૧૦ જેટલી પેઢીઓમાં નિયમ મુજબ યોગ્ય સ્વચ્છતા જોવા મળી હતી, જેમાં અમીરાસ રેસ્ટોરન્ટ (વાપી), મધુવન રેસ્ટોરન્ટ (વાપી), આરામ રેસ્ટોરન્ટ (ઉમરગામ), પ્રાઈમ ડાઈન રેસ્ટોરન્ટ (વલસાડ), ગજાનંદ ફાસ્ટ ફૂડ સેન્ટર (વલસાડ), શ્રી ઉડિપી રેસ્ટોરન્ટ (વલસાડ), ગોરીલાઝ (વલસાડ), સર્વોત્તમ રેસ્ટોરન્ટ (વલસાડ), એમ/એસ અંબિકા સ્નેક્સ (વલસાડ) અને અરોમા ચાટ્સ એન્ડ સ્નેક્સ (વલસાડ)નો સમાવેશ થાય છે. ડેઝિગ્નેટેડ ઓફિસર દ્વારા જણાવાયું છે કે જિલ્લામાં ખાદ્ય ચીજોનું વેચાણ કરતાં તમામ એકમો સામે આ પ્રકારની સઘન તપાસ ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે.

## વાપીમાં વૃધ્ધાને ઠગી ૧૨ તોલા દાગીના સેરવી બે ઈસમો ફરાર!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપી ટાઉનમાં શુક્રવારે બપોરે આશરે ૧૨ વાગ્યાના અરસામાં મંદિરથી ઘરે જઈ રહેલા એક વૃદ્ધાને ઠગી બાઈક સવાર બે ઈસમો આશરે ૧૨ તોલા સોના દાગીના સેરવી નાશી જવાની ઘટના સામે આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ વાપી ટાઉન હનુમાન મંદિરથી ઘરે જઈ રહેલી એક વૃધ્ધાને અહીંની ગાયત્રી ડેરીથી આગળ ગલીમાં બે બાઈક સવાર ઈસમો ભેટી ગયા હતા જેઓએ વૃધ્ધાને કહ્યું એટલા બધાં દાગીના પહેરી કેમ ફેરો છો, આગળ પોલીસ ચેકીંગ છે કહી દાગીના ઉતારી થેલીમાં મુકવાનું જણાવ્યું વૃધ્ધા એ ગળામાં પહેરેલ સોનાની મોહન માળા, હાથની બે બંગડી તથા બે પટલા ઉતર્યા તો ઠગ ઈસમોએ લાવો સરખા મૂકી દેવ કહી નજર ચૂકવી સાચા દાગીના સેરવી લઈ થેલીમાં ખોટા દાગીના મૂકી નાસી ગયા હતા. થોડી વારમાં વૃધ્ધા ને ભાન થતા તેમણે પરિવારજનોને જાણ કરતા પોલીસ ફરિયાદની તજવીજ હાથ ધરી હતી. આ વૃધ્ધા નાળા રોડ ઉપર ઈલોરા એપાર્ટમેન્ટમાં રહેતાં હોવાનું જાણવા મળ્યું છે.



## દમણથી અમદાવાદ અને મુંબઇ માટે ફ્લાઈટ શરુ થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૧ :** દિલ્હી પછી, દમણનું નમો એરપોર્ટ હવે અમદાવાદ અને મુંબઈ માટે હવાઈ સેવા શરૂ કરવા માટે તૈયાર છે. રાજ્ય પ્રશાસક પ્રફુલ્લ પટેલના નેતૃત્વ હેઠળ, વહીવટીતંત્ર દમણની હવાઈ કનેક્ટિવિટીનો વિસ્તાર કરી રહ્યું છે, જે આ પ્રદેશને દેશના મુખ્ય શહેરો સાથે જોડવામાં મદદ કરશે.

વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, નમો એરપોર્ટથી દિલ્હીની પ્રથમ કોમર્શિયલ ફ્લાઈટ ૧૬ જુલાઈના રોજ શરૂ થઈ હતી. હવે, હવાઈ સેવાનો વિસ્તાર કરીને, એલાયન્સ એર ૨૫ ઓગસ્ટથી દમણ, મુંબઈ અને અમદાવાદ વચ્ચે ફ્લાઈટ્સ શરૂ કરશે. આ સેવા અઠવાડિયામાં ત્રણ દિવસ, મંગળવાર, ગુરુવાર અને શનિવારે કાર્યરત રહેશે. સમયપત્રક મુજબ, ફ્લાઈટ સવારે ૭ વાગ્યે મુંબઈથી ઉપડશે અને ૭:૪૫ વાગ્યે દમણ પહોંચશે. ત્યારબાદ તે સવારે ૮:૧૦ વાગ્યે દમણથી અમદાવાદ માટે રવાના થશે અને ૯:૨૦ વાગ્યે અમદાવાદ પહોંચશે. અમદાવાદથી પ્રલાઈટ બપોરે ૧૨:૩૫ વાગ્યે દમણ માટે રવાના થશે અને ૧:૪૫ વાગ્યે દમણ પહોંચશે. ત્યારબાદ ફ્લાઈટ બપોરે ૨:૧૦ વાગ્યે દમણથી મુંબઈ માટે રવાના થશે અને ૨:૫૦ વાગ્યે મુંબઈ પહોંચશે. નવી ફ્લાઈટ સેવા શરૂ થવાથી દમણના મુસાફરો તેમજ ગુજરાત અને મહારાષ્ટ્રથી દમણ જતા પ્રવાસીઓ અને ઉદ્યોગપતિઓને ફાયદો થશે. આનાથી પર્યટન, વેપાર અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓને વેગ મળવાની અપેક્ષા છે.

## ભાવનગર લઠ્ઠાકાંડ મામલે જિલ્લા કોંગ્રેસનો ઉગ્ર વિરોધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** ભાવનગરમાં બનેલી કથિત લઠ્ઠાકાંડની ગંભીર ઘટનાને પગલે સમગ્ર રાજ્યમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે, ત્યારે વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કાર્યાલય ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનોએ હાથમાં પ્લેકાર્ડ સાથે સૂત્રોચ્ચાર કરી રાજ્ય સરકાર સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો તેમજ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી તાત્કાલિક રાજીનામું આપે તેવી માંગ કરી હતી. પ્રદર્શન દરમિયાન વલસાડ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલે રાજ્ય સરકાર અને પોલીસ તંત્રની કામગીરી સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે દારૂબંધીના અમલ અંગે સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે ગુજરાતમાં કહેવાતી દારૂબંધી માત્ર કાગળ પર રહી ગઈ છે. ગુજરાતમાં મોટા પ્રમાણમાં દારૂનો ગેરકાયદે જથ્થો ઘૂસાડવામાં આવી રહ્યો છે.

રાજ્યમાં દોડતી દરેક ટ્રેનમાં બેરોકટોક દારૂની હેરાફેરી થઈ રહી છે, છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. જો રાજ્યમાં કડક દારૂબંધી હોવાનો દાવો કરવામાં આવતો હોય, તો આટલી મોટી માત્રામાં ઝેરી દારૂ અને નશીલા પદાર્થો લોકો સુધી કઈ રીતે પહોંચે છે? આ સમગ્ર નિષ્ફળતાની નૈતિક જવાબદારી સ્વીકારીને ગૃહમંત્રીએ તાત્કાલિક પોતાના પદ પરથી રાજીનામું આપવું જોઈએ. આ વિરોધ પ્રદર્શનમાં જિલ્લા કોંગ્રેસના હોદ્દેદારો, મહિલા મોરચાના સભ્યો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ ચીમકી ઉચ્ચારી હતી કે જો રાજ્યમાં ગેરકાયદે દારૂના વેચાણ સામે કડક પગલાં નહીં લેવાય, તો આગામી દિવસોમાં આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

## નવસારીમાં ૨ અસામાજિક તત્ત્વો ૨ વર્ષ માટે તડીપાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૧** નવસારી જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવી રાખવા કલેક્ટર મનિષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારી ડૉ. જનમ ઠાકોરે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૫૬, ૫૭ મુજબ કડક કાર્યવાહી હાથ ધરી છે. વિજલપોર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPS, જાનથી મારી નાખવાના પ્રયાસ જેવા ગુનાઓમાં સંડોવાયેલા ફૈઝલ ઉર્ફે બાબુ ચાઈનીઝ ગીરાસીયા (રહે. ગોલવાડ) તથા અંદાજે રૂ.૩૭.૩૮ લાખના વિદેશી દારૂ સંબંધી પ્રોહિબિશનના ત્રણ ગુનાઓ ધરાવતા નિમેષ ઉર્ફે લાલો નાયકા (રહે. વિજલપોર) વિરુદ્ધ તડીપારનો આદેશ જારી કરાયો છે.

તંત્ર દ્વારા આ બંને ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યક્તિઓને સમગ્ર નવસારી જિલ્લાની હદમાંથી બે વર્ષ માટે હદપાર કરવાનો અને તેમના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો હુકમ કરવામાં આવ્યો છે. આદેશ અનુસાર બંને શખ્સોએ ૨૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રાત્રે ૧૧ વાગ્યા પહેલાં નવસારી જિલ્લાની હદ છોડી બહાર જવાનું રહેશે.

**ઈન્ડિયન નેવીમાં કામ અપાવવાના બહાને સાયબર ફ્રોડ કરનાર**

## ચીખલીમાં દુકાનદારના રૂા. ૨૪.૨૬ લાખ પડવાનાર બીલીમોરાનો એક ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૨૧ :** ચીખલી ખાતે આવેલ એક ચશ્મા ની દુકાન ધરાવતા દુકાનદારને ઈન્ડિયન નેવી માં સેફટી સનગ્લાસીસના વેન્ડર તરીકે કામ અપાવવાની વાત કરી ઈન્ડિયન નેવીના અલગ અલગ ખોટા gmail આઈડી બનાવી અલગ અલગ તારીખોએ ઈન્ડિયન નેવીની ઓફિસ આઈએનએસ એગ્રી કોલાબા મહારાષ્ટ્રના અધિકારીઓના ખરા નામનો ખોટા તરીકે ઉપયોગ કરી ચશ્મા ની દુકાન ધરાવતા સંચાલક પાસેથી રૂપિયા ૨૪.૨૬ લાખની માતબર રકમ અલગ અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી લેવાની ઘટનામાં દુકાન માલિકે બીલીમોરાના એક શખ્સ વિરુદ્ધ સાયબર ક્રાઈમ માં ફરિયાદ કરતા પોલીસે બીલીમોરાના યુવાનની ધરપકડ કરી ચીખલી કોર્ટમાં રજૂ કરતા ચીખલી કોર્ટે તારીખ ૨૪. ૮. ૨૬ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી નજીકના થાલા ગામે આવેલ કીર્તિ ચશ્મા ઘર નામની દુકાન ધરાવતા દર્શન રાજેશભાઈ ચંદે ઉ.વ. ૩૪ રહે. ૬૮ સહયોગ સોસાયટી ખુંધ તા. ચીખલી જેઓને રીતીક યોગેશ વ્યાસ રહે. એ/ ૧૪ જય એપાર્ટમેન્ટ નૂતન પાર્ક સોસાયટી ગોહરબાગ બીલીમોરા દ્વારા પોતે મહારાષ્ટ્રના કોલાબા ખાતે આવેલ ઈન્ડિયન નેવી ની ઓફિસમાં સ્ટીલ ફેબ્રિકેશનના વેન્ડર તરીકે કામ કરતો હોવાનું જણાવી ફરિયાદી દર્શન ચંદે ને સેફટી સનગ્લાસીસના વેન્ડર તરીકે કામ અપાવવાની વાત કરી તેમની પાસેથી સેફટી સનગ્લાસીસના સેમ્પલ નું પાર્સલ તેમજ રોકડા રૂપિયા ૩૫,૦૦૦ લઈ ગયો હતો બાદમાં રીતીક વ્યાસે પોતાનાથી સન ગ્લાસીસના સેમ્પલો ખોવાઈ ગયા હોવાનું જણાવી બીજા સેમ્પલ અને રૂપિયા ૫,૭૦૦ મોકલાવી આપવા જણાવતા દર્શન ચંદે એ ફરીથી સેમ્પલ અને રૂપિયા મોકલાવી દીધા હતા દરમિયાન રીતીક વ્યાસે ઈન્ડિયન નેવીની ઓફિસના અધિકારીઓના ખરા નામોનો ખોટા તરીકે ઉપયોગ કરી અલગ અલગ ઈમેલો મોકલાવી રૂપિયા ૨૪.૨૬.૮૮૬ જેટલી રકમ આઈએમપીએસ, યુપીઆઈ, આઈડી તથા આઈ સી આઈ સી આઈ ના બેન્કના ક્રેડિટ કાર્ડ થી રિતિક વ્યાસ, સુનિલ આહારી તથા નીતિશ કુમારના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લઈ તેમજ દર્શન ચંદેના મિત્રો જૈનીશ પ્રવીણ ચૌધરી રહે. ચીખલીના ઓને ઈન્ડિયન નેવીમાં ફૂડસના વેન્ડર તરીકે તેમજ બ્રિજ ધીરેન્દ્ર મહેતા રહે. બીલીમોરા ના ઓને પણ રો કાર્ટીઝના ટેન્ડર અપાવવાના બહાને ઉપરોક્ત ખોટા ઈ-મેલ આઈડી નો ખરા તરીકે ઉપયોગ કરી તેઓની પાસેથી પણ નાણાં પડાવી લીધા હોવાનું બહાર આવતા સદર ઘટના બાબતે દર્શન ચંદે એ સાઈબર ક્રાઈમમાં ફરિયાદ આપતા પોલીસે સદર ઘટનામાં રિતિક વ્યાસની ધરપકડ કરી ચીખલી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તારીખ ૨૪. ૮. ૨૬ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)

Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373

RAJHANS EDUCATION TRUST'S

VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10


12th Year Anniversary

SPECIAL OFFERS

Early Bird Discount
Till 31st March

FREE Textbooks
From Nursery to Std 10

Special Concession
On Admission Fees



Additional Curriculum features

1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days At school's office

vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in

9725295578/9081807258/9316054328

ENROLL NOW

School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**